લુકોમોર્યે

રૂસી
લેખકોની
વાર્તાઓ

લુકોમોર્યે

રુસી
લેખકોની
વાર્તાઓ

'રાદુગા' પ્રકાશન
મોસ્કો

પીપલ્સ બુક હાઉસ
ઘીકાંટા ચાર રસ્તા, રીલીફ રોડ
અમદાવાદ-૩૮૦૦૦૧

અનુવાદ — હસમુખ બારાડી

સજાવટ — ઓલેગ કોરોવિન

ЛУКОМОРЬЕ

Сказки русских писателей

На языке гуджарати

On Seashore Far a Green Oak Towers

A Book of Tales

in Gujarati

સોવિયેત સંઘમાં મુદ્રિત

ISBN 5-05-000756-9

અનુક્રમણિકા

અલેક્સાન્દર પૂશ્કિન. 'સમદર તટને એક વળાંકે...' ('રુસ્લાન અને લ્યુદ્‌મીલા' પદ્યકથાના પુરોવચનમાંથી) ૫
સેર્ગેઈ અક્સાકોવ. 'એક કિરમજી ફૂલ' ૭
અન્તોની પોગોરેલ્સ્કી. 'નાનકડી કાળુડી મરઘી અથવા ભૂગર્ભવાસી લોકો' . ૩૩
વ્લાદીમિર ઓદોયેવ્સ્કી. 'છીંકણીની ડબ્બીમાં નગર' . . ૬૬
મિખાઈલ લેર્મોન્તોવ. 'આશિક-કેરીબ' ૭૪
વ્લાદીમિર દાલ. 'બિલાડાભાઈ અને શિયાળભાઈ' . ૮૫
કોન્સ્તાન્તીન ઉશીન્સ્કી. 'આંધળો ઘોડો' . ૯૦
લેવ તોલ્સ્તોય. 'નેક કાજી' ૯૪
વ્સેવોલોદ ગાર્શિન. 'દેડકીબાઈ આકાશે ઊડયાં...' . . . ૯૮
દ્‌મીત્રી મામિન-સિબિર્યાક. 'ભૂખરી ડોકવાળી બતકડી' . ૧૦૫
નિકોલાઈ ગારિન. 'વાઘના શિકારીઓ' . ૧૧૫
અલેક્સાન્દર કુપ્રીન. 'કિસ્મત' . ૧૧૮





અલેક્સાન્દર પુશ્કિન

સમદર તટને એક વળાંકે...('રુસ્લાન અને લ્યુદ્‌મીલા' પદ્યકથાના પુરોવચનમાંથી)

સમદર તટને એક વળાંકે
    ઊંચા ઊંચા લીલા ઓક—
પંડિત જેવી બિલ્લી ઘૂમે
    સોના સાંકળ બાંધી ડોક!
ધીમે પગલે અહીંથી તહીં
    પંડિત મોટી બિલ્લી ઘૂમે;
ગાય ગતકડું જમણે ફરતાં
    વાર્તા માંડે ડાબે ઘૂમે,
પંડિત મોટી બિલ્લી ઘૂમે!
સમદર તટને અજબ ગજબને એક વળાંકે—



અલેક્સાન્દર પુશ્કિન

સમદર તટને એક વળાંકે...('રુસ્લાન અને લ્યુદ્‌મીલા' પદ્યકથાના પુરોવચનમાંથી)

સમદર તટને એક વળાંકે
    ઊંચા ઊંચા લીલા ઓક—
પંડિત જેવી બિલ્લી ઘૂમે
    સોના સાંકળ બાંધી ડોક!
ધીમે પગલે અહીંથી તહીં
    પંડિત મોટી બિલ્લી ઘૂમે;
ગાય ગતકડું જમણે ફરતાં
    વાર્તા માંડે ડાબે ઘૂમે,
પંડિત મોટી બિલ્લી ઘૂમે!
સમદર તટને અજબ ગજબને એક વળાંકે—

મત્સ્ય-શરીરી કન્યા બેઠી ઝાડ
ચડીને ;
ભૂત-પ્રેત ત્યાં ભટકે મોટા, શિકાર
શોધે,
માણસ-ભક્ષી મહાપશુઓ પગલાં
સૂંઘે
સમદર તટને એક વળાંકે!
મરઘી-પગલે ઘર બાંધીને રહેતી
ડાકણ
બાર નહીં, નહીં બારી એવું —
ઘર બાંધીને મરઘી-પગલે રહેતી
ડાકણ!
જંગલ-ખીણો અડખે પડખે
અજબ ગજબની વાતે વળગે
સૂરજ કિરણે મોજાં ચમકે
ધક્કે ધક્કે રેતી સરકે ...
... પ્રગટ થતા ત્યાં —
પાણીની એ રોનક ભેદી
રૂડા રૂપાળા યોદ્ધા ત્રીસ
સંગાથી છે યુગો પુરાણા
રહેવાસી, ને ગુરુજી મોટા!..
મહાભયાનક ઝાર નમાવી,
રાજકુંવરે બાંધ્યો એને મુશ્કેટાટ ...
મેઘ ઘટાટોપ, સાત સમુંદર, ઘોર
જંગલો
પાર કરીને ઊતરી આવે યોદ્ધો
એક
લોકો સામે જંતરમંતર જાદુ
કરતો ...
કાજળઘેરા નાના ખંડે —
રાજકુંવરી બેસી રોતી
રક્ષે એને વરુ ભૂખરું
સેવા કરતું એની પંડે ...
સ્વયં ચાલતી તોપ મહીં
બેસીને ઊડે
ભૂંડી ડાકણ બાબા-યેગા ...
મહા રાજવી કોશેય એવો
લોભે મરતો
ભંડારો કર્યા કંઈ ભેગા ...
... સમદર તટને એ જ વળાંકે
'રૂસ' પમાતું!
રૂપે, રંગે, ગંધે, દિલે —
'રૂસ' પમાતું!
સમદર તટને એ જ વળાંકે
મેંય કીધી'તી બેઠક લાંબી —
મેંય પીધું મદમાતું મધ!
મેંય નિહાળ્યા લીલા ઓક —
મેંય સાંભળી :
બિલ્લી-કીધી કથા બધીએ
સમદર તટને એક વળાંકે ...



સેર્ગેઈ અકસાકોવ

એક કિરમજી ફૂલ

કોઈ એક દેશના એક રાજ્યમાં એક ધનવાન સંપત્તિવાન વેપારી રહેતો હતો.

અનેક પ્રકારની સંપત્તિનો એ માલિક હતો — સોનાચાંદીનો ખજાનો, મોતી અને અમૂલ્ય પત્થરો, દેશપરદેશની કિંમતી ચીજવસ્તુઓ. આ વેપારીને ત્રણ દીકરીઓ હતી — એક એકથી ચડિયાતી અવર્ણનીય સુંદર! પણ એમાંય ત્રીજી નાની દીકરી તો સૌથી વધુ સુંદર હતી. હીરામોતી ને કિંમતી પત્થરો કે સોનારૂપાના ખજાના — ટુંકમાં બધી સંપત્તિથીય વધારે એની દીકરીઓ આ વેપારીને વ્હાલી હતી. કારણ એની પત્ની

મૃત્યુ પામી હતી, અને એટલે એણે બીજા કોઈને પ્રેમ કરવા જેવું નહોતું. એને બન્ને મોટી દીકરીઓ માટેય પ્રેમ તો હતો જ, પણ સૌથી નાની ખૂબ માયાળુ અને સ્નેહાળ હતી, એટલે પિતાને વધુ વ્હાલી લાગતી હતી.

એક દિવસ આ વેપારી પોતાનો માલસામાન લઈ દુનિયાને ખૂણે ખૂણે વેચવા સમુદ્રની પેલે પાર જવા તૈયાર થયો. ઊપડતાં પહેલાં એણે પોતાની વ્હાલી પુત્રીઓને કહ્યું: "મારી સ્નેહાળ, મીઠી, માયાળુ છોકરીઓ, સમંદરને પેલે પાર વહાણો લઈને હું વેપાર કરવા ઊપડું છું. હું ક્યારે પાછો આવીશ એ કહી શકતો નથી પણ મારી ગેરહાજરીમાં તમે શાંતિથી, સંભાળીને, સદ્વર્તન કરજો. હું પાછો આવીશ ત્યારે તમે ઇચ્છશો એવી ભેટો લેતો આવીશ. ત્રણ દિવસમાં તમે શું જોઈએ છે એ નક્કી કરી લો, અને મને કહો."

તેમણે ત્રણ દિવસ ને રાત વિચાર કર્યો ને પછી દરેકે પોતાની ઇચ્છા પિતાજીને જણાવી. પહેલાં સૌથી મોટી દીકરીએ વિવેકથી માથું ઝુકાવીને કહ્યું: "મારા વ્હાલા પિતાજી, મારે સોનાચાંદીના દોરે વણેલું કિનખાબ નથી જોઈનું, મારે કાળું રૂંછાદાર કાપડ નથી જોઈતું, કે નથી જોઈતાં મનમોહક મોતીઓ. મારે તો કિમતી પત્થર જડેલો સોનેરી મુગટ જોઈએ છે, જે પુનમના ચાંદ કે ચળકતા સૂર્યની જેમ ઝગમગે, ને એમાં અંધારી રાત પણ દિવસ જેવી પ્રકાશિત લાગે."

પ્રમાણિક વેપારીએ થોડી વાર વિચાર કરીને કહ્યું: "ભલે દીકરી, હું તને એવો મુગટ લાવી દઈશ. દરિયાપાર રહેતા એક માણસને હું ઓળખું છું, એ મને એવો મુગટ લાવી આવશે. હા, પરદેશની એક રાજકુમારી પાસે એ મુગટ છે. પત્થરોના પર્વતમાં સાત ફૂટ નીચે એક પાષાણ ઓરડીમાં એને છુપાવીને રાખવામાં આવ્યો છે, એને ત્રણ લોખંડી બારણાં છે, અને એનેય ત્રણ જર્મન તાળાં મારેલાં છે! આ કામ કંઈ સહેલું નથી, પણ મારી પાસે સંપત્તિય અઢળક છે!"

પછી બીજી દીકરીએ માથું નમાવીને કહ્યું: "વ્હાલા પિતાજી, મારેય સોના ચાંદીને દોરે વણેલું કિનખાબ નથી જોઈતું, કે નથી જોઈતાં મનમોહક મોતીઓ. વળી અમૂલ્ય પત્થર, જડેલો મુગટ પણ મારે ન જોઈએ. મારે તો પૂર્વના દેશના પાસાદાર પત્થરનો આયનો જોઈએ છે, એવો પરિશુદ્ધ અને સંપૂર્ણ કે જગતનું સઘળું સૌંદર્ય એમાં દેખાય. એમાં જોવાથી હું કદી ઘરડી ન થાઉં, અને મારી આ તરુણ સુંદરતા વધતી જ જાય."

પ્રમાણિક વેપારી ફરી વિચારમાં પડી ગયો. કેટલીય વારે એણે કહ્યું:

"ભલે બેટા, તારે જોઈએ છે એવો પાસાદાર પત્થરનો આયનો તને લાવી

આપીશ. ઈરાનની રાજકુંવરી પાસે બરાબર એવો જ એક આયનો છે. એ યુવાન રાજકુંવરીનું સૌંદર્ય કોઈ કવિ વર્ણવી શકતો નથી, કે મન કલ્પના કરી શકતું નથી. આ આયનો એક ઊંચા મજબૂત પાષાણી મિનારામાં રાખવામાં આવ્યો છે. એક પર્વતમાં સાતસો વાર ઊંચે આ મિનારો ચણવામાં આવ્યો છે, અને એ આયનો સાત લોખંડી દરવાજા પાછળ બંધ છે, અને એને એકે એક દરવાજે એક એક જર્મન તાળું મારેલું છે. એ મિનારે પહોંચવા ત્રણ હજાર પગથિયાં ચડવાં પડે, અને એ એકેએક પગથિયે પેલા ખજાનાનું રાતદિવસ રક્ષણ કરતો એક એક સારો યોદ્ધો છે, જેના હાથમાં તીક્ષ્ણ પોલાદની મોટી તલવાર છે. વળી પેલા ખજાનાના લોહદરવાજાની ચાવીઓ રાજકુંવરીની કમરે બાંધેલા પટ્ટે લટકે છે. પણ દરિયાપાર એક વ્યક્તિને હું ઓળખું છું, જે મને આ આયનો લાવી આપશે. તારી મોટી બેન કરતાં આ કામ વધુ અઘરું છે, પણ મારી અઢળક સંપત્તિ આગળ એની કોઈ વિસાત નથી."

ત્યાર બાદ ત્રીજી, સૌથી નાની પુત્રીએ પિતાને નમીને કહ્યું:

"મારા વ્હાલા પિતાજી, મારે સોનાચાંદીનું કિનખાબ, સાઇબિરિયાનું રૂંછાંદાર કાળું ફર, રળિયામણો હાર, હીરામોતીનો મુગટ કે પાસાદાર આયનો— એવું કંઈ જોઈતું નથી. મારે તો ફક્ત આખા જગતની સૌથી સુંદર ચીજ— નાનું કિરમજી ફૂલ જ જોઈએ છે."

પ્રમાણિક વેપારીએ ક્યાંય સુધી આ માગણી વિશે ઊંડો વિચાર કર્યો. કેટલો સમય લાગ્યો એ હું કહી શકતો નથી, પણ છેવટે એણે નક્કી કરી લીધું. એણે સૌથી નાની વ્હાલી દીકરીને બાથમાં લેતાં કહ્યું: "જો તારી બન્ને બહેનો કરતાંય આ કામ તો વળી વધુ અઘરું છે. માણસને શું જોઈએ છે એ ખબર હોય તો તો એ એને મળી રહે, પણ ખબર જ ન હોય, તો એ ક્યાંથી મળે? લાલ ફૂલ મળવાં કંઈ દુર્લભ નથી; પણ આવડા મોટા આ જગતનું સૌથી સુંદર કિરમજી ફૂલ કયું એ મને કેવી રીતે ખબર પડશે? હું પ્રયત્ન પૂરો કરીશ, પણ તને એ લાવી આપી ન શકું તો ગુસ્સે ન થતી, બેટા!"

પોતાની એ સદ્‌વર્તની, માયાળુ દીકરીઓને એમના શયનખંડોમાં મોકલીને આ વેપારીએ તો સમંદર પારના દેશોની સફરની તૈયારીઓ આરંભી. એમાં એને કેટલો વખત લાગ્યો, એ હું કહી શકતો નથી, કેમ કે કામ કરતાં એની વાત ઝડપથી થાય. પણ છેવટે એણે શુભ પ્રયાણ કર્યું.


દૂરદૂરના અજનબી વિદેશી રાજ્યોમાં પહોંચી એણે વેપાર માંડયો. પોતાના માલના એણે ત્રણ ગણા દામ ઉપજાવ્યા, અને ત્રીજા ભાગની કિંમતે એણે વળતો

માલ ખરીદ્યો. વસ્તુ સામે એણે વસ્તુ લીધી, અને બદલામાં સોનાચાંદી એને મળ્યાં; એણે સોનાની પાટોથી વહાણો ભરી સ્વદેશ રવાના કર્યાં. પછી એણે સૌથી મોટી દીકરી માટે એની મનગમતી ભેટ મેળવી. અંધારી રાતને દિવસના તેજમાં પલટી નાંખતો, કિંમતી પત્થરો જડેલો સોનેરી મુગટ! ત્યાર બાદ તેણે બીજી દીકરી માટે મનભાવતી ભેટ મેળવી: જગતભરની સુંદરતાનું પ્રતિબિમ્બ ઝીલતો પાસાદાર પત્થરનો આયનો, જેમાં જોવાથી વૃદ્ધત્વ તો અટકે, પણ યૌવનમાંય ઉમેરો થયા કરે! પણ એની ત્રીજી, સૌથી નાની અને વ્હાલી દીકરી માટે એની મનપસંદ ભેટ ક્યાંયથી એને મળી નહીં: આખી દુનિયામાં સૌથી સુંદર એવું નાનકડું કિરમજી ફૂલ ...

રાજા-મહારાજાઓ અને સુલતાનો-ઝારોના બાગબગીચાઓમાં એને એવાં એવાં ફૂલો જોવા મળ્યાં કે જેની વાત શબ્દો કે વાર્તાઓમાં વર્ણવી ન શકાય. પણ કોઈએ એને એવી ખાતરી ન આપી, કે આ કે તે ફૂલ આ જગતનું સૌથી સુંદર ફૂલ છે! એનેય એવો સંતોષ નહોતો થતો. પોતાના વફાદાર નોકરોને લઈને અનેક ઘોર જંગલો અને દરિયા-સમંદરો ખેડતો એ પ્રવાસ કરતો હતો, ત્યાં એક વખત કેટલાક તુર્ક, ઈન્ડીયન અને એવા બદમાશ લૂંટારાઓને એ હાથ પડયો. આવી મુશ્કેલીઓથી ઘેરાઈને આ પ્રમાણિક વેપારી, પોતાના માલ ભરેલા કાફલા તથા વફાદાર નોકરોને છોડીને, ઘનઘોર જંગલમાં ભાગી છૂટયો.

"લોહીચૂસ પરધર્મી લૂંટારાઓને હાથ પડી, એના ગુલામ બની જિન્દગી મારે ટૂંકી નથી કરવી. આના કરતાં તો જંગલી પશુઓને હાથે પીંખાઈ જવું સારું," એને થયું.

અને એમ, મહા મુશ્કેલીએ હરીફરી શકાય એવા ઘટ્ટ જંગલમાં રખડવા માંડયો, પણ જેમજેમ એ અંદર ધૂસતો ગયો તેમ તેમ એમાં આગળ વધવું જાણે સહેલું બનવા માંડયું. કારણ કે વૃક્ષો અને ઘટ્ટ ઝાડીઓ જાણે એને માટે રસ્તો કરી આપતાં હતાં! તે છતાં, જ્યારે પાછું વાળીને જોતો, ત્યારે પોતાનો હાથ પણ ફેલાવી નહોતો શકતો. એ જમણી બાજુ જુએ, તો થડ એટલાં જાડાં અને ઘટ્ટ ઊગેલાં દેખાય કે ફાંગી આંખોવાળું સસલુંય એમાંથી નીકળી ન શકે; એ ડાબી બાજુ જુએ તો બધું એથીય વધારે ઘટ્ટ લાગે! પ્રમાણિક વેપારી બિચારો મુંઝાઈ જતો—એને નવાઈ થતી કે આ શો ચમત્કાર થાય છે! છેવટે એના પગ નીચે દેખાતી પગદંડી પર એ ચાલતો જ ગયો. સવારથી સાંજ સુધી ટાંટિયા તોડયા, પણ એને એકેય જંગલી પશુની ત્રાડ, કોઈ સર્પનો ફૂંફાડો કે ઘુવડનો ઘરઘરાટ કે કોઈ પંખીનો કલરવ સુદ્ધાં સંભળાયાં નહીં. ચારેબાજુ



જાણે સ્મશાન શાંતિ વ્યાપેલી હતી. ત્યાં તો રાતના અંધારાં ઊતર્યાં, અને ચોતરફ કાળું ધબ થઈ ગયું — સિવાય કે એની પગદંડી પર પ્રકાશનો પટ્ટો એને દેખાતો રહ્યો. અર્ધી રાત સુધી એ ચાલતો રહ્યો, અને છેલ્લે એની સામે કંઈક તેજપુંજ જેવું દેખાયું. એને થયું: "આ જંગલમાં ક્યાંક આગ લાગી હોવી જોઈએ. હું મૃત્યુના મુખમાં કેમ ખેંચાતો જાઉં છું?"

એ પાછો વળવા ગયો, પણ એ પાછો ફરી શક્યો નહીં. ચારેબાજુથી જંગલે એને ઘેરી લીધું. જવાય તો ફક્ત આગળ જ જવાય, પેલી પગદંડી ઉપર...

"જો એમ જ હોય," એણે વિચાર્યું: "તો હું અહીં જ ઊભો રહીશ, આ પ્રકાશ ચાલ્યો જાય, મને વટી જાય કે પછી સાવ જ બંધ ભલે થઈ જાય."

અને એ તો એમ જ ઊભો રહી ગયો, રાહ જોતો. પણ પેલો પ્રકાશ જાણે સીધો એની જ સામે આવતો લાગ્યો — આજુબાજુના જંગલને અજવાળતો. ખૂબ વિચાર કર્યા પછી, આગળ વધવાનું એણે સ્વીકારી લીધું. "મૃત્યુ એકવાર તો આવવાનું જ છે," એને વિચાર આવ્યો. પોતાના ઈષ્ટદેવને ક્રૉસ કરીને વેપારી આગળ વધ્યો. એને પગલે પગલે પ્રકાશ વધતો ગયો, અને છેવટે દિવસ જેટલું તેજ એને જણાયું. છતાંય એને કોઈ અવાજ કે અગ્નિનો તડતડાટ ન સંભળાયો. છેવટે એ વિશાળ ખુલ્લા ભાગમાં આવી પહોંચ્યો, અને એના કેન્દ્રમાં એને અદ્ભુત દૃશ્ય નજરે ચડયું: કોઈ ઘર કે બંગલો નહીં, પણ રાજા-મહારાજાનો હોય એવો એક સુંદર મહેલ — સોનાચાંદી અને અમૂલ્ય પત્થરોથી જગમગતો! એમાં ચમકદમક બહુ હતી, પણ ક્યાંય અગ્નિ નજરે નહોતો ચડતો. જાણે ઝળહળતા સૂરજની સામે એ જોતો હતો. અને એનું તેજ આંખને આંજી નાખતું હતું. મહેલની બધી બારીઓ ખુલ્લી હતી, અને અશ્રુતપૂર્વ મધુરું સંગીત એમાંથી વહેતું હતું. એ મહેલના ભવ્ય ખુલ્લા દરવાજામાંથી વિશાળ પ્રાંગમાં પ્રવેશી શ્વેત આરસપહાણને રસ્તે એ આગળ વધ્યો. એની બેય બાજુએ નાના મોટા ફુવારાઓ હતા અને રસ્તાને ભીંજવતા હતા. લાલ જાજમ પાથરેલા પગથિયાં ચડીને એ મહેલમાં દાખલ થયો. પગથિયાંને કઠેડેય સોનાનું પતરું લગાવેલું હતું. સાવચેતીથી એક ને પછી બીજો, ને પછી ત્રીજા ખંડમાં એ ગયો. પણ ત્યાં કોઈ નહોતું. પછી પાંચમો અને એમ દસમો ખંડેય નિર્જન હતો. છતાં એ દરેક જગ્યાએ શાહી રાચરચીલું હતું, જેવું એણે કદી જોયું નહોતું, — સોના રૂપાનું, પૂર્વના દેશોના પાસાદાર પત્થરોનું, હાથીદાંત કે એવાં વિશાળકાય પ્રાણીઓનાં દાંતનું બનાવેલું!

આવી અભૂતપૂર્વ સંપત્તિથી પ્રમાણિક વેપારીને નવાઈ થઈ, અને એથીય

ભારે નવાઈ તો એ થઈ કે ક્યાંય કોઈ માલિક કે પછી કોઈ નોકરોય એની નજરે ન ચડયા. તે છતાં વાતાવરણમાં સંગીત લહેરાતું હતું. વેપારીએ સ્વગત કહ્યું:

"આ બધું તો જાણે રળિયામણું છે, પણ ભોજન માટે કંઈ નથી."

આટલું હજી એ બોલી લે છે, ત્યાં એને એક ટેબલ દેખાયું—સોનારૂપાનાં વાસણોમાં અનેક વિશિષ્ટ મિઠાઈઓ; વિદેશી મદ્ય અને દારૂથી ભરપૂર! ભૂખ્યોડાંસ આ વેપારી તુરત જ ટેબલે બેસી ગયો, અને પેટભરીને એણે ખાધુંપીધું. ભોજન અવર્ણનીય રીતે સ્વાદિષ્ટ હતું, માણસને એની જીભ ચાવી જવાનું મન થઈ જાય એવું. જંગલ અને રેતીમાં થઈને લાંબી મુસાફરી ખેડી, એ થાકીને લોથપોથ થઈ ગયો હતો. જમીને એ ઊભો થયો, પણ આ આતિથ્ય બદલ એનો આભાર સ્વીકારવા ત્યાં કોઈ નહોતું. હજી એ ઊભો થાય છે ત્યાં તો સામેનું ટેબલ અને એની ઉપરનું બધું અદૃશ્ય બની ગયું—જાણે એમાંનું ત્યાં કંઈ જ નહોતું. આ દરમ્યાન પણ મધુરું સંગીત તો અવિરત ચાલુ જ હતું.

આ બધા ચમત્કારોથી પ્રમાણિક વેપારી આશ્ચર્યમાં ગરકાવ બની ગયો હતો. પછી મનોહર ખંડોમાંથી પસાર થતાં, એને વિચાર આવ્યો:

"હવે થોડું આરામ કરવા અને ઊંઘવા મળે તો કેવું સારું!"

ને જુઓ ત્યાં જ, એની સામે પલંગ ખડો થઈ ગયો—શુદ્ધ સોનામાંથી કોતરેલો, પાસાદાર પત્થરને પાયે ઊભેલો, હીરામોતી જડેલો રૂપેરી ચંદરવાવાળો! એના ગાદલાં તો સુંવાળા હંસના પીંછામાંથી બનાવેલાં અને ટેકરીઓ જેવાં ઊંચા! વળી આવો અવનવીન ચમત્કાર જોઈને તો વેપારી મોંમાં આંગળાં નાંખી ગયો. પણ એણે તો પેલા ઊંચા ગાદલે લંબાવ્યું, અને મુલાયમ રેશમી ચંદરવો એણે ઓઢી લીધો. તરત જ એ ખંડમાંનું અજવાળું ઓસરવા માંડયું. અને સંગીત ધીમું પડયું. અને એને વિચાર આવ્યો: હવે ફક્ત હું મારી દીકરીઓને—ભલેને સ્વપ્નામાંય—મળી શકું તો?

એ જ પળે એને બરાબરની ઊંઘ ચડી. વેપારી જાગ્યો ત્યારે સૌથી ઊંચા વૃક્ષની માથે સૂરજ ક્યારનો ચડી ગયો હતો. પહેલાં તો એને ખબર જ ન પડી, કે એ ક્યાં સૂતો છે. આખી રાત એને પોતાની દીકરીઓ જ યાદ આવ્યા કરી હતી—માયાળુ, રૂપાળી અને વ્હાલી. સ્વપ્નામાં એણે જોયું કે પહેલી અને બીજી દીકરી આખો દિવસ મોજમજા કર્યા કરતી હતી, પણ એની ત્રીજી નાની વ્હાલી દીકરી દુ:ખી હતી. એને એ પણ દેખાયું, કે બન્ને મોટી દીકરીઓને ધનિક યુવાનોનાં માગાં આવ્યાં હતાં, અને પિતાજીના આશીર્વાદ વિના જ એ પરણી જવાની હતી. પણ સૌથી નાની દીકરી—રૂપાળી અને વ્હાલી—એના પિતાજી

પાછા ન આવે ત્યાં સુધી કોઈનાં માગાં કાને ધરતી નહોતી, આમ એને એક બાજુથી આનંદ અને બીજી બાજુથી દુ:ખ થયા કરતું હતું.

એ પથરીમાંથી ઊતર્યો કે તુરત જ એને માટે કપડાં તૈયાર હતાં. પાસાદાર પત્થરના વાસણમાં પાણીનો ફુવારો ઊડતો હતો. એણે નાહીધોઈને કપડાં બદલી લીધાં. અને એ પછી તો આ કોઈ ચમત્કારોની એને નવાઈ ન રહી. ટેબલ પર મિઠાઈઓ અને ચા-કોફી તૈયાર હતાં. પ્રભુને પ્રાર્થના કરી, પેટ ભરીને એણે નાસ્તો કરી લીધો, અને પછી બાકીનો મહેલ જોવા નીકળ્યો. સોનેરી સૂર્ય પ્રકાશમાં મહેલનું સૌંદર્ય નિહાળતાં એને આગલી રાત કરતાં એ વધારે મનમોહક લાગ્યું. ખુલ્લી બારીઓમાંથી અપૂર્વ સુંદર એવા ફળફૂલોથી લચકતાં વૃક્ષોનાં બગીચાઓ એની નજરે પડયા. એમાં ફરવાની એને ઇચ્છા થઈ આવી.

મહેલની બીજી સીડીએથી એ નીચે ઊતર્યો. આ સીડીને લીલા સંગેમરમરનાં પગથિયાં, તાંબાનો કઠેડો અને સોનેરી પતરાં જડેલી થાંભલીઓ હતી. ત્યાંથી એ સીધો હરિયાળા બગીચાઓમાં ઊતર્યો ત્યાં વૃક્ષો ઉપર એવાં લાલ અને પાકાં-પાકાં ફળો હતાં કે એને જોતાં જ મોંમાં પાણી છૂટવા લાગ્યું. પૂર્ણ રીતે ખીલેલાં ફૂલો પણ અનેક રંગી, સુગંધી હતાં! જાણે લીલાં અને જાંબલી મખમલ પર સોનુંરૂપું જડેલું હોય એવાં અજનબી પંખીઓ ઊડાઊડ કરતાં, પાણીના ફુવારા એટલે ઊંચેથી પાણી ઉડાડતાં હતાં, કે એને જોવા માણસે માથું ઊંચું ધરી રાખવું પડે. અને નાનાં સ્વચ્છ ઝરણાં આમતેમ ખળખળ વહી રહ્યાં હતાં.

પ્રમાણિક વેપારી આ બધી અજાયબીઓને અહીંથી તહીં ને તહીંથી અહીં નિહાળતો, આશ્ચર્યમાં ગરકાવ થઈને ચાલતો હતો. શું જોવું ને શું સાંભળવું એની જ એને ગતાગમ નહોતી પડતી. એ ક્યાં સુધી ચાલ્યો, એ તો હું તમને નહીં કહી શકું. અને કામ કરતાં તો વર્ણન કરવું સહેલું જ છે. પણ ત્યાં જ ઓચિંતી એની નજર પડી. ઘાસથી છવાયેલા એક ટેકરા ઉપર હતું કિરમજી ફૂલ! શબ્દોમાં એના સૌંદર્યનું વર્ણન થઈ શકે તેમ નહોતું. પ્રમાણિક વેપારીનું હૃદય પળવાર તો અટકી ગયું. એ ફૂલની નજીક ગયો. એની ખુશબો આખા બગીચામાં સુગંધીદાર વહેણની જેમ હવામાં પ્રસરી રહી હતી. એના હાથ અને પગ ધ્રૂજ્યા — મોંમાંથી આનંદનો ઉદ્ગાર નીકળી પડયો:

"તો આ છે નાનકડું કિરમજી ફૂલ — જગતનું સૌથી સુંદર ફૂલ — જે મારી વ્હાલી નાની દીકરીએ મને લાવવાનું કહ્યું છે."

આવું બોલતાં એણે આગળ વધીને એ નાનકડું કિરમજી ફૂલ ચૂંટી લીધું. બરાબર એ જ પળે, આકાશમાં એકેય કાળું વાદળું નહોતું તો પણ, વીજળીનો

કડાકો થયો અને એની પગ નીચેની ધરતીય ધ્રૂજી ઊઠી. અને જાણે પૃથ્વીમાંથી ઊઠયું હોય તેમ વેપારી સામે ખડું થયું એક પ્રાણી — નહીં પશું કે નહીં માનવી — પણ આખે શરીરે કેશવાળી હોય એવો એક રાક્ષસ, જેને જોતાં જ ફફડી મરાય! એણે ભારે જંગલી ત્રાડ નાંખતાં કહ્યું:

"આ તેં શું કર્યું? મારા બગીચાના આ સૌથી પવિત્ર અને મારા ગમતા ફૂલને તોડવાની તેં હિંમત ક્યાંથી કરી? મારી આંખ કરતાંય વધુ જતન કરીને મેં એને ઉછેર્યું છે. એને જોઈને રોજ મને સંતોષ થતો. હવે તેં મારા જીવનનો બધો આનંદ ઝુંટવી લીધો છે. આ મહેલ અને આ બગીચાનો હું માલિક છું. મેં તને માનપૂર્વક અહીં આવકાર્યો, તને ભોજન અને આરામ આપ્યાં. પણ મારી ભલમનસાઈનો તું આવો બદલો મને આપે છે? તો હવે તારું બદકિસ્મત પણ તું જાણી લે. તારા આ ગુન્હા બદલ તારું હવે અકાળ મૃત્યુ થશે, જા!"

અને ચારેય બાજુથી એવા જ જંગલી અવાજોનું વૃંદ બોલી પડયું:

"તારા આ ગુન્હા બદલ, હવે તારું અકાળ મૃત્યુ થશે!"

પ્રમાણિક વેપારીના દાંત બીકના માર્યા ધ્રૂજવા માંડયા. એણે ચારેબાજુ જોયું તો એકે એક વૃક્ષ અને ઝાડીમાંથી, પાણી અને જમીનમાંથી અનેક એવા દુષ્ટ આત્માઓ, ભયાનક રાક્ષસો એના તરફ આવી રહ્યા હતા. પેલા મહાકાય અને ભયંકર રાક્ષસ સામે ઘૂંટણીએ પડી એણે દયા યાચના કરી.

"માલિક! ભગવાન, પ્રમાણિક પિતા, આ જંગલના મહાપશુ!.. દેવ! આપને કેવી રીતે સંબોધવા એની મને જાણ નથી. મારી નિર્દોષ હિંમત બદલ મારા પ્રમાણિક આત્માનો નાશ નહીં કરશો, મને કાપી ન નંખાવશો કે મારી હત્યા ન કરશો! પણ મારી આટલી અરજ સાંભળો: મારે ત્રણ દીકરીઓ છે — ત્રણેય કુંવારી, રૂપાળી અને માયાળુ અને મેં એ ત્રણેયને માટે એક એક ભેટ લઈ જવા વચન આપ્યું હતું! મોટી દીકરીને હીરા જડિત મુગટ, વચલીને પાસાદાર આયનો અને સૌથી નાનીને એક નાનું કિરમજી ફૂલ — જેના સૌંદર્યનો જગતમાં ક્યાંય જોટો ન જડે. એમાંથી મારી બન્ને મોટી દીકરીઓ માટેની ભેટો તો મને મળી ગઈ છે, પણ ખૂબ સંશોધનને અંતેય મારી નાની દીકરી માટેની ભેટ મને નથી મળી. પછી એવું કિરમજી ફૂલ મને આપના આ બગીચામાં મળ્યું! આ સુંદર ફૂલ આખી દુનિયામાં અજોડ છે. અને એટલે મને વિચાર આવ્યો કે આપના જેવા સંપત્તિવાન, ગૌરવશાળી અને શક્તિમાન માલિક મારી વ્હાલી દીકરીએ માગેલા આ નાનકડા કિરમજી ફૂલ માટે તો વાંધો નહીં જ લે! મારા એટલા ગુન્હાનું આપ નામદાર સમક્ષ હું પ્રાયશ્ચિત કરું છું. મને ક્ષમા કરો — કારણ

કે હું મૂરખ અને અબુધ છું. મારી વ્હાલી દીકરીઓ પાસે જવા મને મુક્ત કરો; અને નાની દીકરી માટે આ કિરમજી ફૂલ લઈ જવા છૂટ આપો. એ માટે આપ કહેશો એ કિંમત હું સોનાના સિક્કાઓમાં આપવા તૈયાર છું."

"મારે તારા સોનેરી સિક્કાઓની કંઈ જરૂર નથી; મારી સંપત્તિને જ રાખવાની મારી પાસે પૂરતી જગ્યા નથી. અને દયાની યાચનાય મારી પાસે કરીશ નહીં, મારા વફાદાર નોકરો તારા ટુકડેટુકડા હવે કરી નાંખવાના છે! હા, પણ એક રસ્તો છે. હું તને સાજોનરવો તારે ઘેર પાછો જવા દઉં, વળી તને અકથિત સંપત્તિનું પારિતોષિક આપું અને પેલું નાનકડું કિરમજી ફૂલ પણ લઈ જવા દઉં, જો—તું પ્રમાણિક વેપારી તરીકે મને વચન આપે, અને હાથ દઈને પ્રતિજ્ઞા લે કે તારી જગ્યાએ તારી કોઈ એક દીકરીને તું મોકલીશ. હું એને કોઈ ઈજા નહીં કરું, એને માન અને સ્વાતંત્ર્યથી રાખીશ, જેમ તને મારા મહેલમાં મેં રાખ્યો છે. હું અહીં સાવ એકલો છું. અને મારે કોઈ સાથીદાર જોઈએ છે."

આ સાંભળીને વેપારી ધરતી પર લાંબોચટ્ટ થઈને સુઈ ગયો. આંખમાંથી અશ્રુધારા વહેવા લાગી. એણે જ્યારે જંગલના એ મહાપશુને જોયો અને એની વ્હાલી કુમળી દીકરીઓને યાદ કરી ત્યારે એ મોટેથી રડવા માંડયો... કારણ કે આ મહાપશુ ખૂબ જ ભયાનક હતું. જમીન પર પડયો પડયો આ પ્રમાણિક વેપારી ક્યાંય સુધી આંસુ સારતો રહ્યો; પણ પછી એણે દયાજનક અવાજે કહ્યું:

"જંગલના ઓ મહાપશુ! માલિક મારા! પણ ધારો કે મારી દીકરીઓ પોતાની મેળે અહીં ન આવે તો? મારે શું એના હાથપગ બાંધીને પરાણે આપની પાસે મોકલવી કે? અને અહીં આવવા માટે એમણે કયો રસ્તો લેવો? અહીં પહોંચતાં મને બે વરસ લાગ્યા. પણ હું ક્યાં ક્યાં થઈને આવ્યો હોઈશ એય મને યાદ નથી."

જંગલના એ મહાપશુ એ વેપારીને કહ્યું: "મારે કોઈ ગુલામડી યુવતીનું અહીં કામ નથી. તારા પ્રત્યેના પ્રેમને લીધે તારી છોકરી સ્વેચ્છાથી અહીં ભલે આવે; અને જો એ રીતે એ ન આવે, તો તારે ખુદ પાછા આવવું પડશે, એ પછી હું તને ક્રૂર રીતે રહેંસી નાંખીશ. અહીં કેવી રીતે આવવું એની ચિંતા તું ન કરીશ. હું તને આ મારી વીંટી આપું છું. એને જે પોતાના જમણા હાથની ટચલી આંગળીએ પહેરશે, એ આંખના પલકારામાં ઈચ્છશે ત્યાં પહોંચી શકશે. હું તને તારે ઘેર જઈ આવવા ત્રણ દિવસ અને ત્રણ રાતની મહેતલ આપું છું."

વેપારીએ ક્યાંય સુધી ઊંડો વિચાર કર્યો અને અંતે એણે નક્કી કર્યું: "હું મારી દીકરીઓને મળું અને પિતા તરીકે આશીર્વાદ આપું એ બહેતર છે. અને

પછી જો તેઓ મને મૃત્યુના મુખમાંથી ઉગારવા તૈયાર ન હોય તો પ્રમાણિક ખ્રિસ્તીની જેમ, આપની—જંગલના મહાપશુની—તહેનાતમાં મારા મૃત્યુને ભેટવા સજ્જ થઈને આવીશ ...”

એના હૃદયમાં કોઈ પાપ નહોતું, અને આ વિચારો એણે મોટેથી કહ્યા. આમેય એના મનમાં શું ચાલી રહ્યું હતું એ જંગલનો મહાપશુ જાણતો તો હતો જ; એને ખબર હતી કે વેપારી પ્રમાણિક હતો! કોઈ લેખિત પ્રતિજ્ઞા લીધા વિના, એણે આંગળીઓથી વીંટી ઉતારી વેપારીને આપી.

વેપારીએ હજી તો એ વીંટી એના જમણા હાથની ટચલી આંગળીએ પહેરીયે નહોતી, ને ત્યાં તો એ પોતાના વિશાળ પ્રાસાદને આંગણે પહોંચી ગયો! બરાબર એ જ વખતે એના સમૃદ્ધ કાફલા, અને વફાદાર નોકરોય આવી પહોંચ્યા. એ જેટલું લઈને નીકળ્યો હતો, એના કરતાં ત્રણ ગણી કિંમતનો ખજાનો અને માલસામાન એ કમાઈ લાવ્યો હતો. એના પ્રાસાદમાં તો ભારે ધમાલ મચી પડી: સોનેરી રૂપેરી દોરેથી રેશમી કપડાં પર ભરતગૂંથણ કરી રહેલી એની દીકરીઓ, બધું છોડીને કૂદી પડી, અને પિતાજીને ભેટવા દોડી વળગી પડી અને ચૂમીઓ લીધી. જોકે સૌથી નાની કરતાં બન્ને મોટી દીકરીઓ વધારે દેખાડો કરતી હતી. એમના ધ્યાનમાં તરત જ આવ્યું કે કંઈક ગડબડ છે. પિતાજીના મન ઉપર કોઈક વેદનાનો ભાર છે... બેઉ મોટી દીકરીઓએ ચિંતાતુર થઈને પૂછ્યું કે આપની સંપત્તિને તો કાંઈ નુકસાન થયું નથી ને? પણ નાની દીકરીનું ધ્યાન પિતાની સંપત્તિમાં નહોતું. એણે પિતાજીને પૂછ્યું:

“તમારી સંપત્તિનું મારે કંઈ કામ નથી; ધનદૌલત તો ફરી પણ કમાઈ લઈ શકાય. પણ તમારે હૈયે કઈ એવી વ્યથા છે એ મને કહો.”

વેપારીએ પોતાની વ્હાલી સારી દીકરીઓને જવાબ આપ્યો:

“મેં મારી વિપુલ સંપત્તિમાંથી કંઈ ગુમાવ્યું નથી; ઊલટું એને ત્રણ કે ચાર ગણી મેં કરી છે. પણ બીજી એક વેદના છે મને. એ હું તમને કાલે કહીશ. આજે તો આપણે બધાં મોજમજા કરીએ.”

તેણે પ્રવાસની લોહપેટીઓ અંદર લઈ આવવા હુકમ કર્યો: સૌથી મોટી દીકરી માટે એણે કિંમતી પત્થરો જડેલો સોનેરી મુગટ બહાર કાઢયો. અરબી સોનાનો એ મુગટ અગ્નિમાં ઓગળે નહીં અને પાણીમાં કાટ ન લાગે. પોતાની બીજી દીકરી માટે પૂર્વના દેશોમાં મળે એવા પાસાદાર પાષાણમાંથી બનાવેલ આયનાની ભેટ કાઢી; અને સૌથી નાની દીકરી માટે સોનેરી ફૂલદાનીમાં નાનકડું કિરમજી ફૂલ કાઢયું. મોટી દીકરીઓ તો તુરત જ એ ભેટો લઈને પોતાના ખંડોમાં

દોડી ગઈ, અને મન ભરાય ત્યાં સુધી એનો અજમાયેશ કરતી રહી. પણ ત્યાં નાની દીકરી નાનકડા કિરમજી ફૂલને જોઈ જોરથી ધ્રૂજવા માંડી, અને એનું હૃદય ભાંગી પડે એ રીતે એ રડવા માંડી ત્યારે એના પિતાએ એને કહ્યું: "તને શું થયું છે બેટા? તને પસંદ હતું, એવું ફૂલ મેં તને લાવી આપ્યું તોય તું એને લેતી કેમ નથી? આનાથી વધુ સુંદર એકેય ફૂલ આખા જગતમાં નથી."

નાની દીકરીએ અચકાતાં અચકાતાં કિરમજી ફૂલ લીધું અને પિતાનો હાથ ચૂમ્યો. વેદનાનાં ગરમ ગરમ આંસુ એની આંખોમાંથી દડવા માંડયાં. પછી બન્ને મોટી દીકરીઓ અંદર આવી, એમના આનંદ ઉલ્લાસનો કોઈ પાર નહોતો કારણ કે પિતાએ લાવેલી ભેટો એમણે પૂરી તપાસી જોઈ હતી. એ પછી ભરેલા ગૂંથેલા કપડાંથી આચ્છાદિત ટેબલે બધાં બેઠાં. ટેબલ ઉપર એક એકથી ચડિયાતી મિઠાઈઓ અને મદ્ય રાખવામાં આવ્યા હતા. બધાંએ ખૂબ મોજથી ખાધું પીધું, તાજામાજા થયાં અને દીકરીઓએ મીઠી વાતોથી પિતાને આશ્વાસન આપ્યું.

સાંજ પડવા આવી ત્યારે મહેમાનો પધાર્યા, વેપારીના મિત્રો, સંબંધીઓ અધરાત સુધી બધાં બેઠાં, વાતો કરી, આમ તો એ ભવ્ય ભોજન સમારંભ જેવું જ થઈ ગયું. એવો સમારંભ પ્રમાણિક વેપારીએ એના મહેલમાં કદી જોયો નહોતો. બધાંની જેમ વેપારીનેય આશ્ચર્ય થયું હતું કે એમાં અભૂતપૂર્વ સ્વાદિષ્ટ માંસની વાનીઓ અને મિઠાઈઓ એને ત્યાં આવ્યાં ક્યાંથી?

સવારે વેપારીએ એની સૌથી મોટી દીકરીને બોલાવી, પહેલેથી છેલ્લે સુધી પોતાના સાહસોની વિગતે વાત કરી અને પૂછ્યું કે જંગલના પેલા મહાપશુ સાથે જીવીને, એ પોતાને ભયાનક મૃત્યુમાંથી ઉગારશે કે કેમ? પણ સૌથી મોટી દીકરીએ તો તદ્દન ઇન્કાર જ કરી દીધો: "જેણે નાનકડું કિરમજી ફૂલ મંગાવ્યું, એ દીકરીને જ ત્યાં મોકલો, એ ભલે પિતાજીની જિંદગી બચાવે."

પછી પ્રમાણિક વેપારીએ એની બીજી દીકરીને બોલાવી, પોતાની વીતક કથા કહી, પૂછ્યું કે જંગલના પેલા મહાપશુ સાથે જીવીને એ પોતાને ભયાનક મૃત્યુમાંથી ઉગારશે કે? પરંતુ બીજી દીકરીએ પણ એવો જ ઇન્કાર કર્યો:

"જેણે નાનકડું કિરમજી ફૂલ મંગાવ્યું એ દીકરી ભલે ત્યાં જાય અને પિતાજીની જિંદગી બચાવે!" ને પછી પ્રમાણિક વેપારીએ એની ત્રીજી દીકરીને બોલાવી, અને પહેલેથી છેલ્લે સુધી માંડીને વાત કરી. પિતાજીએ હજી વાત પૂરી પણ નહોતી કરી, ત્યાં એની વ્હાલી ટચૂકડી દીકરીએ ધૂંટણીએ પડીને કહ્યું:

"પિતાજી, મને તમારા આશીર્વાદ આપો. હું પેલા જંગલના મહાપશુ પાસે જઈએ, અને એની સાથે રહીશ. તમે મારા માટે એ કિરમજી ફૂલ લાવ્યા



હતા, અને હવે તમને ઉગારવા એ મારી ફરજ છે." પ્રમાણિક વેપારીની આંખમાં આંસુ ધસી આવ્યાં, એણે વ્હાલી દીકરીને બાથમાં લીધી:

"મારી વ્હાલી નાની દીકરી, ભયાનક મૃત્યુના મુખમાંથી તારા પિતાજીની જિંદગી બચાવી લેવા બદલ, અને જંગલના એ મહાભયાનક પશુની સાથે સ્વેચ્છાથી જીવવાની તૈયારી બતાવવા બદલ તારા ઉપર પરમ પિતાના આશિષ હોજો! એના રાજપ્રાસાદમાં ખૂબ માનમરતબા અને આરામથી તું રહેજે, પણ એ પ્રાસાદ ક્યાં છે એ કોઈ જાણતું નથી; તેમ કોઈ કહી શકે તેમ નથી. કારણ કે ઘોડા ઉપર કે પગે ચાલીને ત્યાં જઈ ન શકાય; વળી કોઈ ફાળ ભરતું પશુ કે ઝડપથી ઊડતું પંખી પણ ત્યાં પહોંચી શકે તેમ નથી. તને અમારા અથવા અમને તારા કોઈ ખબર અંતર નહીં મળે. તારો આ મીઠડો ચહેરો મને જોવા નહીં મળે, તારા આ કુમાશભર્યા શબ્દો સાંભળવા નહીં મળે. એની રોજની નારાજી હું કેમ જીરવી શકીશ, એની મને ખબર નથી. તને જાણે હું જીવતી જાગતી ધરતીમાં દાટી દઈ રહ્યો હોઉં, એ રીતે આપણે છુટ્ટાં પડી રહ્યાં છીએ."

અને વેપારીની નાનકડી વ્હાલી દીકરીએ જવાબ દીધો:

"મારા વ્હાલા પિતાજી, તમે રડો નહીં, જરાય કોચવાઓ નહીં. હું ત્યાં સુખ અને આરામથી જીવીશ; મને જંગલના એ મહાપશુની બીક નહીં લાગે, વફાદારીપૂર્વક એની હું સાચી સેવા કરીશ, એની બધી ઇચ્છાઓ પૂરી કરીશ; પછી શક્ય છે કે મારી એને દયાય આવવા માંડે. હું જાણે મરી ગઈ હોઉં, એમ તમે મારો શોક ન કરો,—હજી તો હું જીવતી છું; અને કોને ખબર, ઈશ્વરેચ્છા હશે તો, હું તમારી પાસે પાછીય આવી પહોંચું!"

પ્રમાણિક વેપારીને એના આ દિલાસથી સંતોષ ન થયો, એનું હૈયું ભાંગી પડે એ રીતે ડૂસકાં ભરતો રડવા લાગ્યો.

બન્ને મોટી બહેનો દોડતી આવી, એમની ચિચિયારીઓ જાણે આખું ઘર ભરી દેતી હતી: હા, પોતાની નાની બહેનનું એમને ખૂબ પેટમાં બળતું હતું! અને છતાં, નાની બહેને દુ:ખની એક રેખાય મોં પર આવવા ન દીધી; ન એ રડી, ન એણે નિસાસો નાંખ્યો; ઊલ્ટું, પોતાની દીર્ઘ અનિશ્ચિત યાત્રા માટે એ તૈયારીઓ કરવા લાગી; એણે પેલું કિરમજી ફૂલ સોનેરી ફૂલદાનીમાં પોતાની પાસે રાખ્યું. ત્રણ દિવસ અને ત્રણ રાત તો જોતજોતામાં પૂરા થઈ ગયા. નાનકડી વ્હાલી દીકરીને વિદાય આપવાની ઘડી આવી પહોંચી. વેપારીએ એને ખૂબ ચૂમીઓ કરી. છાતીસરસી ચાંપી, આંસુઓથી નવડાવી અને પિતા તરીકે અનેક આશીર્વાદો એના પર વરસાવ્યા. પછી એક લોખંડી પેટીમાંથી

જંગલના એ મહાપશુએ આપેલી વીંટી બહાર કાઢી, અને દીકરીના જમણા હાથની ટચલી આંગળીમાં પહેરાવી. વીંટી જેવી પહેરાવી કે તુરત જ એ પોતાની બધી ચીજવસ્તુઓ સાથે અદૃશ્ય થઈ ગઈ.

અને પહોંચી ગઈ એ તો જંગલના મહાપશુના પ્રાસાદના એના ઊંચા પાષાણી ખંડમાં! પાસાદાર પાષાણના પાયાવાળા, કોતરકામ કરેલા સોનેરી પલંગ પર એ હવે બેઠી હતી, એના પર હંસોના કોમળ પીંછા ભરેલ રજાઈઓ હતી, એના પર સોનેરી કિનખાબનું આવરણ હતું. જાણે એ પહેલેથી જ ત્યાં રહેતી હતી, અને હમણાં જ નિદ્રામાંથી જાગી છે! મધુરું સંગીત વાતાવરણમાં વહેતું હતું. જિંદગીમાં ક્યારેય એવું સંગીત એણે સાંભળ્યું નહોતું.

પંખીઓનું મુલાયમ પીંછાઓમાંથી બનાવેલ પલંગેથી નીચે ઊતરી, તો એણે જોયું કે ખંડમાં લીલાં રંગના તાંબાના ટેબલે એની બધી વસ્તુઓ અને સોનેરી ફૂલદાનીમાં પેલું લાલ કિરમજી ફૂલ સરસ રીતે ગોઠવેલાં હતાં. આ ખંડ પણ ખૂબ મજાની અને રળિયામણી અનેક ચીજોથી સજાવેલો હતો. બેસવાની ખુરશીઓ, આરામ માટેની બેઠકો, પહેરવામાં પોશાકો અને જોવાના આયનાઓ હતાં. એક દીવાલે આયનો, બીજી દીવાલ સોનાની અને ત્રીજી રૂપાની હતી, તો વળી ચોથી દીવાલ કિંમતી હીરા જડિત હાથીદાંતમાંથી બનાવેલી હતી.

"આ મારો શયનખંડ હોવો જોઈએ," એને વિચાર આવ્યો.

આખો પ્રાસાદ જોઈ વળવા, એ બધા રળિયામણા ખંડોમાં ફરી વળી. એણે જે જે ચમત્કારો નિહાળ્યા, એનાથી આનંદિત થતી એ ક્યાંય સુધી ફરતી રહી. એકેએક ખંડ, એની પહેલાના ખંડથી વધારે સુંદર હતો. એના વ્હાલા પિતાજી— પ્રમાણિક વેપારીએ—વર્ણવ્યા હતા, એનાથી તો ક્યાંય વધુ રળિયામણા એ ખંડો હતા.

પછી નાનકડું કિરમજી ફૂલ સોનેરી ફૂલદાનીમાંથી લઈને એ વરંડાના બગીચામાં ગઈ. ત્યાં પંખીઓ સ્વર્ગીય ગાન ગાતાં હતાં. વૃક્ષો, ઝાડીઓ અને ફૂલો જાણે પોતાનાં શિર ઝૂકાવીને એને નમન કરતાં હતાં; અને એ આગળ ગઈ ત્યાં ફુવારાઓમાં પાણી વધુ ઊંચે ઊડતું હતું, સ્વચ્છ ઝરણાંઓનું જલ વધુ મોટેથી બુડબુડાતું હતું. આગળ વધતાં એ તો પહોંચી પેલા ઘાસછાયે ટેકરે, જ્યાંથી પ્રમાણિક વેપારીએ જગતના આ સૌથી સુંદર ફૂલને ચૂંટયું હતું. વેપારીની રૂપકન્યાએ સોનેરી ફૂલદાનીમાંથી કિરમજી ફૂલ લીધું કે જેથી એને એ પાછું મૂકી શકે... પણ ત્યાં તો ફૂલ જ આપમેળે ત્યાંથી ઊડયું, અને એના છોડને જઈને ચોંટી ગયું—અગાઉ કરતાં વધુ સારી રીતે સુગંધ પ્રસરાવતું!

આ સૌથી વધુ આશ્ચર્યજનક ચમત્કારથી તો એ મોંમાં આંગળાં નાંખી ગઈ. પણ એને ખૂબ ગમતા નાનકડા કિરમજી ફૂલને એના છોડ ઉપર જોઈને એને ખૂબ આનંદ થયો. પછી એ પોતાના ખંડમાં પાછી આવી, ત્યાં એને માટે ભોજન ટેબલ તૈયાર હતું. એને વિચાર આવ્યો:

"લાગે છે કે જંગલનો મહાપશુ મારા પર ગુસ્સે નથી, અને એ દરિયાદિલ માલિકની જેમ મને રાખશે." આ વિચાર હજી તો એના મગજમાં ઊઠયો નથી ને ત્યાં જ સંગેમરમરની દીવાલે જાણે ચળકતા અક્ષરો આલેખાયા.

"હું તારો માલિક નહીં, પણ તારો આજ્ઞાંકિત સેવક છું. માલકણ તો તું છે—તારી એકેએક ઇચ્છા, એકેએક આદેશ હું રાજીખુશીથી માથે ચડાવીશ."

આ શબ્દો એણે વાંચી લીધા એટલે તુરત જ શ્વેત સંગેમરમરની દીવાલેથી એ ભૂંસાઈ ગયા; જાણે એ ત્યાં કદી હતા જ નહીં. પછી એને પિતાજીને પત્ર લખી, ખબરઅંતર મોકલવાનો વિચાર આવ્યો. આ વિચાર આવતાંની સાથે જ, એની સામે એક સોનેરી કલમ, શાહી અને કાગળ ખડાં થઈ ગયાં. તેણે વ્હાલા પિતાજી અને મોટી બહેનોને આ પત્ર લખ્યો:

"જંગલના મહાપશુના પ્રાસાદમાં હું એક રાજકુમારીની જેમ રહું છું, એટલે મારા માટે રડશો નહીં, ને શોક ન કરશો. મને એ દેખાતો નથી, તેમ એનો અવાજેય મને સંભળાતો નથી, પણ શ્વેત સંગેમરમરની દીવાલે ચળકતા શબ્દો એ આલેખે છે. એને મારા એકેએક વિચારની ખબર હોય છે, અને મારી એકેએક ઇચ્છા એ સંતોષે છે. એ મને પોતાની માલકણ તરીકે બોલાવે છે, અને હું એને માલિક કહું એ એને ગમતું નથી."

એણે આ કાગળ જેવો કે પૂરો કર્યો અને બંધ કર્યો કે તુરત જ એના હાથ અને નજર સામેથી પત્ર અદૃશ્ય થઈ ગયો. જાણે કે એ હતો જ નહીં!

સુમધુર સંગીત અગાઉ કરતાં વધુ લયબદ્ધ વહ્યા કરતું હતું. ટેબલ પરનાં ચમકતાં સોનેરી વાસણોમાં અનેક મિઠાઈઓ તથા મદ્ય એને નજરે ચઢયાં. એ કોઈ દિવસ એકલી નહોતી જમી ને તે છતાં આજે આનંદથી એ ટેબલે બેઠી, મોજથી ખાધું, પીધું અને કર્ણપ્રિય સંગીત માણતાં ખુશીમાં ઝૂમી ઊઠી. પેટ ભરીને જમ્યા પછી એ આરામ કરવા પડી. એણે જેવું સૂવા માટે લાંબાવ્યું કે તુરત જ સંગીત મંદ થયું જેથી એની ગાઢ નિદ્રામાં ખલેલ ન પહોંચે.

સૂઈને ઊઠી ત્યારે એનામાં સ્ફૂર્તિ આવી ગઈ હતી. ફરી બગીચાઓમાં ફરવા એ તૈયાર હતી. કારણ કે ભોજન પહેલાં એ અર્ધાથી વધારે બગીચો કે એની અજાયબીઓ નિહાળી જ શકી નહોતી. એ નીકળી ત્યારે વૃક્ષો, ઝાડીઓ અને

ફૂલો એની સામે ઝૂકી પડયાં. સફરજન, નાસપતી અને આળુના રસાદાર પાકેલાં ફળો એને ચાખવા લલચાવી રહ્યાં. સાંજ ઢળતાં સુધી એ આમતેમ ચાલતી રહી અને પછી પોતાના રળિયામણા ખંડોમાં એ પાછી ફરી, એણે જોયું તો એક એકથી ચઢિયાતી અનેક મિઠાઈઓ અને મદ્ય સાથે એનું ભોજન તૈયાર હતું! વાળુ કર્યા પછી એ શ્વેત સંગેમરમરના ખંડમાં ગઈ ત્યાં એણે જે દીવાલ પર ચળકતા અક્ષરો વાંચ્યા હતા, એ જ દીવાલે એણે ફરીથી એ રીતે અક્ષરો આલેખાતા જોયા. "મારી માલકણને પોતાના બગીચાઓ અને ખંડોથી, મહેમાનગતી અને કાળજીથી સંતોષ થયો છે?"

વેપારીની દીકરીએ આનંદિત અવાજે જવાબ વાળ્યો:

"તમે મને તમારી માલકણ ન કહો, પણ તમે નિરંતર સારા, માયાળુ અને દરિયાદિલ મારા માલિક બની રહો. તમારી કોઈ ઈચ્છાનો અનાદર હું કદી નહીં કરું, અને તમારી મહેમાનગતીની હું હંમેશાં ઓશિંગણ રહીશ. આવડા મોટા આખા જગતમાં ક્યાંય આવો ઊંચો પ્રાસાદ, ખંડો કે હરિયાળા બગીચાઓ નથી. તો પછી મને આનંદ કેમ ન થાય? મેં જિંદગીમાં ક્યારેય આવા ચમત્કારો જોયા નથી. એ સાચા હોય એનો હજીય મને વિશ્વાસ બેસતો નથી. પણ એક વાત છે: મને એકલાં સૂતાં બીક લાગે છે. તમારા આવડા મોટા મહેલમાં મારા સિવાય કોઈ માનવી નથી..."

ઉત્તરમાં પેલી દીવાલ પર આ શબ્દો આલેખાયા:

"મારી રૂપાળી માલકણ, એવી તમે બીક ન રાખશો; કારણ એક પ્રમાણિક અને સત્યપ્રિય દાસી તમારી સેવામાં ખડી છે. આ મહેલમાં કેટલાય માનવીઓ વસે છે, ફક્ત તમે એમને જોઈ કે સાંભળી શકતાં નથી, મારી જેમ તેઓ પણ દિવસરાત તમારી રખેવાળી કરી રહ્યાં છે, તમારા પર પવનનું ઝોકું આવે કે ધૂળની રજકણેય બેસે એ અમે નહીં સાંખી લઈએ."

ત્યાર બાદ વેપારીની યુવાન દીકરી પોતાના શયનખંડે પાછી આવી ત્યારે એક પ્રમાણિક અને સત્યપ્રિય દાસી, એના પલંગ પાસે રાહ જોતી ઊભી હતી. માલકણને જોતાં દાસી બિચારી થોડી ગભરાઈ, પણ પછી એને આનંદ થયો. એણે એના કમળ જેવા શ્વેત હાથ અને એના સુકુમાર પગને ચૂમ્યા. માલકણને પણ એને જોઈને ખુશી થઈ હતી. દાસીએ માલકણના વ્હાલા પિતાજી, બન્ને મોટી બહેનો, અને બીજા નોકરચાકરોનાં ખબર અંતર પૂછયાં. પછી પોતે પણ પોતાની જીવન કહાણી સંભળાવી. ટૂંકમાં, પ્રભાતના પહેલા કિરણ સુધી આ જુગલ જોડીએ આંખનું મટકુંય ન માર્યું.

વેપારીની આ રૂપકન્યા આ રીતે પોતાના નવા ઘરમાં સુખસમૃદ્ધિ ભોગવી રહી હતી. રોજ સવારે કિંમતીમાં કિંમતી પોશાકો એને માટે તૈયાર રહેતા, એવાં આભૂષણો એની સામે આવતાં, જેનું શબ્દોમાં વર્ણન ન થઈ શકે. રોજેરોજ અવનવા આનંદ — પ્રમોદો અને સાહસો એ માણતી: ઘોડા કે ચાલક વિનાના રથમાં બેસીને ગાઢ જંગલમાં એ રખડતી, સુમધુર સંગીત એને મારગે વહ્યા કરતું, વૃક્ષો હટી જતાં અને સરળતાથી જવાય એ માટે રસ્તો પહોળો થઈ જતો. એણે પણ હવે સ્ત્રી સહજ હસ્તકલાના કામમાં જીવ પરોવવા માંડયો હતો. સોનેરીરૂપેરી દોરે એ ભરતગૂંથણ કરતી, રૂપાળાં મોતીની ઝાલર એને મૂકતી. પછી આ બધી ભેટસોગાદો એ પોતાના પિતાને પણ પાઠવતી. પણ સૌથી વધુ અમૂલ્ય એવી ચીજો તો એ પોતાના રક્ષકને — જંગલના મહાપશુને જ — ભેટ ધરતી. દિવસો વીતતા ગયા તેમ તેમ પેલા શ્વેત સંગેમરમરના ખંડમાં એ અવારનવાર જવા માંડી; પોતાના દરિયાદિલ રખેવાળનો આભાર માનતી, અને દીવાલોના પ્રકાશાંકિત અક્ષરોમાં એ ઉત્તરો અને અભિનંદનો વાંચતી. સમય વીતતો ગયો. કાર્ય કરતાં એનું વાર્ણન ઝડપથી થાય પણ વેપારીની આ દીકરી ધીમેધીમે પોતાના આ જીવન અને ઘરથી ટેવાતી ગઈ. હવે એને કોઈ ચીજની નવાઈ ન થતી, કે ડર ન લાગતો. અનેક અદૃશ્ય નોકરો એની સેવા કરતા, એની એકેએક જરૂરત સંતોષતા, ઘોડા વિનાના રથમાં એ ઘૂમતી, એને માટે સુમધુર સંગીત તેઓ બજાવતા, અને એના દરેક આદેશો માથે ચડાવતા. એને પણ પોતાનો દરિયાદિલ માલિક વધુ ને વધુ ગમવા માંડયો. જાત કરતાંય એ માલિક પોતાને વધુ પ્રેમ કરે એવો પ્રયત્ન એ કર્યા કરતી. પોતાને અકારણ માલકણ કહેવડાવવું એને નહોતું ગમતું. હવે એનો અવાજ સાંભળવા એને ઇચ્છા થવા માંડી. શ્વેત સંગેમરમરના ખંડ વિના પ્રકાશાંકિત અક્ષરો વાંચ્યા વિના એની સાથે વાત કરવાની એને ઝંખના થવા લાગી.

એથી એણે અનેક વિનવણીઓ અને કાકલૂદીઓ કરી, પણ જંગલનો મહાપશુ એકનો બે ન થયો. પોતાના અવાજથી એ ડરી જશે એવી એને બીક હતી. પણ કન્યાએ પોતાના સ્નેહાર્દ રક્ષકને એવો તો સતત વિનવ્યા કર્યો કે હવે જંગલના મહાપશુથી ના પડાય એવું ન રહ્યું. અંતે શ્વેત સંગેમરમરની દીવાલે ફરીને ચળકતા અક્ષરો છેલ્લી વાર દેખાયા: "તો પછી આજે પધારો તમારા મનભાવતા સુવિકસિત લતાગૃહે — વૃક્ષોની ડાળીઓ અને પર્ણોથી આચ્છાદિત આસને બિરાજો, આમ કહેજો: મારા પ્રમાણિક સેવક આવ, વાત કર મારી સાથે."

એની બીજી જ ક્ષણે વેપારીની સ્વરૂપવાન દીકરી તો દોડી બગીચામાં અને



પહોંચી સુવિકસિત વૃક્ષો અને પર્ણોથી આચ્છાદિત લતાગૃહે અને જઈને બેઠી કિનખાબ બિછાવેલ બાંકડે! પિંજરે પુરાયેલા પંખીની જેમ એનું હૈયું ધબકતું હતું — અધ્ધર શ્વાસે એણે કહ્યું: "મારા માયાળુ દરિયાદિલ માલિક, તમારા અવાજથી હું ગભરાઈ મરીશ એવો ડર ન રાખશો. તમે જે માયા દાખવી છે, એ પછી કોઈ જંગલી પશુની ગર્જના જેવો તમારો ધ્વનિ હશે તોય હું ગભરાઈશ નહીં. નિર્ભીક થઈને બોલો તમે."

લતાગૃહની પાછળથી કોઈના ઘેરા ઉચ્છ્વાસનો ધ્વનિ એણે સાંભળ્યો — અને ખૂબ ધીમો હોવા છતાંય જંગલી ઘૂરકાટ જેવો રૂક્ષ અને કર્કશ અવાજ એને કાને પડયો. જંગલના મહાપશુના આ કઠોર ઘોરથી વેપારીની દીકરીની પહેલાં તો છાતી જ બેસી ગઈ. પણ એણે તુરત જ પોતાના ડર પર અંકુશ મેળવી લીધો અને એ દેખાવા ન દીધો. મહાપશુના માયાળુ અને આવકાર ભર્યા શબ્દો અને ડહાપણના દરિયા જેવી એની વાણી એ સાંભળવા લાગી. ધીમેધીમે એના મન પરનો ભાર હળવો થયો.

અને ત્યાર પછી તો, લગભગ આખો દિવસ બન્ને વાતોમાં ગૂંથાયેલાં રહેતાં. એ દરમ્યાન હરિયાળા બગીચાઓમાં તેઓ લહેર મારતાં હોય, ઘનઘોર જંગલોમાં રથ હંકારતાં હોય કે પછી મહેલમાં આરામ કરતાં હોય. વેપારીની આ રૂપકન્યાએ તો ફક્ત એટલું જ પૂછવું પડતું. "મારા ઉદારદિલ માલિક, તમે આટલામાં જ છો?" અને જંગલનો એ મહાપશુ તુરત જ ઉત્તર વાળતો: "હું તમારી પાસે જ છું, સ્વરૂપવાન માલકણ, આ તમારો વફાદાર ગુલામ, આ સનાતન મિત્ર તમારી સેવામાં હાજર છે." એના જંગલી અને રૂક્ષ અવાજનો હવે એને ડર ન લાગતો. બન્ને જાણાં ક્યાંય સુધી મીઠી સ્નિગ્ધ વાતે વળગતાં.

સમય વીતતો ગયો. ધીમેથી કે ઝડપથી એની તો મને ખબર નથી; કારણ કે કાર્ય કરતાં વાત ઝડપથી થાય છે. એ પછી થોડા જ વખતમાં વેપારીની એ રૂપાળી દીકરીને જંગલના મહાપશુને નજરે નિહાળવાની ઝંખના જાગી. એણે એને ફરીથી વીનવવા માંડયો; પણ ક્યાંય સુધી જંગલનો મહાપશુ માન્યો નહીં — એને બીક હતી કે આ રૂપકન્યા એને જોઈને ગભરાઈ મરશે. કારણ કે શબ્દોમાં વર્ણન થઈ શકે એથી વધુ એ કદરૂપો હતો. જંગલી પશુઓ અને માનવીઓ એના નજરે ચડી જવાના ડરથી ફફડતા રહેતા, અને એનું આગમન થતાં મોં ઢાંકી દેતાં. એથી જંગલના મહાપશુએ એને કહ્યું:

"મારા સ્વરૂપવાન માલકણ, મારો ભયાનક ચહેરો અને બદસૂરત બદન જોવા મને આટલી કાકલૂદી ન કરો. મારા અવાજની તમને આદત પડી છે.

આપણે શાંતિથી સંવાદી વાતાવરણમાં જીવીએ છીએ, છુટ્ટાંય પડતાં નથી ક્યારેય; તમારા પ્રત્યેના મારા અકથિત સ્નેહના બદલામાં તમે પણ મને ચાહો છો. પણ હું જેવો છું તેવો ભયાનક અને ઘૃણાજનક તમે મને જો જોશો, તો મને ધિક્કારવા લાગશો. મારી એ કમનસીબી બદલ તમે મને નજરથી દૂર ધકેલી દેશો. અને તમારાથી હું જો વિખૂટો પડીશ તો એના વિયોગમાં જીવતો નહીં રહી શકું!"

પણ વેપારીની રૂપાળી કન્યાએ એની એક વાત કાને ન ધરી. અગાઉ કરતાંય વધુ સહૃદયતાથી એને વિનવણીઓ ચાલુ રાખી. એને એવું વચનેય દીધું કે જગતનો મહાભયાનક રાક્ષસ પણ એને હવે ડરાવી ન શકે! એણે એવીય હૈયાધારણ એને આપી કે મારા આવા કૃપાળુ માલિક પ્રત્યેનો પ્રેમ ક્યારેય ખૂટશે નહીં. રૂપકન્યાએ ઉમેર્યું: "તમે જો વૃદ્ધ હો, તો મારા દાદા બનો, તમે પ્રૌઢ હો તો મારા કાકા બનો, તમે યુવાન હો તો મારા ભાઈ બનો! હું જીવું ત્યાં સુધી મારા અંતરના મિત્ર બની રહો."

જંગલના મહાપશુએ ઘણા વખત સુધી એની વિનંતી નકાર્યા કરી, પણ પછી એનાં આંસુ એનાથી જીરવાયાં નહીં. અંતે એણે કહ્યું:

"તમને હું મારી જાતથીય વધુ ચાહું છું. એટલે તમારી ઇચ્છા વિરુદ્ધ જવાની મારી હવે ત્રેવડ નથી; હું તમારી મનોકામના પૂરી કરીશ, પણ એનાથી મારું સુખ છીનવાઈ જશે, અને મારું અકાળ મૃત્યુ થશે.

ભૂખરી સંધ્યાએ જંગલમાં સૂર્ય આથમતો હોય ત્યારે બગીચામાં આવજો, કહેજો: 'મારા વફાદાર દોસ્ત, તારો દીદાર કરાવ!' એટલે મારો ભયાનક ચહેરો અને બદસૂરત બદન હું તમને દેખાડીશ. હા, પણ એ પછી જો તમારાથી એ જીરવાય નહીં, તો તમને તમારી ઇચ્છા વિરુદ્ધ તમને કાયમી દુ:ખમાં હું રિબાવીશ નહીં. તમારા શયનખંડમાં પલંગના ઓશિકા નીચે મારી સોનાની વીંટી મેં રાખી છે. જમણા હાથની ટચલી આંગળીએ તમે એને પહેરજો, એટલે તમારા વ્હાલા પિતાજીને ઘરે પહોંચી જશો. એ પછી તમને મારા અસ્તિત્વનો કોઈ અનુભવ કદી નહીં થાય."

પણ વેપારીની કન્યા નિર્ભરપણે પોતાના નિશ્ચયમાં અડગ રહી. મહાપશુની વાતથી એ જરાય ચેતી પણ નહીં. એક પળનીય અસમંજસ વિના, એ તુરત જ દોડી બગીચામાં—અને મહાપશુએ આપેલા સમયની રાહ જોવા માંડી. જંગલમાં સૂર્ય છુપાવા માંડયો, અને ભૂખરી સંધ્યા ઊતરી આવી ત્યારે એણે સાદ દીધો: "મારા વફાદાર દોસ્ત, મને તારો દીદાર દેખાડ." અને જંગલના એ મહાપશુએ દૂરદૂર દેખા દીધી: હકીકતે એ રસ્તા પરથી થોડો પસાર

જ થયો, અને ઘટ્ટ ઝાડીઓમાં તુરત જ છુપાઈ ગયો. પણ વેપારીની આ કન્યાની એના પર એટલીય નજર પડી એમાં તો એના શ્વેત હસ્ત ધ્રૂજ્યા, આક્રોશની તીણી ચીસ નીકળી ગઈ અને ત્યાં જ બેભાન થઈને એ ઢળી પડી. કારણ કે જંગલનો આ મહાપશુ ખરેખર ભયાનક હતો. એના હાથ વળેલા હતા, નહોર જંગલી પશુ જેવા, પગ ઘોડા જેવા, આગળ અને પાછળ ઊંટ જેવી ખૂંધ અને ઢેકા, પગથી માથા સુધી વાળ, જંગલી વરાહ જેવા દંતશૂળ એના મોંમાં હતા, બાજપંખીની ચાંચ જેવું એનું નાક અને ઘુવડ જેવી એને આંગળીઓ હતી.

વેપારીની દીકરી ક્યાંય સુધી બેભાન પડી રહી. એને સહેજ કળ વળી ત્યારે એણે જાણે નજીકથી કોઈનો કણસતો, ડૂસકાં ભરતો દયાજનક અવાજ સાંભળ્યો:

"મારી વ્હાલી રૂપકન્યા, તેં મારું દિલ ચીરી નાખ્યું છે, હવે હું તારો આ મોહક ચહેરો ક્યારેય જોઈશ નહીં, મારો આ અવાજેય તારે હવે સહન નહીં કરવો પડે: અને એમ, હું અકાળે મરણને શરણ થઈશ."

વેપારીની દીકરીને તુરત જ દિલગીરી અને શરમની લાગણી થઈ આવી, ભયથી ફફડતા સ્ત્રી હૈયાને અંકુશમાં લાવી, મક્કમ બનીને તેણે કહ્યું: "ના, મારા કૃપાળુ દરિયાદિલ માલિક, એવી ચિંતા ન કરશો; તમારા એ દિલ કંપાવનારા દેખાવથી હું હવે કદી ડરીશ નહીં, હું તમારાથી દૂર ભાગી નહીં જાઉં, તેમ તમારી કૃપા પણ કદી નહીં વિસરું; હવે મને તમારું ખરું સ્વરૂપ દેખાડો; એ તો પહેલી વાર મેં તમને જોયા એટલે ડરી ગઈ હતી."

જંગલના મહાપશુએ પોતાના ભયાનક અને બદસૂરત બદનના એને ફરીથી દીદાર દીધા, જોકે એના બહુ કહેવા છતાંય એ નજીક તો ન જ ગયો. ઘોર અંધારું છવાયું ત્યાં સુધી બન્ને સાથે ચાલ્યાં, અને અગાઉની જેમ પ્રેમથી ડાહ્યાંડમરાં થઈને વાતો કરતાં રહ્યાં; વેપારીની દીકરીને હવે એનો કોઈ ભય ન રહ્યો. બીજે દિવસે ખુલ્લા અજવાળામાં એણે જંગલના મહાપશુને જોયો. અને પહેલાં તો એ સહેજ ફફડી ગઈ. પણ એની બીક એણે દેખાવા ન દીધી; ભયની એ લાગણીય ધીમેધીમે દૂર થઈ ગઈ. હવે એ બન્ને જણાં ક્યાંય સુધી વાતોમાં ગૂંથાયેલાં રહેતાં, ભોજન અને વાળુમાં પેટ ભરીને મિઠાઈઓ આરોગતાં, મદ્યપાન કરતાં; પછી હરિયાળા બગીચામાં રખડતાં અને ઘોડા વિનાના રથમાં ઘનઘોર જંગલોમાં ઘૂમતાં.

એમાંય ઘણો સમય વીતી ગયો—અને આનીય વાત કરવી સહેલી છે. પણ એક રાતે વેપારીની દીકરીને સ્વપ્નું આવ્યું કે એના પિતા ભયાનક માંદગીમાં સપડાયા છે. આ સ્વપ્નાથી એ ખૂબ ગમગીન બની ગઈ. જંગલનો મહાપશુ

પણ એની ગમીની જોઈને નારાજ થયો. રૂપકન્યાના આંસુનું એણે કારણ પૂછ્યું. એણે પોતાનું દુ:ખદ સ્વપ્નું વર્ણવ્યું, અને બિમાર પિતાજી અને મોટી બહેનોને મળવા જવા રજા માગી. જંગલના એ મહાપશુએ એને જવાબમાં કહ્યું: "તારે એમાં મારી રજા લેવાની શી જરૂર છે? મારી પેલી વીંટી તારી પાસે છે; એ તું જમણા હાથની ટચલી આંગળીએ પહેરી લે, એટલે બીજી ક્ષણે તું તારા વ્હાલા પિતાજીને ઘરે પહોંચી જઈશ. તારી ઈચ્છા પડે, એટલું તું ત્યાં રહેજે; પણ હા, એક વાત યાદ રાખજે — ત્રણ દિવસ અને ત્રણ રાતમાં જો તું પાછી નહીં આવે, તો તું મને આ પૃથ્વી પર જીવતો નહીં જુએ. હું તને મારાથીય વધુ પ્રેમ કરું છું, અને તારા વિના રહી શકું તેમ નથી, તેથી મુદત પૂરી થતાં બીજી જ ક્ષણે હું મૃત્યુ પામીશ."

વેપારીની દીકરીએ ગંભીરતાથી મહાપશુને હૈયાધારણ અને વચનો આપ્યાં કે ત્રણ દિવસ અને ત્રણ રાતની મુદત પૂરી થવાના એક કલાક પહેલાં એ આ જંગલના મહાલયમાં અચૂક પાછી વળશે. પોતાના કૃપાળુ અને દરિયાદિલ માલિકની રજા લઈ, એણે જમણા હાથની ટચલી આંગળીએ સોનાની વીંટી પહેરી, અને એ તો તુરત જ પહોંચી ગઈ પોતાના વ્હાલા પિતાના વિશાળકાય મકાનને પ્રાંગણે!

એ સુંદર મહાલયમાં દોડી — ચારેબાજુથી નોકરો અને રખેવાળો આનંદથી ચિચિયારીઓ કરતાં એને મળવા દોડયાં, એની મોટી બહેનો એને ભેટી પડી. સૌથી નાની બહેનનાં હજુ એવાં જ ટકી રહેલાં મોહક મૌગ્ધ્ય અને શાહી શાન જોઈને બન્ને બહેનોના આશ્ચર્યની સીમા ન રહી. એનો શ્વેત હાથ પકડી, વ્હાલા પિતાજી પાસે બન્ને બહેનો એને લઈ ગઈ. પોતાની નાનકડી દીકરીની વેદનામાં ને વેદનામાં દિવસરાત આંસુ સારીને એના પિતા ખૂબ બિમાર થઈ ગયા હતા. પણ પોતાની નાનકડી દીકરીને એ જ રૂપથી ભરી ભરી આટલી હેમખેમ જોઈને એને પોતાના આ સદ્‌ભાગ્યમાંય વિશ્વાસ ન બેઠો. પિતાનેય દીકરીના યૌવન સુલભ સૌંદર્ય અને શાહી શાનથી નવાઈ થઈ.

બન્ને જણાં ક્યાંય સુધી એકબીજાને બાથમાં લઈને ચૂમતાં રહ્યાં, મીઠાં શબ્દોથી આશ્વાસન આપતાં રહ્યાં. પછી જંગલના એ મહાપશુ સાથેના પોતાના જીવનની રજેરજની વિગતો એણે પિતાજી અને બન્ને બહેનો કહી. દીકરીની આટલી રજવાડી અને સમૃદ્ધ જિંદગીથી વેપારીને સંતોષ થયો. એના જેવા ભયાનક મહાપશુના દીદારથી દીકરી ટેવાઈ ગઈ, એ જાણી વેપારીને નવાઈ થઈ! કારણ કે પોતે જોયેલા એ દૃશ્યની સ્મૃતિ માત્રથી એને હજી ધ્રુજારી

આવી જતી હતી. પરંતુ નાની બહેનનો એ માલિક એના ગુલામની જેમ એની સાથે વર્તતો હોય એવા શાહી ઠાઠથી, અને એની આટલી અમૂલ્ય સમૃદ્ધિ જોઈને, બન્ને મોટી બહેનોને એની ઈર્ષા થવા લાગી.

પહેલો દિવસ તો જાણે એક કલાકની જેમ પૂરો થઈ ગયો, અને બીજો દિવસ તો વળી મિનિટની જેમ સરી ગયો, ત્રીજે દિવસે બન્ને બહેનોએ જંગલના એ મહાપશુ પાસે પાછા ન જવા નાની બહેનને મનાવવા માંડી:

"મરવા દે એને, આમેય એ જ લાગનો છે એ!" તેઓએ કહ્યું.

પણ આ ઘરની હવે અતિથિ જેવી એ નાની બહેને એના ઉત્તરમાં ગુસ્સે થઈને કહ્યું: "મારા એ કૃપાળુ અને દરિયાદિલ માલિકની દયા અને મારા પ્રત્યેના આટલા અપાર ઉત્કટ પ્રેમનો બદલો હું એના મૃત્યુથી આપું, તો તો આ જગતમાં હું જીવવાને લાયક જ નથી; અને મને જંગલી પશુઓને પીંખી નાખવા ધકેલી દેવી જોઈએ, સમજી?"

પોતાની નાનકડી યુવાન દીકરીની આ ઉમદા વાણી સાંભળીને, પ્રમાણિક વેપારીએ એનાં મનોમન વખાણ કર્યાં અને અંતે, મુદત પૂરી થતાં પહેલાં બરાબર એક કલાકે જંગલના મહાપશુ પાસે એ પહોંચી જાય એવું નક્કી કરવામાં આવ્યું. પરંતુ મોટી બહેનો આ સાંભળીને નારાજ થઈ અને તેઓએ એક ભયાનક કાવતરું ઘડ્યું: બન્નેએ આખા ઘરની ઘડિયાળો એક કલાક પાછળ કરી નાંખી, અને વેપારી કે એના બધા વફાદાર નોકરોને કે રખેવાળોને કંઈ ખબર સુદ્ધાં ન પડી. અને ખરેખર જ્યારે છેલ્લો પ્રતિજ્ઞાબદ્ધ કલાક શરૂ થયો, ત્યારે વેપારીની નાની દીકરીને વેદના અને મૂંઝારો થવા માંડ્યો, જાણે એને કંઈક ખૂંચી રહ્યું હતું: એ અવારનવાર એના પિતાજીની અંગ્રેજી અને જર્મન ઘડિયાળો સામે જોયા કરતી હતી પણ દૂરદૂરની યાત્રા માટે ઊપડવાને હજી તો ઘણી વાર હોય એવો સમય એ ઘડિયાળો બતાવતી હતી.

મોટી બહેનોય આ કે તે એવી અનેક વાતોમાં એને રોકી રાખતી હતી, કે જેથી નાની બહેનને ગમે તેમ કરીને મોડું થઈ જાય. પણ અંતે નાની બહેનથી વેદનાશૂળ વધુ સહન ન થયું, એટલે પ્રમાણિક વેપારીની એ સૌથી વહાલી દીકરીએ પિતાની રજા લીધી, આશીર્વાદ મેળવ્યા; મોટી બહેનોની તથા વફાદાર નોકરો અને રખેવાળોની વિદાય લીધી. મુદત પૂરી થવાની એક મિનિટ પહેલાં, એણે જમણા હાથની ટચલી આંગળીએ વીંટી ધારણ કરી અને પલકવારમાં તો એ જંગલના મહાપશુના શ્વેત સંગેમરમરના પ્રાસાદમાં પહોંચી ગઈ. પણ મહાપશુને ત્યાં ન જોઈને એને આશ્ચર્ય થયું, એથી એણે મોટેથી કહ્યું:

"મારા દરિયાદિલ માલિક, મારા વફાદાર દોસ્ત, તું ક્યાં છે? મેં આપેલ મુદત કરતાં એક કલાક અને એક મિનિટ વહેલી હું આવી પહોંચી છું, જો!"

પણ એનો ઉત્તર ન મળ્યો, એને સ્વાગતનો કોઈ શબ્દ કાને ન પડયો: ચારેકોર સ્મશાનશાંતિ વ્યાપેલી હતી. હરિયાળા બગીચાઓમાં પંખીઓનું સ્વર્ગીય ગાન બંધ થઈ ગયું હતું. પાણીના ફુવારાઓમાં પાણીનો પછડાટ થતો નહોતો; ઝરણાંનો બુડબુડાટ થોભી ગયો હતો અને રળિયામણા ખંડોમાં સંગીતના મધુરા સૂરો વહેતા નહોતા. વેપારીની દીકરીની વેદનાનો પાર ન રહ્યો, એના હૈયામાંથી એક ધ્રૂજારી પસાર થઈ ગઈ. એ હતાશ બનીને રળિયામણા ઉચ્ચ ખંડોમાં અને હરિયાળા બગીચાઓમાં દરિયાદિલ માલિકના નામની બૂમો પાડતી દોડી. પણ એનોય કોઈ ઉત્તર કે આવકારનો અણસારોય એને ક્યાંયથી સાંપડયો નહીં. પણ પછી એ દોડી ઘાસ છવાયેલા પેલા ટીંબે જ્યાં એનું વ્હાલું કિરમજી રંગનું ફૂલ ઊગ્યું હતું. ત્યાં એણે એ મહાપશુને જોયો — બદસૂરત હાથમાં કિરમજી ફૂલને પકડી, એ ટીંબે પડયો હતો. પહેલાં તો રૂપકન્યાને લાગ્યું કે પોતાની રાહ જોતાં એને ઝોકું આવી ગયું હશે, અને હવે એને નિંદર ચડી ગઈ છે. વેપારીની દીકરીએ એને ધીમેથી ઉઠાડવા માંડયો, પણ એણે કંઈ સાંભળ્યું નહીં; એટલે એણે એનો બરછટ પંજો પકડી જોરથી હલાવ્યો. ત્યારે એને સમજાયું કે જંગલના એ મહાપશુનો શ્વાસ બંધ હતો અને એ તો નિશ્ચેતન પડયો હતો.

એની આંખમાં આંસુ ધસી આવ્યાં, પગ ધ્રૂજવા માંડયા અને એ ઘૂંટણીએ નમી પડી: પોતાના કૃપાળુ માલિકના ભયાનક અને બદસૂરત શિરને શ્વેત હાથની બાથમાં લેતાં એણે વેદનાસભર અવાજે કહ્યું: "ઊઠો મારા હૈયાના હાર, મારા વ્હાલા પ્રિયતમની જેમ હું તને પ્રેમ કરું છું."


એના આ શબ્દો હજી પૂરા ઉચ્ચારાયાય નહોતા કે ચારેબાજુથી જાણે વીજળીનો પ્રકાશ ફેલાયો, ભયાનક ધરતીકંપ જેવો ધડાકો થયો, માટીના એ ટીંબામાં પથ્થરનું બાણ જાણે લાગ્યું અને વેપારીની દીકરી બેભાન થઈને જમીન પર પટકાઈ પડી. એ રૂપકન્યા કેટલી વાર સુધી ત્યાં પડી રહી એની મને ખબર નથી; પણ એ જ્યારે ભાનમાં આવી, ત્યારે શ્વેત સંગેમરમરના રળિયામણા ખંડોમાં, હીરામાણેક ખચિત સોનાના સિંહાસનમાં એ બેઠી હતી. કોઈ ચિત્રમાં હોય એવા યુવાન રાજકુમારના હાથ એને વિંટળાઈ વળ્યા હતા. આ રાજકુમારને માથે રાજમુગટ હતો, એણે સોનેરી પોશાક ધારણ કર્યો હતો. આ યુગલની સામે રૂપકન્યાના પિતાજી અને બહેનો ઊભાં હતાં. અને એમને ઘેરીને મુજરો કરતાં ઊભાં હતાં રાજદરબારીઓ — સોનારૂપાના પોશાકમાં સજ્જ.

રાજમુગટ ધારણ કરેલા એ રાજકુમારે એને કહ્યું:

"મારી અપૂર્વ સુંદરી, મારા સ્નેહાળ હૃદય અને તારા પ્રત્યેના પ્રેમને લીધે તને મારા માટે પ્રેમ હતો; મારા બદસૂરત મહાપશુ જેવા સ્વરૂપનેય તેં તારા સ્નેહનું કારણ બનાવ્યું હતું. તો હવે મારા આ માનવીય રૂપનેય તું પ્રેમ કર, અને મારી વ્હાલી પ્રિયતમા બન. મારા પિતાજી મહાન શક્તિશાળી રાજા હતા, પણ એમના પર એક દ્વેષીલી ડાકણનો ખોફ ઊતર્યો હતો; એથી હું હજી નાનો હતો ત્યારે એ શેતાન એના અનિષ્ટ પ્રભાવે મને ઉઠાવી ગઈ હતી. એણે મારા પર એવું વશીકરણ કર્યું હતું કે મારે બદસૂરત સ્વરૂપે જીવવાનું — જેથી આ પૃથ્વીપટનાં એકેએક માનવી અને પશુ મારાથી ડરતાં રહે! હા, મારે ત્યાં સુધી એ રીતે જીવવાનું હતું કે જ્યાં સુધી આ જગતની કોઈ રૂપવાન કન્યા — ભલે એ ગમે તે વંશ કે દરજ્જાની હોય — પણ એ મારા ભયંકર રૂપમાં જ મને પ્રેમ કરે અને મને પરણવા તૈયારી બતાવે. આવું બને ત્યારે મને મારું ખરું માનવીય રૂપ મળે — યુવાન અને મનમોહક! આ ભયાનક રાક્ષસના બિહામણા રૂપમાં મેં ત્રીસત્રીસ વરસ વીતાવ્યાં, એ દરમ્યાન મેં અગિયાર રૂપાળી કન્યાઓને મારા મનમોહક પ્રાસાદમાં આકર્ષી હતી. તું એમાં બારમી હતી. પણ મારા સ્નેહાર્દ્ર અંતરનો પડઘો કોઈએ ન પાડયો, એક માત્ર તેં, મારા ભયંકર અને બદસૂરત રૂપમાંય મને પ્રેમ કર્યો, મારા સ્નેહ ઝરતા હૈયાનો તેં પ્રતિસાદ દીધો. તારા પ્રત્યેના મારા અકથિત સ્નેહને તેં ઝીલીને એને પાછો આપ્યો. અને આ રીતે તું હવે મહાકીર્તિ ધરાવતા રાજવીની ધર્મપત્ની અને શક્તિશાળી રાજ્યની મહારાણી બનશે."

આ વાત સાંભળીને બધા પ્રેક્ષકો આશ્ચર્યમાં ગરકાવ બની ગયા; રાજદરબારીઓએ ઝૂકીને સલામ કરી. એ પછી પ્રમાણિક વેપારીએ પોતાની વ્હાલી નાની દીકરીને અને યુવાન રાજકુમારને આશિષ આપ્યા. બન્ને ઈર્ષાળુ બહેનો, વેપારીના વફાદાર નોકરો, રાજાના સામંતો અને વીર યોદ્ધાઓએ વરકન્યાને અભિનંદનો આપ્યાં. બહુ ઝાઝી ધમાલ વિના તુરત જ લગ્ન વિધિ ગોઠવાયો, અને મિજબાની શરૂ થઈ ગઈ. રાજવા યુગલે ખૂબ આનંદ અને સુખસમૃદ્ધિમાં આખી જિંદગી પસાર કરી.

હુંય એ મિજબાનીમાં હતો,
મેંય આકંઠ મદ્યપાન કર્યું,
પણ હા, તોય મારી મૂછો મેં
ભીંજાવા નહોતી દીધો!



અન્તોની પોગોરેલ્સ્કી

નાનકડી કાળુડી મરઘી અથવા ભૂગર્ભવાસી લોકો

લગભગ ચાલીસેક વર્ષ પહેલાં* પિટર્સબર્ગમાં વાસીલ્યેવ્સ્કી દ્વિપની પહેલી હારમાં** કિશોરો માટેનું છાત્રાલય ધરાવતી એક નિશાળના શિક્ષક રહેતા હતા એ હજી આજેય કેટલાકને યાદ હશે; જોકે જે મકાનમાં એ નિશાળ ચાલતી

---

* આ વાર્તા ઈ.સ. ૧૮૨૯માં લખાઈ હતી.

** પિટર્સબગ (હાલના લેનિનગ્રાદ)માં વાસીલ્યેવ્સ્કી (બાસિલ) નામનું એક પરું હતું. વાસીલ્યેવ્સ્કી દ્વિપની બન્ને બાજુની શેરીઓ "હાર" કહેવાતી.

હતી એની જગ્યાએ અત્યારે બીજું જ મકાન છે અને પહેલાં કરતાં એ સાવ નિરાળું જ છે. એ વખતે પિટર્સબર્ગ શહેર આખા યુરોપમાં એની સુંદરતા માટે પ્રખ્યાત હતું; પણ આજે છે એમાંનું કંઈ એ વખતે નહોતું. વાસીલ્યેવ્સ્કી દ્વિપના રસ્તાઓ ઉપર પેલી મસ્તીતોફાન કરવા જેવી ગલીઓ નહોતી. પગરસ્તાઓની જગ્યાએ ત્યારે સડેલાં લાકડાં ગોઠવેલાં હતાં. ઈસાકનો પૂલ સાંકડો સાંકડો અને વાંકોચૂકો હતો, અને આજના કરતાં સાવ જુદો જ દેખાતો. ટૂંકમાં પિટર્સબર્ગ તે વખતે આજના જેવું નહોતું. લોકો કરતાં શહેરોને એ રીતે એક ફાયદો હોય છે કે વરસો વીતે એમ ક્યારેક એ વધુ રળિયામણું બનતું હોય છે. પણ આ તો આડવાત થઈ. મારા આટલા જીવનકાળમાં પિટર્સબર્ગમાં જે પરિવર્તન થયું છે એના વિશે ક્યારેક બીજા કોઈ પ્રસંગે હું વધુ વિગતે કહીશ; પણ અત્યારે તો મારે ફરીથી પેલી છાત્રાલયવાળી નિશાળની વાત માંડવી છે, જે ચાલીસેક વર્ષ પહેલાં વાસીલ્યેવ્સ્કી દ્વિપની પહેલી હારમાં આવેલી હતી. એનું જે મકાન તમને અત્યારે જોવા નહીં મળે એ બે માળનું હતું, એને ડચ ટાઈલ્સ જડેલી હતી. એનું પ્રાંગણ લાકડાનું હતું, બરાબર ગલીની સામે જ. લોબીમાંથી સીધી સીડી પર ચડીને, બીજે માળે જવાય — ત્યાં આઠ કે નવ ઓરડા હતા. એમાં એક બાજુ છાત્રાલયની નિશાળના શિક્ષક રહેતા અને બીજી બાજુ વર્ગો ચાલતા. છોકરાઓ લોબીની જમણી બાજુએ ભોંયતળિયે રહેતા, અને ડાબી બાજુયે બે ડચ વૃદ્ધાઓ રહેતી: સદી વટાવી ચૂકેલી આ સ્ત્રીઓએ રશિયાના રાજવી મહાન પિટરને જોયા હતા, અને એની સાથે વાતચીત કરી હતી!

છાત્રાલયની નિશાળના ત્રીસ-ચાલીસ કિશોરોમાંથી એકનું નામ હતું અલ્યોશા, એ વખતે એ નવ-દસ વરસથી વધુ ઉંમરનો નહીં હોય. એનાં માતાપિતા પિટર્સબર્ગથી ખૂબ દૂર રહેતાં હતાં; એમણે બે વરસ પહેલાં એને અહીં પાટનગર લાવીને આ છાત્રાલયની નિશાળમાં મૂકી, આવતા કેટલાક વરસની ફી શિક્ષકને એકસામટી ચૂકવી, પાછાં વતન ચાલ્યાં ગયાં હતાં. અલ્યોશા નાનકડો ચતુર છોકરો હતો, ભણવામાં હોશિયાર હતો અને બધાંને વ્હાલો થઈ પડયો હતો. તે છતાંય આ નિશાળ અને છાત્રાલયમાં અલ્યોશાને ઘણી વાર એકલવાયું લાગતું, અને ક્યારેક તો એ ગમગીન બની જતો. શરૂઆતમાં તો માતાપિતાથી જુદા રહેવાનો વિચાર જ એને કોઠે નહોતો પડયો. પણ ધીમેધીમે આ સ્થિતિની એને ટેવ પડી ગઈ, અને ક્યારેક તો મિત્રો સાથે રમતાં, માતાપિતાના ઘર કરતાં છાત્રાલયમાં વધુ મજા પડે છે. એવુંય એને થઈ આવતું.

સપ્તાહના ભણતરના દિવસો તો એકંદરે ઝડપથી અને મસ્તીથી વીતી જતા,

પણ શનિવારે એના બધા દોસ્તો પોતપોતાના પરિવારોને મળવા ભાગી જતા, અને અલ્યોશાને આકરી એકલતા સાલવા માંડતી. રવિવારે અને તહેવારોએ એ આખો દિવસ એકલો પડી જતો; પછી એ ચોપડીઓ વાંચવામાં જીવ પરોવતો. શાળાના શિક્ષક પોતાના નાના પુસ્તકાલયમાંથી આ પુસ્તકો અલ્યોશાને વાંચવા આપતા. એ દિવસોમાં સાહિત્યમાં શૂરવીરતા અને પરીકથાઓ પ્રચલિત હતી; અને અલ્યોશાના શિક્ષકના પુસ્તકાલયમાં એવાં જ પુસ્તકો મોટે ભાગે હતાં.

આમ દસ વરસની ઉમરમાં તો, ઘણાંખરાં વીર યોદ્ધાઓનું નવલકથાઓમાં જેવું વર્ણન હતું એવાં શૂરીલાં પરાક્રમોથી અલ્યોશા પરિચિત થઈ ગયો હતો. શિયાળાની દીર્ઘ રાત્રિઓ દરમ્યાન, રવિવારોએ અને તહેવારોએ પેલા સોનેરી ભૂતકાળ વિશે કલ્પનાઓ કર્યા કરવાનું અલ્યોશાને ગમતું. એમાંય ખાસ કરીને, મોટાં વેકેશનો દરમ્યાન એના બીજા સહપાઠીઓ જ્યારે ચાલ્યા જતા, ત્યારે દિવસોના દિવસો એ એકલો ખેંચી કાઢતો; પેલા શૂરવીરોના દુર્ગોમાં, ભયાનક ખંડેરોમાં કે ઘનઘોર જંગલોમાં પોતાની કલ્પનાથી એ વિહર્યા કરતો.

એટલું હું તમને કહેતાં ભૂલી ગયો છું કે આ મકાનને મોટું પ્રાંગણ હતું, અને લાકડાની હોડીના લાંબા પાટિયાંથી શેરીમાં એના ફરતી વાડ કરવામાં આવી હતી. ગલીમાં જતો દરવાજો હંમેશાં બંધ રખાતો, તેથી અલ્યોશા ક્યારેય પોતાની મેળે બહાર નીકળી ન શકતો: પરિણામે એની કલ્પના વધુ ઉત્તેજિત બનતી. રમતગમતના ગાળામાં એને જ્યારે પ્રાંગણમાં રમવા છૂટ મળતી, ત્યારે સૌ પહેલાં તો એ પેલી વાડે દોડી જતો. પગના પંજા પર ઊંચો થઈ, વાડની તિરાડોમાંથી એ જોયા કરતો. નાની હોડીઓ માટેનાં આ પાટિયાંમાં ખીલાઓને લીધે કાણાં પણ પડયાં હતાં; પણ અલ્યોશાને તો એમ હતું કે માયાળુ પરીઓએ એને જ માટે એ કાણાં કર્યાં છે. સામેની ગલીમાં કોઈ પરી દેખાઈ આવશે, એને એકાદ રમકડું કે જાદુઈ યંત્ર આ કાણામાંથી આપશે કે પછી ઘણા વખતથી જેમનાં કંઈ સમાચાર નથી એ માતાપિતાનો પત્ર પેલી પરી આપશે... એવી અલ્યોશા રાહ જોયા કરતો. પરંતુ પરીને સહેજ પણ મળતી કોઈ વ્યક્તિ ક્યારેય ન આવી એનું એને દુ:ખ રહ્યા કરતું.

આ વાડની બાજુમાં મરઘીઓ માટે ખાસ બાંધેલી એક નાનકડી ઓરડી હતી, અને મરઘીઓ આખો દિવસ પ્રાંગણમાં રમતી અને દોડાદોડ કર્યા કરતી. આ મરઘીઓને દાણા અને પાઉંના સૂકા ટુકડા ખવડાવવા એ અલ્યોશાને ગમતો બીજો વ્યવસાય હતો. અલ્યોશા બધીય મરઘીઓને નામથી ઓળખતો, એમને લડતી અટકાવતો, અને તોફાની મરઘીઓને કેટલાય દિવસ સુધી ચણવાનું એ

ન આપતો. ભોજન અને વાળુ પછી ટેબલ પરથી પાઉં-ટોસ્ટનો વધેલો ભૂકો ઉસેટીને એ બધી મરઘીઓને ખવડાવતો. બધી મરઘીઓમાંથી ખાસ કરીને કાળી કલગીવાળી એક મરઘી એને બહુ ગમતી. નામેય એનું હતું — **કાળુડી.** આ કાળુડી પણ એના તરફ બીજા કરતાં વધારે સ્નેહ દાખવતી. એ ક્યારેક અલ્યોશાના ટપકારાય સહી લેતી અને પરિણામે પાઉં-ટોસ્ટના સારા-સારા ટુકડા એ કાળુડી માટે રાખતો. સ્વભાવે એ શાંત હતી, બીજી મરઘીઓ જોડે એ ભાગ્યે જ બાખડતી, અને બીજાં બધાં કરતાં અલ્યોશા તરફ એને વધારે માયા હોય એમ લાગતું.

આવા જ કોઈ શિયાળાની લાંબી રજાઓ દરમ્યાન, એક સોહામણા અને અપૂર્વ હૂંફાળા દિવસે અલ્યોશાને બહાર રમવાની છૂટ મળી. તે દિવસે શિક્ષક અને એમનાં પત્ની ખૂબ કામમાં હતાં. તેઓએ નિશાળના નિરીક્ષકને જમવા નોતર્યા હતા, અને એને આગલે દિવસે ફર્શ ઘસવામાં, ધૂળ ઝાપટવામાં અને મહાગોની ટેબલો અને રાચરચીલાને ચમકાવવામાં સવારથી સાંજ પડી ગઈ હતી. વાળુ માટેની ચીજવસ્તુઓ ખરીદવા શિક્ષક જાતે બહાર નીકળ્યા હતા: આર્ખાંગેલ્સ્ક શહેરના વાછરડાનું માંસ, મીઠું ચડાવેલી ડુક્કરની જાંઘ, અને કીયેવ પ્રાંતના ખાદ્ય મસાલાઓ. આ બધી તૈયારીઓમાં અલ્યોશાએ પણ યથાશક્તિ હાથ દીધો હતો. ડુક્કરની જાંઘના માંસને ચારેબાજુથી સજાવવા માટે સફેદ કાગળમાંથી સરસ ઝાલર અલ્યોશા પાસે તેઓએ તૈયાર કરાવી; અને આ પ્રસંગ માટે ખાસ ખરીદેલી છ મીણબત્તીઓ ગોઠવવા કાગળની જુદીજુદી ભાતોય કપાવી. નિશ્ચિત દિવસે કેશકલાકાર આવ્યો અને એણે શિક્ષકના વાળ, મૂછો અને થોભિયા પર પોતાની કલા દર્શાવી. પછી એણે શિક્ષકની પત્ની તરફ ધ્યાન દોર્યું, એની કરચલીઓમાં અંગરાગનાં રસાયણો અને પાવડર ભર્યાં, એને માથે અનેક ફૂલો ભરાવ્યાં, અને વચ્ચે ભરાવી સુશોભિત હીરાઓની વીંટી, જે એમને વિદ્યાર્થીઓનાં માતાપિતાએ ભેટ આપી હતી. આ વાળસંમાર્જન પછી, એણે એક જૂનો ઘસાયેલો ગાઉન ચડાવ્યો, અને ઘરકામમાં ધ્યાન દેવા માંડયું. જોકે એનો કેશવિન્યાસ બગડી ન જાય એની એ કાળજી રાખતી હતી. એટલે તો એ રસોડામાં ન જ ગઈ, અને બારણેથી જ રસોયણને એ સૂચના આપતી રહી. જરૂર પડી ત્યારે એણે એના પતિને રસોડામાં મોકલ્યા, કારણ કે એનો કેશકલાપ એટલો બધો ઊંચો નહોતો.

આ બધી ધાંધલમાં બિચારો અલ્યોશા સાવ વિસરાઈ ગયો હતો, અને એણે પ્રાંગણમાં રમવાનો લાભ લઈ લીધો. ટેવ મુજબ એ પહેલાં તો લાકડાની વાડે

ઊભો, અને એની તિરાડો અને કાણાંમાંથી ક્યાંય સુધી એણે બહાર જોયા કર્યું. પણ રોજની જેમ જ એ ગલીમાંથી કોઈ પસાર ન થયું. છેલ્લે એણે નિ:શ્વાસ મૂકીને વ્હાલી મરઘીઓ તરફ ધ્યાન આપ્યું. એ લાકડાના ટુકડા પર હજી માંડ બેઠો હતો, અને મરઘીઓએ બુચકારતો હતો ત્યાં મોટો ચપ્પુ લઈને રસોયણ એની પાસે આવી બેઠી. અલ્યોશાને આ રસોયણ જરાય ગમતી નહોતી — મિજાજી અને કટકટિયણ હતી એ. પણ એને જ કારણે મરઘીઓની સંખ્યા અવારનવાર ઓછી થતી હતી એની એને જ્યારથી ખબર પડી, ત્યારથી તો એને એ બહુ જ ઓછી ગમતી. અને એક દિવસ એણે જ્યારે એને બહુ ગમતા કૂકડાને, પગે બાંધીને ગળું કપાયેલી હાલતમાં રસોડામાં લટકતો જોયો ત્યારથી તો આ રસોયણની એને બીક લાગતી, તુચ્છકાર થઈ આવતો. વળી અત્યારે એને મોટો ચપ્પુ લઈને પાસે બેઠેલી જોઈ એટલે એ તરત જ સમજી ગયો. એને ખબર હતી કે એ પોતાના મિત્રોને મદદ નહીં કરી શકે, એટલે દોડીને દૂર ભાગી ગયો.

"અલ્યોશા! અલ્યોશા! એકાદ મરઘી પકડવામાં મને મદદ કર!" રસોયણે બૂમ પાડી. પણ અલ્યોશાએ દોટ મૂકી, અને મરઘીઘરની પાછળ સંતાઈ ગયો. એની આંખનાં આંસુ જમીન ભીંજવવા માંડયા.

મરઘીઘરની પાછળ એ ક્યાંય સુધી સંતાઈ રહ્યો. એનું હૃદય જોરથી ધડકતું હતું, અને રસોયણ આખા પ્રાંગણમાં દોડાદોડી કરતી હતી — ક્યારેક મરઘીઓને બોલાવતી, તો ક્યારેક એમને જોરથી બરાડતી.

ઓચિંતું અલ્યોશાનું હ્રદય જોરથી ધડક્યું: એણે વ્હાલી કાળુડીનો અવાજ સાંભળ્યો! એ જાણે છેલ્લું ફફડતી હોય તેમ અલ્યોશાને કહેતી હતી:

"આવ, અલ્યોશા આવ,
તારી કાળુડી બચાવ,
આવ, જલ્દી આવ,—
તારી કાળુડી બચાવ!"

હવે અલ્યોશાથી ત્યાં વધુ રહેવાયું નહીં. ડૂસકાં ભરતાં એ રસોયણ તરફ દોડયો, અને એણે કાળુડીની પાંખ હજી પકડી જ હતી, ત્યાં અલ્યોશાએ રસોયણને ડોકેથી પકડી:

"ત્રિનુશ્કા કાકી!" એના ગાલ પરથી આંસું વહેતાં હતાં: "મારી કાળુડીને મારશો નહીં."

અલ્યોશાએ રસોયણની ડોક એટલી ઓચિંતી પકડી કે કાળુડી મરઘી એના

હાથમાંથી છૂટી ગઈ, અને કાળુડી ગભરાઈને મરઘીઘરને છાપરે ઊડીને ચડી ગઈ. ત્યાંય એ ફફડતી કૂટકૂટાતી રહી. અલ્યોશાને લાગ્યું કે હવે કાળુડી રસોયણની મજાક કરતી હતી:

"આવ, અલ્યોશા આવ!
રસોયણ પકડ!
કાળુડી તો બચી ગઈ!
રસોયણ પકડ!"

પરિણામે રસોયણના ગુસ્સાનો પાર નહોતો; એણે શિક્ષકને ફરિયાદ કરી દેવી હતી, પણ અલ્યોશા એને છોડતો નહોતો. એણે રસોયણના પોશાકનો છેડો પકડી લીધો, અને ખૂબ આજીજી કરી, એટલે એ અટકી ગઈ!


"વ્હાલી ત્રિનુશ્કા કાકી! તમે આટલાં સારાં અને માયાળુ છો. એક મારી કાળુડી મરઘીને છોડો, જુઓ, એના બદલામાં હું તમને શું દઉં છું!"

અલ્યોશાએ એના ખીસામાંથી જૂનો એક સિક્કો કાઢયો. એની એ કુલ મૂડી હતી. એની દાદીએ એને એ સિક્કો આપ્યો હતો. રસોયણે એ સોનાનો સિક્કો જોયો, કોઈ જોતું નથી એની ખાતરી કરવા બારીએ નજર કરી, અને સિક્કો લેવા હાથ લંબાવ્યો. આ સિક્કો આપી દેવો અલ્યોશાને ગમતું નહોતું, પણ એને કાળુડી યાદ આવી, અને એ કિંમતી ભેટને સંકલ્પપૂર્વક રસોયણને ધરી દીધી!

આમ ક્રૂર અને નિશ્ચિત મૃત્યુના મોંમાંથી અલ્યોશાએ કાળુડીને ઊગારી લીધી.

રસોયણ ઘરમાં ગઈ કે તુરત જ કાળુડી છાપરેથી કૂદીને અલ્યોશા પાસે ધસી. એણે પોતાને બચાવી હતી એની કાળુડીને જાણે ખબર હતી: પાંખો ફફડાવતી, આનંદથી કૂટકૂટાટ કરતી એની આજુબાજુ એ ઘૂમતી રહી. બપોર સુધી કૂતરાની જેમ પ્રાંગણમાં એની આજુબાજુ એ દોડતી રહી, જાણે એને કંઈક કહેવું હતું, પણ કહી શકતી નહોતી. એનો આટલો બધો કૂટકૂટાટ એ સમજી ન શક્યો.

ભોજનના બેએક કલાક પહેલાં મહેમાનો આવવા માંડયા. અલ્યોશાને ઉપર બોલાવી તૈયાર કરવામાં આવ્યો - ગોળ કૉલરનું અને બે પટ્ટીના કફવાળું ખમીસ, સફેદ પાટલૂન અને પહોળો બ્લ્યૂ રેશમનો કમરપટ્ટો. કમરે પહોંચતા એના લાંબા મુલાયમ વાળની વચ્ચેથી પાંથી પાડીને, છાતી પર આગળ રહે એ રીતે ઓળવામાં આવ્યા. એ દિવસોમાં કિશોરોના વાળ પણ એ રીતે ઓળવાની ફેશન હતી.



નિરીક્ષક સાહેબ ઓરડામાં આવે ત્યારે પગની એડીઓ પછાડી કેવી રીતે સલામ કરવી, અને એ જો કંઈક પૂછી બેસે તો શું જવાબ દેવો, એ બધું અલ્યોશાને પઢાવવામાં આવ્યું. બીજો કોઈ દિવસ હોત તો તો નિરીક્ષક સાહેબના આગમનથી અલ્યોશાને આનંદ જ થયો હોત; કારણ કે શિક્ષક અને એની પત્ની જે માનથી આ નિરીક્ષક સાહેબ વિશે વાત કરતાં હતાં એ પરથી તો એને લાગ્યું કે એ કોઈ પ્રસિદ્ધ વીરયોદ્ધો હોવો જોઈએ! ચમકતાં શસ્ત્રો અને પીંછાથી શણગારેલું શિરસ્ત્રાણ એ ધારણ કરતો હોવો જોઈએ. પણ અત્યારે તો એનું ધ્યાન પેલી કાળુડીમાં જ આમ તો રોકાયેલું હતું. રસોયણ એની પાછળ ચપ્પુ લઈને પડી હોય, અને પોતાનો જીવ બચાવવા કાળુડી મરઘી કૂટકૂટાતી હોય એવી જ એને કલ્પના આવ્યા કરતી હતી. કાળુડીને શું કહેવું હતું અને પોતાને એ નહોતું સમજાતું, એની જ એને ચિંતા થયા કરતી હતી. એટલે ફરીથી મરઘીઘરમાં દોડી જવાની એને ચટપટી થયા કરતી હતી. પણ આમાંથી છુટકારો મળે તો ને! ભોજન પૂરું થાય ત્યાં સુધી તો રાહ જોવી જ પડશે...

અંતે પધાર્યા નિરીક્ષક સાહેબ! એની ઘોષણા કરી શિક્ષકની પત્નીએ— નિરીક્ષક સાહેબ આવવાના હતા એ દિશાની બારીએ એ ક્યારની નજર માંડીને બેઠી હતી.

ઘોષણાંની સાથે જ ધમાલ થઈ પડી: પ્રાંગણમાં જ એમનું સ્વાગત કરવા શિક્ષક નીચે દોડયા અને મહેમાનો પોતાની જગ્યાએ ઊભા થઈ ગયા. અલ્યોશા પણ એક ક્ષણ માટે તો પોતાની મરઘીઓ ભૂલી ગયો, અને પેલા વીર યોદ્ધાને એના ઉમદા ઘોડેથી નીચે ઊતરતો નિહાળવા એ બારીએ દોડયો. પણ એની નજરે કંઈ ન પડયું; નિરીક્ષક સાહેબ એ દરમ્યાન જ ઘરમાં પ્રવેશી ચૂક્યા હતા. પ્રાંગણમાં કોઈ ઉમદા ઘોડાને બદલે સામાન્ય ઉતારુ સ્લેજ ગાડી ઊભી હતી! અલ્યોશાની નવાઈનો પાર ન રહ્યો. એને થયું: "હું જો કોઈ વીર યોદ્ધો હોત, તો આવી ઉતારુ સ્લેજ ગાડીમાં કદી ન બેસત; હા, મારે તો ઘોડો જ જોઈએ!"

એ દરમ્યાન બારણાં ખૂલી ગયાં હતાં, અને શિક્ષકની પત્ની માનવંતા અતિથિની પ્રશંસા ધીમેધીમે બબડવા માંડી હતી. થોડી વારે અતિથિએ દરવાજે દર્શન દીધાં. શરૂઆતમાં શિક્ષકની જાડી પત્ની આડી ઊભી હતી, એટલે નિરીક્ષક સાહેબ બરાબર દેખાયા નહીં; પણ સ્વાગતનો વિવેક ઝૂકી ઝૂકીને એણે જ્યારે પૂરો કર્યો, ત્યારે એ અલ્યોશાની નજરે ચડયા; એમને જોઈને એને ખૂબ અચંબો થયો. પીંછાળું શિરસ્ત્રાણ નહીં, પણ નાની ચમકતી ટાલ, ઉપર શ્વેત પાવડર અને, અલ્યોશાએ પછીથી નોંધી હતી એ, વાળની લટકતી લટ! નિરીક્ષક

સાહેબ ઓરડામાં આવ્યા ત્યારે અલ્યોશાને એ વાતનુંય આશ્ચર્ય થયું કે ઝમકદાર બખ્તરને બદલે એમણે સાદો ભૂરો પાછળ લટકતી ચાળવાળો ડગલો પહેર્યો હોય, છતાંય બધાં ખૂબ માનપૂર્વક એ યોદ્ધા સાથે વર્તન કરતાં હતાં!

આ બધાંથી અલ્યોશાને ખૂબ જ આશ્ચર્ય થયું હોત, અને બીજો કોઈ વખત હોત તો ટેબલ પરના અપૂર્વ સ્વાદિષ્ટ ભોજનનીય એને મજા પડી હોત! પણ આજે એનું ધ્યાન એમાં હતું જ નહીં. સવારે એની કાળુડી મરઘી પર જે વીત્યું હતું એ જ એના નાનકડા મગજમાં ઘૂમ્યા કરતું હતું. ભોજન પછીનું પીણું, ફળો સફરજનો, નાસપતી, અંજીર, દ્રાક્ષ અને અખરોટ વગેરે ધરવામાં આવ્યાં, પણ ત્યાં સુધી એક પળ માટેય પેલી મરઘીનો વિચાર એના મગજમાંથી ખસ્યો નહીં. ટેબલેથીય બધાં ઊભાં થયાં કે તુરત જ એ શિક્ષક પાસે ભય અને આશાથી ધડકતા હૈયે ગયો અને પ્રાંગણમાં રમવાની રજા માગી.

"જા", શિક્ષકે કહ્યું: "પણ ત્યાં ઝાઝું રમીશ નહીં, હમણાં અંધારું થઈ જશે."

ખિસકોલીની રૂંછાંદાર ચામડીના અસ્તરવાળો લાલ ઓવરકોટ અને સાઇબિરિયાના કાળા પશુઓની ચામડી અને લીલા મખમલમાંથી બનાવેલી ટોપીને ઝડપથી ફેંકતોક એ તો મરઘીઘરની વાડે પહોંચ્યો. મરઘીઓ ઊંઘવાની તૈયારી કરવામાં માંડી હતી: એમને નિંદર ચડી હતી, અને અલ્યોશાના હાથના પાંઉ-ટોસ્ટના ભૂકાથી એમને કંઈ બહુ આનંદ ન થયો. એક માત્ર કાળુડીને ઊંઘવાની ઇચ્છા ન લાગી: એ તો પાંખો ફફડાવતી, કૂટકૂટાટ કરતી અલ્યોશા પાસે દોડી. અલ્યોશા જ્યાંય સુધી એની સાથે રમ્યો, અને અંધારું વધતાં ઘરમાં જવાનો વખત થયો ત્યારે, એની વ્હાલી કાળુડી મરઘીને એની જગ્યાએ બરાબર બેસાડીને એણે મરઘીઘર બંધ કર્યું. એ જવા વળ્યો ત્યારે અંધારામાં મરઘીની આંખો તારાની જેમ ટગટગતી હતી, જાણે ધીમેથી એ કહેતી હતી:

"અલ્યોશા, અલ્યોશા! રોકાઈ જા અહીં મારી સાથે!"

પણ અલ્યોશા હોસ્ટેલનાં મકાનમાં પાછો વળ્યો અને ખાલી વર્ગના ઓરડામાં મોડે સુધી બેસી રહ્યો. હોસ્ટેલના બીજા ભાગમાં અતિથિઓએ રાતના સાડા દસ સુધી વાતો કરી. એ બધાં ગયાં એ પહેલાં અલ્યોશા એ નીચલે માળે એના ખંડમાં જઈ, કપડાં બદલી લીધાં. બત્તી બંધ કરી એ પથારીમાં પડી રહ્યો. એને ક્યાંય સુધી ઊંઘ ન આવી. છેવટે નિદ્રાદેવીએ જ્યારે એનો કબજો લીધો, અને સ્વપ્નામાં કાળુડી મરઘી સાથે એ વાતનો દોર હજી જમાવતો હતો, ત્યાં જ વિદાય લેતા અતિથિઓના ઘોંઘાટથી એ દુર્ભાગ્યે જાગી ગયો.

નિરીક્ષક સાહેબને મીણબત્તીને અજવાળે, સ્લેજ ગાડીમાં બેસાડીને વિદાય આપ્યા પછી થોડી વારે શિક્ષક છાત્રાલયના ભાગમાં આવ્યા: બધું બરાબર છે એની ખાતરી કરી બારણું બંધ કરીને એ ગયા.

આકાશમાંથી રેલાતી ચાંદની અધખોલા બારણામાંથી ઓરડામાંય આવતી હતી. ઉઘાડી આંખે પડયો પડયો અલ્યોશા ઉપલા માળનો અવાજ સાંભળતો હતો. તેઓ ટેબલ-ખુરશીઓ ગોઠવતાં આમતેમ ચાલતાં સંભળાતાં હતાં.

અંતે બધે શાંતિ છવાઈ ગઈ. બાજુના પલંગ પર એની નજર ગઈ, એના પર ચાંદનીનું થોડું અજવાળું પડતું હતું, અને સફેદ ઓછાડ લગભગ જમીન સુધી લટકતો હતો. ઓચિંતો એ સહેજ હલ્યો. એણે જોયાં કર્યું... ને ત્યાં ઓછાડ સાથે કંઈ ઘસાયું અને પછી એને ધીમેથી કોઈ બોલાવતું હોય એમ લાગ્યું:

"અલ્યોશા, અલ્યોશા!"

એને બીક લાગી. ઓરડામાં એ એકલો હતો, અને ઓછાડ નીચે કોઈ ચોરલૂંટારો હોવો જોઈએ, એવો એને પહેલાં તો વિચાર આવ્યો. પછી એને થયું કે ચોર એને નામ દઈને તો ન જ બોલાવે. હૈયું ફફડતું હતું તોય એ વિચારે એનો શ્વાસ થોડો હેઠો બેઠો. પથારીમાં બેઠા થઈને જોયું તો પેલો ઓછાડ ખરેખર હલતો હતો... હવે એને કોઈનો સ્પષ્ટ અવાજ સંભળાયો:

"અલ્યોશા! અલ્યોશા!"

ઓચિંતો પેલો ઓછાડ ઊંચો થયો, અને પાછળથી દેખાઈ — કાળુડી મરઘી!..

"અરે, એ તો તું, કાળુડી મરઘી!" અલ્યોશાએ આશ્ચર્યથી કહ્યું: "તું અહીં ક્યાંથી?"

કાળુડીએ પાંખો ફફડાવી, ઊડીને બેઠી એના પલંગમાં અને માનવીય અવાજમાં એણે કહ્યું:

"એ તો હું અલ્યોશા, તને મારી બીક તો નથી લાગતી ને?"

"મને તારી બીક શું કામ લાગે?" તેણે કહ્યું: "તું મને ગમે છે. પણ તું આટલું સરસ બોલે છે એની મને આ તો નવાઈ લાગે છે... તને બોલતાં આવડતું હશે એની મને ખબર જ નહોતી."

"તને જો મારી બીક ન લાગતી હોય," મરઘીએ ઉમેર્યું: "તો ચાલ મારી સાથે, ઝડપથી કપડાં પહેરી લે."

"તું તો કમાલ છે, કાળુડી!" અલ્યોશાએ કહ્યું: "હું અંધારામાં કેવી રીતે કપડાં પહેરું? મને મારાં કપડાંય નહીં મળે. તુંય મને માંડ દેખાય છે."

"હું તને મદદ કરું," મરઘીએ કહ્યું. કાળુડીએ વિલક્ષણ અવાજમાં કૂટકૂટાટ

કર્યો અને કોણ જાણે ક્યાંથી અલ્યોશાની ટચૂકડી આંગળીઓ જેવડી રૂપેરી મીણબત્તીઓ દેખાઈ. ફર્શ, ખુરશીઓ, બારીઓ અને વૉશ-બેઝીન પર એ મીણબત્તીઓ ગોઠવાઈ ગઈ. ઓરડામાં જાણે દિવસ જેવું અજવાળું થઈ ગયું. મરઘી એને કપડાં આપવા માંડી, અને અલ્યોશા ઝડપથી કપડાં પહેરવા માંડયો.

અલ્યોશા તૈયાર થયો એટલે મરઘીએ ફરીથી કૂટકૂટાટ કર્યો: મીણબત્તીઓ અદૃશ્ય બની ગઈ!

"મારી પાછળ આવ," એણે કહ્યું. અલ્યોશા હિંમતપૂર્વક એની પાછળ ચાલવા માંડયો: મરઘીની આંખોમાંથી પ્રકાશનાં કિરણો નીકળતાં હતાં અને એથી આજુબાજુ અજવાળું થઈ જતું હતું! જોકે પેલી મીણબત્તીઓ જેટલો પ્રકાશ તો એમાંથી નહોતો નીકળતો. બન્ને ખંડમાંથી બહાર નીકળ્યાં.

"બારણે તાળું મારેલું છે," અલ્યોશાએ કહ્યું. પણ મરઘીએ જવાબ ન દીધો: એણે પાંખો ફફડાવી એટલે બારણું આપોઆપ ખૂલી ગયું. બન્ને જણાં પરસાળમાં થઈને સો વરસ ઉપરની પેલી ડચ ડોશીઓ રહેતી હતી એ તરફ વળ્યાં. અલ્યોશા ત્યાં કદી ગયો નહોતો, પણ એણે સાંભળ્યું હતું કે આ ડચ ડોશીઓના ઓરડામાં જૂનું રાચરચીલું હતું. એક ડોશી પાસે મોટો ભૂરો પોપટ હતો, અને બીજી ડોશી પાસે ભૂરી બિલાડી હતી. કહે છે કે આ બિલાડી એટલી હોશિયાર હતી કે ગોળાકાર પટ્ટીમાંથી કૂદીને એના પ્રેક્ષકને પંજો ધરતી! આ બધું જોવાની એને બહુ ઇચ્છા હતી, એટલે મરઘીએ ફરીથી પાંખો ફફડાવી એ વૃદ્ધાઓનાં બારણાં ખોલ્યાં, ત્યારે અલ્યોશાને ખૂબ આનંદ થયો.

પહેલા ઓરડામાં જાતજાતનું જૂનું રાચરચીલું હતું. કોતરણી કરેલી ખુરશીઓ — આરામખુરશીઓ, અને શૃંગારના કબાટ વગેરે. એક બાજુ મોટી સગડી હતી. એની ડચ ટાઈલ્સ ઉપર ભૂરા રંગમાં લોકો અને પશુઓ ચીતરેલાં હતાં: અલ્યોશાને ત્યાં રોકાઈને આ બધું રાચરચીલું જોવું હતું, ખાસ કરીને સગડી ઉપરની પેલી આકૃતિઓ નિહાળવી હતી, પણ કાળુડી મરઘીએ એને જરાય રોકાવા ન દીધો.

તેઓ બીજા ખંડમાં પ્રવેશ્યાં. ત્યાં તો અલ્યોશાના આનંદનો પાર ન રહ્યો. એક સરસ સોનાના પિંજરામાં લાલ પૂછડીવાળો મોટો ભૂરો પોપટ બેઠો હતો. દોડીને એની પાસે પહોંચી જવાનું અલ્યોશાને મન થયું, પણ ફરીથી કાળુડીએ એને ટોક્યો: "અહીં ક્યાંય અડકીશ નહીં," તેણે કહ્યું: "જોજે પેલી ડોશીઓ ક્યાંય જાગી ન જાય!"

અને ત્યારે અલ્યોશાનું ધ્યાન ગયું કે પોપટના પિંજરાની બાજુમાં એક પલંગ હતો, સફેદ સૂક્ષ્મ સુતરાઉ પડદામાં ઢાંકેલો. એની આરપાર એક વૃદ્ધા સૂતેલી

દેખાતી હતી. આ ડોશી જાણે મીણની બનેલી હોય એમ લાગતી હતી. બીજા ખૂણામાં એવા જ પલંગ ઉપર બીજી વૃદ્ધા સૂતી હતી. એની બાજુમાં એક ભૂરી બિલાડી હતી, આગલા પંજાને પસવારતી. ચાલતાં ચાલતાં અલ્યોશાએ એના પંજા તરફ સહેજ હાથ લંબાવી જોયો. પેલી બિલાડીએ તુરત જ મોટેથી મિયાંઉ કર્યું, પોપટે કલ્ગી ઊંચી કરી, બોલી પડયો:

"ગાંડો રે ગાંડો!" પડદાઓની આરપારથી સડાક કરતી બેઠી થતી એક ડોશી એને દેખાઈ. કાળુડી ઝડપથી દોડી. અલ્યોશા પણ એની પાછળ ભાગ્યો. પાછળ બારણું ખૂબ જોરથી અથડાયું... અને ક્યાંય સુધી પોપટે બોલ્યા કર્યું: "ગાંડો રે ગાંડો!.."

"તને શરમ આવવી જોઈએ," વૃદ્ધાઓના ખંડમાંથી બહાર નીકળી કાળુડીએ કહ્યું: "પેલા સૈનિકો કદાચ જાગી પડયા હશે."

"કયા સૈનિકો?" અલ્યોશાએ પૂછયું.

"તું જોજે તો ખરો!" મરઘીએ કહ્યું: "અને જો, ડરીશ નહીં જરાય... હિંમતભેર મારી પાછળ પાછળ આવજે."

પગથિયાં ઊતરીને બન્ને ભોંયતળિયા જેવી જગ્યામાં ગયાં. કેટલીય પરશાળો અને ઓસરીઓમાં થઈને આગળ ચાલ્યાં. અલ્યોશાએ અગાઉ આમાંનું કંઈ જોયું નહોતું. ક્યારેક તો આ પરશાળો એટલી નીચી અને સાંકડી હતી કે અલ્યોશાને નીચું નમવું પડતું. પછી તેઓ મોટા ખંડમાં પ્રવેશ્યાં. પાસાદાર કાચમાંથી બનાવેલી ત્રણ મોટી ઝુંમરો ત્યાં પ્રકાશ ફેલાવતી હતી. આ ખંડને એકેય બારી નહોતી. એની બન્ને દીવાલોએ વીરયોદ્ધાઓ હતા — ચમકતાં બખ્તરો, પીંછાંળા શિરસ્ત્રાણ, ઢાલ અને ભાલાં એ યોદ્ધાઓએ ધારણ કર્યાં હતાં.

કાળુડી મરઘી ચાંપતે પગલે આગળ વધી અને અલ્યોશાનેય નિ:શબ્દ આગળ વધવા જણાવ્યું.

આ ખંડને છેડે ચમકતા પીળા પિત્તળનો મોટો દરવાજો હતો. બન્ને ત્યાં પહોંચ્યાં એટલે દીવાલો પરથી બે વીરયોદ્ધાઓ કૂદ્યા, ઢાલ પર ભાલા પછાડયા; અને મરઘી તરફ આગળ વધ્યા. કાળુડી મરઘીએ એની કલ્ગી ઊંચી કરી, પાંખો પ્રસારી... એ મોટી ને મોટી થવા માંડી, વીરયોદ્ધાઓથીય એ ઊંચી થઈ ગઈ, અને એમની સામે લડવા માંડી. યોદ્ધાઓએ એને દબાવવા ખૂબ કોશિશ કરી, પણ મરઘીએ પાંખો અને ચાંચથી પોતાનું રક્ષણ કર્યું: અલ્યોશા તો બિચારો ડરી ગયો, એનું હૈયું ધડકવા માંડયું, અને બેભાન થઈને પડયો.

એ જ્યારે ભાનમાં આવ્યો ત્યારે બારણાંના શટરમાંથી સૂર્ય પ્રકાશ આવતો

હતો, અને એ પોતાની પથારીમાં પડયો હતો. કાળુડી મરઘી કે વીરયોદ્ધાઓનું ક્યાંય નામોનિશાન નહોતું. અલ્યોશાને ક્યાંય સુધી કંઈ સમજાયું નહીં. રાત્રે શું બન્યું હતું એની જ એને ખબર ન પડી: એ સ્વપ્ન હતું કે ખરેખર એવું બન્યું હતું? કપડાં પહેરીને એ ઉપર ગયો, પણ આગલી રાતે શું બન્યું હતું એ એનાથી વિસરાયું નહીં. પ્રાંગણમાં જઈને રમી શકાય એ વખતની એ અધિરાઈથી રાહ જોવા માંડયો, પણ કમનસીબ એવું હતું કે તે દિવસે ખૂબ હિમવર્ષા થઈ, અને બહાર નીકળવાનો વિચાર પણ કરી શકાય એમ નહોતું.

વાળુ પછી શિક્ષકની પત્નીએ પોતાના પતિને બીજી બધી વાતોની વચ્ચે કહ્યું કે કાળી મરઘી દેખાતી નથી, ને પછી ઉમેર્યું: “પણ કંઈ વાંધો નહીં, એ ન મળે તોય શું? એને કાપીને રાંધી નાંખવાનોય વિચાર થાય છે… પણ વિચાર તો કરો, આપણે એ ખરીદી ત્યારથી એણે એક પણ ઈંડું મૂક્યું નથી.”

અલ્યોશા બિચારો રડવા જેવો થઈ ગયો. એને એમ પણ થયું કે કપાઈને રંધાવા કરતાં કાળુડી મરઘી હવે હાથ જ ન લાગે તો સારું.

વાળુ પછી અલ્યોશા ફરી પાછો ઓરડામાં એકલો પડયો. ગઈ રાત્રે શું બન્યું હશે એ જ વિચાર એના મનમાં ઘોળાયા કરતો હતો; પોતાની વ્હાલી કાળુડી મરઘીનો વિયોગ એનાથી સહન નહોતો થતો. ક્યારેક એને લાગતું કે મરઘી ઘરમાંથી અદૃશ્ય થવા છતાં, રાત્રે તો એના જોવામાં એ આવશે જ; પણ પછી એ વાત અશક્ય લાગતાં એ પાછો હતાશ થઈ જતો.

સૂવાનો વખત થયો એટલે ઝડપથી કપડાં બદલી એ અધિરાઈથી સૂઈ ગયો. બાજુના પલંગમાં એણે જોયું તો ચાંદનીના આછા અજવાળામાં પેલો સફેદ ઓછાડ ફરીથી હલ્યો — આગલી રાતની જેમ જ… ફરીથી એણે એને જ બોલાવતો અવાજ સાંભળ્યો: “અલ્યોશા… અલ્યોશા!..” અને થોડી વારે ઓછાડ નીચેથી કાળુડી મરઘી નીકળી, અને અલ્યોશાના પલંગ પાંખો ફફડાવતી આવીને બેઠી.

“ઓહ! કાળુડી, તું? કેમ છે?” અલ્યોશા આનંદથી લગભગ બૂમ પાડી ઊઠયો: “મને તો બીક હતી કે હું તને કદી જોવા નહીં પામું. મજામાં તો છો ને?”

“મજામાં છું,” તેણે કહ્યું: “પણ સહેજ અજુગતું બની ગયું છે તારે લીધે!”

“પણ થયું શું, કાળુડી?” અલ્યોશાએ ડરી જઈને પૂછ્યું.

“જો, આમ તો તું ખૂબ ડાહ્યો છોકરો છે,” કાળુડીએ આગળ ચલાવ્યું: “પણ તું સહેજ ચંચળ છે; એક વખત કોઈ કહે તો તું માનતો નથી. પણ એ કાંઈ સારું ન કહેવાય. જો, ગઈ કાલે મેં તને કહ્યું હતું કે પેલી ડોશીઓના ઓરડામાં શેનેય અડકીશ નહીં; ને તોય તેં તો પેલી બિલાડીનો પંજો પસવાર્યો.

બિલાડી ગભરાઈને જાગી ગઈ, એનાથી ડોશીઓ જાગી ગઈ, અને એમણે પેલા યોદ્ધાઓને જગાડયા. પરિણામે મારે બધું બળ ભેગું કરી એમની સાથે બાખડવું પડયું."

"મને માફ કર, વ્હાલી કાળુડી! હવે પછી એવું નહીં કરું, બસ! આજે મને ત્યાં ફરીથી લઈ જા ને! હું તારી બધી વાત માનીશ, તું જોજે!"

"સારું," કાળુડી મરઘીએ કહ્યું: "જોઈશું એ તો."

મરઘીએ ગઈ કાલની જેમ પાંખો ફફડાવી અને ફરીથી પેલી ટચુકડી મીણબત્તીઓ રૂપેરી દીવીઓમાં દેખાઈ. અલ્યોશાએ કપડાં પહેરી લીધાં, અને કાળુડીની પાછળ ચાલવા માંડયો. ફરીથી તેઓ પેલી ડોશીઓના શયનખંડમાંથી પસાર થયાં. પણ આજે અલ્યોશા આમથી તેમ સહેજ પણ થતો નહોતો. બન્ને પહેલા ઓરડામાંથી પસાર થતાં હતાં ત્યારે અલ્યોશાને લાગ્યું કે ટાઈલ્સ પર દોરેલી લોકો અને પશુઓની આકૃતિઓ જાતજાતની હાસ્યાસ્પદ મુખમુદ્રાઓ એની સામે ફરતી હતી, અને જાણે અલ્યોશાને પોતાના તરફ આકર્ષી રહી હતી; પરંતુ અલ્યોશા જરાય ટસનો મસ ન થયો. બીજા ઓરડામાં ડચ ડોશીઓ ગઈ કાલની જેમ જ, જાણે મીણની હોય તેમ, પલંગે સૂતી હતી. પેલી ભૂરી બિલાડીએ જાણે ગભરાઈને અલ્યોશા સામે જોયું, આંખો પટપટાવી અને ફરીથી પોતાનો પંજો એણે અલ્યોશા તરફ ધર્યો. અરીસાની સામેના ટેબલ ઉપર અલ્યોશાની નજરે ચડી બે ચિનાઈ માટીની ઢીંગલીઓ. આગલી રાતે એના તરફ અલ્યોશાનું ધ્યાન નહોતું ગયું. બન્ને એને બોલાવતી હતી; પણ અલ્યોશાને કાળુડી મરઘીની સૂચના યાદ આવી, એટલે એ થોભ્યો નહીં. પણ એમની પાસેથી પસાર થતાં માથું નમાવ્યા વિના એનાથી ન રહેવાયું. બન્ને ઢીંગલીઓ ટેબલેથી કૂદી, એની પાછળ દોડી. બન્ને હજીય એના તરફ માથું હલાવ્યા કરતી હતી, બન્ને એવી મજાની લાગતી હતી કે અલ્યોશા એમને જોવા ઊભો જ રહી ગયો હોત; પણ કાળુડી મરઘીએ એના તરફ એવી ક્રુદ્ધ આંખે જોયું કે એ વિચાર જ એણે પડતો મૂક્યો. ઢીંગલીઓ એમની પાછળ દરવાજા સુધી આવી અને અલ્યોશા હવે નજર સુદ્ધાં નથી કરતો એ જોઈને, પોતાની જગ્યાએ પાછી ફરી ગઈ.

બન્ને ફરીથી પગથિયાં ઊતર્યાં, પરશાળો અને ઓસરીઓ વટાવી અને પાસાદાર કાચના ત્રણ મોટા ઝુંમરોથી ઝળહળતા ઓરડામાં પ્રવેશ્યાં. ફરી ત્યાં પેલા વીરયોદ્ધાઓ દીવાલને ટેકેઊભા હતા. અને બન્ને જણાં પેલા તળને દરવાજે પહોંચ્યાં કે તુરત જ એમનો રસ્તો રોકવા, બે યોદ્ધાઓ દીવાલેથી આગળ આવ્યા. પણ ગઈકાલ જેટલા તેઓ ગુસ્સામાં નહોતા. બન્ને યોદ્ધાઓ પાનખરની

આખીઓની જેમ માંડ માંડ આગળ ઢસડાયા. આજે તેઓ પોતાના ભાલા પણ મહાપરાણે પકડી શકતા હતા.

ફરી કાળુડી મોટી ને મોટી થઈ, એણે એની કલ્ગી ઊંચી કરી. પછી એણે પોતાની પાંખથી બન્નેને જ્યારે માર્યા ત્યારે તેઓનો ભાંગીને ભૂકો થઈ ગયો. અલ્યોશાને એ બખ્તરના ખાલી ખોખાં જેવાં લાગ્યાં. પિત્તળનું બારણું હવે આપમેળે ખૂલ્યું અને તેઓ આગળ વધ્યાં.

થોડી વારે તેઓ બીજા ખંડમાં પ્રવેશ્યાં. એ ખંડ મોટો પણ ખૂબ નીચો હતો. એટલો નીચો કે અલ્યોશા એની છતને આંબી શકતો હતો. આ ખંડમાં નાની નાની મીણબત્તીઓ હતી; જે અલ્યોશાએ પોતાના ઓરડામાં જોઈ હતી. માત્ર આ મીણબત્તીઓ રૂપાને બદલે સોનાની હતી.

અલ્યોશાને ત્યાં મૂકીને જતાં, કાળુડીએ કહ્યું: "અહીં થોભ થોડી વાર, હું હમણાં આવું છું. આજે તેં સારું વર્તન કર્યું. હા, જોકે પેલી ચિનાઈ માટીની ઢીંગલીઓને માથું નમાવવાની તેં ભૂલ કરી કહેવાય! તેં જો માથું ન નમાવ્યું હોત, તો પેલા યોદ્ધાઓ દીવાલે જ લટકી રહેત. પણ આજે તેં પેલી ડોશીઓને જગાડી નહીં, એટલે આ યોદ્ધાઓમાં તાકાત જ નહોતી!" આટલું કહીને કાળુડી ચાલી ગઈ.

એકલો પડતાં, અલ્યોશા ખંડમાં આમતેમ ફરવા માંડયો. એનું રાચરચીલું ખૂબ મજાનું હતું. ખંડની દીવાલ સંગેમરમરની હોવી જોઈએ, શાળાની રસાયણની કબિનમાં એણે એવું જોયું હતું. એની આજુબાજુની પેનલ અને બારણાં શુદ્ધ સોનાનાં હતાં. ખંડને છેવાડે, લીલા ચંદરવા નીચે સહેજ ઊંચા મંચ ઉપર સોનાની ખુરશીઓ હતી. અલ્યોશાને એ રાચરચીલું ગમ્યું, પણ એ બધું જાણે નાનાં નાનાં રમકડાંઓ માટે હોય એટલું બધું વામણું હતું. અલ્યોશાની નવાઈનો પાર નહોતો.

ભારે જિજ્ઞાસાથી આ બધું એ હજી નિહાળી રહ્યો હતો, ત્યાં બાજુનું એક બારણું ખૂલ્યું. એના તરફ પહેલાં એની નજર જ નહોતી પડી. આ બારણામાંથી એકાદ ફૂટ ઊંચા, અને સુંદર પોશાકોમાં સજ્જ કેટલાય વામન લોકો ધસી આવ્યા. પોશાકોમાં એ બધા પ્રભાવશાળી લાગતા હતા. એમના પોશાક પરથી જણાયું કે એમાંના થોડા સૈનિકો હશે, બીજા સરકારી અધિકારીઓ હશે. બધાને માથે પીંછાંળી ટોપીઓ હતી—સ્પેનના લોકો પહેરે તેવી. તેઓએ અલ્યોશા તરફ નજર સુદ્ધાં ન કરી, ઊલટું, આખા ખંડમાં આમથી તેમ ફર્યા કર્યું. બધા મોટેથી વાતો કરતા હતા. પણ અલ્યોશાને એમાંનું કંઈ સમજાયું નહીં.

એણે નિ:શબ્દ રહી ક્યાંય સુધી આ બધું જોયા કર્યું. અને પછી એમની પાસે જઈને એક સવાલ પૂછવાની તૈયારી કરતો હતો, ત્યાં ખંડના છેવાડાનો દરવાજો ખૂલ્યો... બધા શાંત થઈ બે હારમાં ખડા થઈ ગયા, અને માથેથી ટોપીઓ ઉતારી.

બીજી જ પળે આખો ખંડ પ્રકાશથી ઝળહળી ઊઠયો. નાની મીણબત્તીઓનું અજવાળું જાણે વધ્યું. અલ્યોશા જુએ છે તો વીસ વીરયોદ્ધાઓ બે હારમાં શાંતિથી કદમ મિલાવતા આવ્યા. એમણે સોનાનાં બખ્તર, લાલ પીંછાળા શિરસ્ત્રાણ ધારણ કર્યાં હતાં. તેઓ પેલા સિંહાસનની બન્ને બાજુએ શાંતિથી ઊભા રહી ગયા. થોડી વારે કિંમતી હીરામોતીનો મુગટ ધારણ કરેલો એક માણસ શાહી ઠાઠમાં ખંડમાં પ્રવેશ્યો. એણે આછા લીલા રંગનો ઝભ્ભો પહેર્યો હતો; ઉંદરોની રૂંછાંળી ચામડીથી એના છેડા ઓટવામાં આવ્યા હતા; એના પોશાકના પાછળના છેડાને બીજા વીસ દરબારીઓ પકડીને લાવી રહ્યા હતા. આ દરબારીઓએ કિરમજી રંગનો પોશાક પહેર્યો હતો.


અલ્યોશાને થયું કે આ રાજા જ હોવો જોઈએ. એણે ધીમેથી ઝૂકીને સલામ કરી. રાજા પણ ગૌરવથી એની સામે નમ્યા, પછી એ સુવાર્ણાસને બિરાજ્યા. રાજાના કહેવાથી એક યોદ્ધો અલ્યોશા પાસે આવ્યો, અને એને સુવર્ણાસન તરફ જવા કહ્યું. અલ્યોશાએ એ આદેશ માથે ચડાવ્યો.

રાજાએ કહ્યું: "મને થોડા વખતથી માહિતી મળી છે કે તું ડાહ્યો, માયાળુ છોકરો છે. પરમદિવસે તેં મારી પ્રજાની ખૂબ સેવા કરી અને એ બદલ તું ઇનામને લાયક ઠરે છે. મારા મુખ્ય પ્રધાને મને કહ્યું કે નિશ્ચિત ક્રૂર મૃત્યુના મુખમાંથી તેં એને બચાવ્યો હતો."

"ક્યારે?" અલ્યોશાએ આશ્ચર્યથી પૂછ્યું.

"પરમદિવસે. પ્રાંગણમાં." રાજાએ કહ્યું: "તેં જેનો જાન બચાવ્યો એ માણસ આ રહ્યો."

રાજા જેના તરફ નિર્દેશ કરતા હતા એ વ્યક્તિ તરફ અલ્યોશાએ જોયું. અને ત્યારે બધા રાજદરબારીઓની વચ્ચે ઊભેલા એક વામણા માણસ પર એની નજર પડી. એનો આખો પોશાક કાળો હતો, માથે એક લાલ રંગની દાંતાદાર ટોપી પહેરી હતી, જે એક બાજુ સહેજ ઢળતી હતી. ગળે સફેદ ટાઈ, એ એટલી કડક કે એમાંથી સહેજ નીલાશ પડતી ઝાંય ઊઠતી હતી. એણે આભારવશ સ્મિત આપ્યું, અને અલ્યોશા સામે જોયું. આ ચહેરો પરિચિત હતો, પણ એને ક્યાં જોયો હતો એ અલ્યોશાને યાદ ન આવ્યું.



આવા ઉમદા કાર્યના કર્તા તરીકેના ઉલ્લેખથી એની છાતી ફુલાઈ. પણ અલ્યોશાને સત્ય પણ પ્રિય હતું, અને તેથી માથું ઝુકાવીને એણે કહ્યું:

"નામદાર, મેં એવું કર્યું નથી, અને એનો યશ મારે નથી જોઈતો. પરમદિવસે મને તમારા કોઈ પ્રધાનને નહીં, પણ અમારી એક મરઘીને મરતાં ઉગારી લેવાનું સદ્‌ભાગ્ય મળ્યું હતું. એ મરઘીએ એક પણ ઈંડું નહોતું મૂક્યું, એટલે અમારી રસોયણને એ ગમતી નહોતી!"

"આ તું શું કહે છે?" રાજાએ ગુસ્સે થઈ એને વચ્ચે રોકતાં કહ્યું: "મારો પ્રધાન કંઈ મરઘી નથી, એ તો સંમાનનીય અધિકારી છે."

પ્રધાન આગળ આવ્યો. અને ત્યારે અલ્યોશાએ એને ઓળખ્યો કે એ જ હતી એની કાળુડી મરઘી! એની ખુશીનો પાર નહોતો. એણે રાજાની માફી માગી. પણ આ બધાનો અર્થ એને હજી સમજાતો નહોતો.

"તારે શું જોઈએ છે, એ કહે," રાજાએ ઉમેર્યું: "મારાથી બનશે તો તારી ઈચ્છા પૂરી કરીશ."

"જરાય ડરીશ નહીં, અલ્યોશા!" પ્રધાને ધીમેથી એના કાનમાં કહ્યું.

અલ્યોશાએ ખૂબ વિચાર કર્યો, પણ શું માગવું એની એને સમજણ ન પડી. એને થોડોક વધુ વખત મળ્યો હોત, તો કંઈક સારું એણે માગ્યું પણ હોત. પણ રાજાને વધુ રાહ જોવડાવવી અવિવેક ધારીને એણે ઉતાવળે કહી નાંખ્યું:

"મારાથી બરાબર ભણાયા ન હોય, એ બધા પાઠ મને યાદ હોય તો મને ગમે," તેણે કહ્યું.

"તું આટલો આળસુ હોઈશ એની મને ખબર નહોતી," રાજાએ માથું હલાવતા જવાબ દીધો: "પણ તોય તારી ઈચ્છા મારે પૂરી કરવી પડે."

એણે હાથ હલાવ્યો, અને એક કારભારી સોનાની તાસક લાવ્યો. એમાં શણનું એક બી હતું.

"આ બી લઈ લે," રાજાએ કહ્યું: "એ જ્યાં સુધી તારી પાસે હશે, ત્યાં સુધી ગમે તેવો પાઠ પણ તને યાદ રહેશે. હા, ફક્ત શરત એટલી કે આજે તેં અહીં જે જોયું છે કે જોવાનો છે, એનો હરફેય કોઈને કહીશ નહીં! એમાં સહેજ પણ ચૂકીશ, તો અમારી આ કદરદાનીનું ફળ તારી પાસેથી ઝુંટવાઈ જશે; અને અમનેય બહુ મુશ્કેલી અને નારાજી થશે."

અલ્યોશાએ એ શણનું બીજ લીધું, કાગળમાં એનું પડીકું વાળ્યું અને ખીસામાં મૂક્યું. આ આખી વાત વિશે મૂંગા રહેવાનું અને ભૂલ નહીં કરવાનું એણે વચન દીધું. રાજાએ પોતાના પ્રધાનને ખૂબ સારી રીતે અલ્યોશાનું મનોરંજન કરવાનો

આદેશ દીધો. ને પછી, સુવર્ણાસને ઊઠી, એ જ દોરદમામથી ખંડમાંથી એ ચાલ્યા ગયા.

રાજા જેવા કે ગયા કે તુરત જ બધા દરબારીઓ અલ્યોશાને ઘેરી વળ્યા; અને પોતાના પ્રધાનનો જાન બચાવવા બદલ આભાર માનવા લાગ્યા. બધા એને માટે કંઈ ને કંઈ કરવા આતુર હતા—એકે એને શાહી બગીચામાં ફરવા લઈ જવા કહ્યું, બીજાએ શાહી પ્રાણીસંગ્રહ બતાવવા તૈયારી બતાવી, ત્રીજાએ શિકાર ખેલવા એને આમંત્રણ આપ્યું. એમાંથી શું પસંદ કરવું એની અલ્યોશાને સમજ ન પડી. અંતે પ્રધાન જાહેર કર્યું કે આપણા વ્હાલા અતિથિને ભૂગર્ભની અજાયબીઓ પોતે જાતે બતાવશે.

પહેલાં એ અલ્યોશાને બગીચામાં લઈ ગયો. વૃક્ષો પર લટકતાં અસંખ્ય નાનાં ફાનસોનું અજવાળું ઝીલતા અનેક રંગીન પત્થરો બગીચાના માર્ગ ઉપર જડેલા હતા. એના પ્રકાશથી અલ્યોશાને આનંદ થયો.

"આ પત્થરો એટલે તમે જેને 'હીરા' કહો છો એ," પ્રધાને કહ્યું: "એમાં હીરા, માણેક, પન્ના, મણિ વગેરે છે."

"અમારા રસ્તાઓ પણ એનાથી બનેલા હોત તો કેવું સારું," અલ્યોશાથી બોલી પડાયું.

"એમ થાય, તો અમારે ત્યાં જેમ એની કિંમત નથી, તેમ તમારે ત્યાંય એની કિંમત ન હોત." પ્રધાને કહ્યું.

બગીચાનાં વૃક્ષોય અલ્યોશાને ખૂબ મનમોહક પણ થોડાં વિચિત્ર લાગ્યાં. એના રંગ જ જુદા હતા: લાલ, લીલા, ભૂખરા, સફેદ, નીલા અને જાંબલી. એણે ધ્યાનથી જોયું તો લાગ્યું, એ સહેજ જુદા પ્રકારાનો શેવાળ જ હતો! જોકે હતો થોડો જાડો અને ઊંચો. પ્રધાને કહ્યું કે મહારાજાએ દૂરદૂરના દેશોમાંથી અને ધરતીના પેટાળમાંથી આ શેવાળ ખાસ મંગાવીને અહીં વાવ્યો છે.

બગીચામાંથી તેઓ પ્રાણીસંગ્રહાલયમાં ગયા. એમાં અનેક જંગલી પશુઓને સોનેરી સાંકળે બાંધેલાં હતાં. ધ્યાનથી જોયું, તો એ બધાં મોટા મોટા ઉંદરો, છછૂંદરો અને એવાં પ્રાણીઓ હતાં, જે ભૂગર્ભમાં અને ખેતરોમાં રહેતાં હોય છે. આ બધાથી એને નવાઈ થઈ, પણ અવિવેકની બીકે એણે કંઈ ન કહ્યું.

હરીફરીને રાજખંડોમાં પાછા ફર્યા, ત્યારે અલ્યોશા માટે ભોજનટેબલ તૈયાર હતું. એના પર જાતજાતની મિઠાઈઓ, પીપરમીંટ, ફળ અને માંસની વાનીઓ હતી. બધી તાસકો શુદ્ધ સોનાની હતી, અને લોટા-પ્યાલાઓ હીરા, માણેક અને મણિઓથી જડેલા હતા.

"તને ભાવે તે તું ખા," પ્રધાને કહ્યું: "પણ તારે અહીંથી કંઈ સાથે લઈ જવાનું નથી." તે સાંજે અલ્યોશાએ પેટ ભરીને વાળુ કર્યું હતું, એટલે એને ભૂખ જેવું નહોતું.

"તમે મને શિકારે લઈ જવાના હતા ને?" તેણે પૂછ્યું.

"સારું," પ્રધાને ઉત્તર દીધો: "ઘોડાઓ તૈયાર છે, એમ માનું છું."

એણે સીટી મારી અને ઘોડાના ઉછેરકો હાજર થયા. તેઓ કોતરેલા માથાવાળા શિકારી ઘોડાઓને લગામ પકડીને લઈ આવ્યા. પ્રધાન તો ખૂબ ઝડપથી કૂદીને એને ઘોડે ચડી ગયો. અલ્યોશાને બાકીના બધા કરતાં મોટી ઘોડી આપવામાં આવી હતી.

"જો જો, પેલી ઘોડી તમને પછાડે નહીં," પ્રધાને કહ્યું: "એ ઘોડી જરા તોફાની છે."

અલ્યોશાને મનોમન સહેજ હસવું આવી ગયું, પણ રમકડાંની ઘોડીએ ચડયો ત્યારે એને લાગ્યું કે પ્રધાનની સલાહ ખોટી નહોતી. સાચી ઘોડીની જેમ એ અમળાવા લાગી, અને એ માંડ માંડ જીન પર બેસી રહી શક્યો.

દરમ્યાન પિપૂડાં બજી ઊઠયાં, અને શિકારીઓ પરશાળ અને ઓસરીઓમાં ઘોડાઓ કુદાવવા માંડયા. તેઓએ થોડી વાર આમતેમ ઘોડા કુદાવ્યા, અને અલ્યોશા એમાં જરાય પાછળ ન રહ્યો. જોકે પોતાની અમળાતી ઘોડીને એ માંડ ઝાલી રાખી શકતો હતો.

ઓચિંતા બાજુની પરશાળમાંથી કેટલાક ઉંદરો ધસી આવ્યા: અલ્યોશાએ એવડા ઉંદરો કદી જોયા નહોતા. એમને ચાલ્યા જવું હતું, પણ પ્રધાને એમને ઘેરી લેવા હુકમ કર્યો, એટલે તેઓ થોભી ગયા, અને બહાદુરીપૂર્વક એમણે સામનો કર્યો. તે છતાંય શિકારીઓની હિંમત અને કુશળતાથી ઉંદરોએ શરણે આવવું પડયું. આઠ ઉંદરોને ભોંયભેગા કરવામાં આવ્યા, ત્રણ ભાગી ગયા, અને ખૂબ ઘાયલ થયેલા એક ઉંદરની સારવાર કરવાનો પ્રધાને હુકમ કર્યો, એટલે એને પ્રાણીસંગ્રહાલયમાં લઈ જવામાં આવ્યો.

શિકાર પછી અલ્યોશા એટલો બધો થાકી ગયો હતો કે એની આંખો બંધ થવા માંડી. છતાંય એને કાળુડી મરઘી સાથે ઘણી વાત કરવાની હતી. એટલે રાજખંડમાં પાછા ફરવાની એણે પરવાનગી માગી. પ્રધાને એ સ્વીકારી.

તેઓ ઘોડા કુદાવતા પાછા વળ્યા; અને રાજખંડમાં આવી, ઘોડાઓ એના ઉછેરકોને પાછા સોંપ્યા. દરબારીઓ અને શિકારીઓનો માથું ઝુકાવી આભાર

માન્યો. પછી એમને માટે ખુરશીઓ લાવવામાં આવી. એમાં બન્ને એકબીજાની નજીક બેઠા.

અલ્યોશા કહે: "મને એટલું કહો કે પેલા બિચારા ઉંદરો તો તમને પજવતા નથી, અને તમારા ઘરથી ખૂબ દૂર રહે છે, ને તોય તમે એને કેમ મારી નાંખ્યા?"

પ્રધાન કહે: "અમે જો ઉંદરોનો નાશ ન કરીએ તો અમને એ જોતજોતામાં અમારા ઘરોમાંથી કાઢી મૂકે, અને અમારો ખોરાક પણ ખાઈ જાય. બીજું, ઉંદરની રૂંછાંળી ચામડી વજનમાં હલ્કી અને સુંવાળી હોય છે, એટલે એ અહીં બહુ મોંઘી મળે છે. રાજકુટુંબને જ એમાંથી કપડાં બનાવવાની છૂટ છે."

અલ્યોશાએ પૂછયું: "અને તમે કોણ છો એ મને કહો."

"અમે લોકો ભૂગર્ભમાં રહીએ છીએ, એની તને ખબર નથી?" પ્રધાને જવાબ દીધો: "એ વાત સાચી, કે અમને કદી કોઈએ જોયાં નથી. પણ ખાસ કરીને જૂના જમાનામાં એવા પ્રસંગો બન્યા છે કે જ્યારે અમે જ પેટાળમાંથી નીકળ્યા છીએ અને માનવીઓને અમે કોણ છીએ એ બતાવ્યું છે. પણ હવે માણસો ખૂબ અવિવેકી અને અસાવધાન બની ગયા છે. એટલે અમે પેટાળમાંથી ભાગ્યે જ બહાર નીકળીએ છીએ. અમારામાં એક એવો કાયદો છે, કે જે અમારું જગત જુએ, અમે જેની પાસે છતા થઈને એ જો એને ખાનગી ન રાખે, તો અમારે આ ભૂગર્ભઘરો છોડીને દૂર દૂર બીજા દેશોમાં ચાલ્યા જવું પડે! અહીંના બધા આ રાજસંસ્થાનો અને વ્યવસ્થાઓ છોડીને બધી પ્રજા સાથે અજાણ્યા દેશોમાં જવું પડે. એ અમારા મહારાજાને ગમતું નથી, એની તમને કલ્પના આવી શકશે. તેથી અમારા વિશે ખૂબ સાવધાન રહેવાની હું તમને હૃદયપૂર્વક વિનંતી કરું છું. નહીં તો અમે બધાં, અને ખાસ કરીને હું, ખૂબ દુ:ખી થઈશ. તમારા પ્રત્યેના ઋણને લીધે તમને અહીં બોલાવવા મેં અમારા મહારાજાને વિનંતી કરી હતી. પણ તમારી અસાવધાનીને લીધે અમારે જો અહીંથી ઉચાળા ભરવા પડશે, તો મહારાજા મને ક્યારેય માફ નહીં કરે."

અલ્યોશાએ વચ્ચે પડતાં કહ્યું: "હું તમને વચન આપું છું કે હું તમારા વિશે કોઈની પાસે એક હરફેય નહીં ઉચ્ચારું. ભૂગર્ભવાસીએ વિશે મેં પુસ્તકોમાં જે વાંચ્યું હતું એ મને યાદ આવે છે. કહે છે કે કોઈ એક શહેરમાં એક મોચી રાતોરાત ખૂબ ધનવાન બની ગયો, અને એની એ સંપત્તિ ક્યાંથી આવી એની કોઈને ખબર નહોતી. પછી લોકોને ખબર પડી કે ભૂગર્ભવાસી લોકો માટે એ જૂતા બનાવતો હતો, અને એ લોકો આ મોચીને છૂટે હાથે કિંમત ચુકવતા હતા!"

પ્રધાને કહ્યું: "એ વાત સાચીય હોય શકે."

અલ્યોશાએ પૂછ્યું: "પણ વ્હાલી કાળુડી, મને હવે એ કહે કે તમે જો પ્રધાન હો, તો તમે મરઘી સ્વરૂપ કેમ લીધું, અને પેલી વૃદ્ધ ડચ સ્ત્રીઓ સાથે તમારે શું સંબંધ છે?"

અલ્યોશાની જિજ્ઞાસા સંતોષવાની ઇચ્છાથી કાળુડીએ બધી વિગતો આપવાની હજી શરૂઆત કરી, ત્યાં જ અલ્યોશાની આંખો બંધ થઈ ગઈ, અને એને ગાઢ નિદ્રા ચડી. સવારે જગ્યો ત્યારે એની પથારીમાં એ હતો.

અલ્યોશા ક્યાંય સુધી અસમંજસમાં રહ્યો, અને શું વિચારવું એની એને સમજ જ ન પડી. કાળુડી અને પ્રધાન, રાજા અને વીરયોદ્ધાઓ, ડચ મહિલાઓ અને ઉંદરો — બધું એના મગજમાં આમથી તેમ ઘુમવા માંડયું. એણે આગલી રાતે જે નિહાળ્યું હતું એ બધું સમજવામાં એને મુશ્કેલી પડી. મહારાજાએ એને શણનું બી આપ્યું હતું એ યાદ આવતાં, એણે ઝડપથી પોતાનાં કપડાં તપાસ્યાં; અને ખીસામાંથી કાગળના પડીકામાં વાળે શણનું બી કાઢ્યું. તેને વિચાર આવ્યો: "હવે જોઈએ કે રાજાનું વચન સાચું પડે છે કે નહીં! ભણવાનું કાલથી શરૂ થાય છે, અને મારું ઘરકામ મેં હજી કર્યું નથી."

એને ખાસ તો ઇતિહાસ નહોતો આવડતો; એમાંથી કેટલાંય પાનાં યાદ રાખવાનું કામ સોંપાયું હતું, પણ એને તો કંઈ યાદ જ નહોતું.

સોમવારે બધા વિદ્યાર્થીઓ પાછા આવ્યા, અને ભણવાનું શરૂ થયું. છાત્રાલયના શિક્ષક જાતે જ દસથી બાર સુધીના તાસમાં ઇતિહાસ શિખવતા હતા.

અલ્યોશાનું હૃદય ધડકતું હતું. એનો વારો આવ્યો સુધી શણનું બી વાળેલું કાગળનું પડીકું એણે ખીસામાં કેટલીય વાર સ્પર્શી જોયું... ત્યાં જ એના નામની બૂમ પડી. ડરતો ડરતો એ શિક્ષક પાસે ગયો, પણ શું બોલવું એની એને ખબર નહોતી. જોકે એનું મોં ખૂલ્યું તો એક પણ ભૂલ વિના ઇતિહાસનાં બધાં પાનાં એ કડકડાટ બોલી ગયો. શિક્ષકે એનાં બે મોઢે વખાણ કર્યાં: જોકે અગાઉ આવું જ્યારે જ્યારે બન્યું હતું અને શિક્ષકે એનાં વખાણ કર્યાં હતાં, ત્યારે એને જેટલો આનંદ થયો હતો, એટલો આનંદ આજે એને ન થયો. જાણે અંદરથી અવાજ ઊઠતો હતો કે આવા વખાણને એ લાયક નહોતો કારણ કે ઇતિહાસ શિખવા એણે મહેનત તો કરી જ નહોતી. કેટલાંય અઠવાડિયાં સુધી શિક્ષકે અલ્યોશાનાં વખાણ કરવાં પડયાં. એને કોઈ પાઠ યાદ ન હોય એવું બનતું નહીં, એને બધું બરાબર યાદ જ હોય. એક ભાષામાંથી બીજી ભાષામાંનો એનો અનુવાદ પણ તદ્દન સાચો હોય... ટૂંકમાં, અલ્યોશાની આ અપૂર્વ શક્તિથી બધા મોંમાં આંગળાં નાંખી ગયા... પરંતુ આ બધાં વખાણથી અલ્યોશાને ઊંડે ઊંડે ખૂબ શરમ આવતી.



વર્ગમાં બધા વિદ્યાથીઓ સમક્ષ એને ઉદાહરણરૂપ ગણાવાતો. પણ એ માટે એની યોગ્યતા નહોતી, એટલે એને અંતરમાં કંઈક ખૂંચ્યા કરતું.

શણનું પેલું બી એને મળ્યું એ પછીના શરૂશરૂનાં અઠવાડિયામાં રોજ રાતે પથારીમાં પડતી વખતે અલ્યોશા કાળુડી મરઘીના નામની બૂમ પાડતો, તો પણ એણે ફરી ક્યારેય દેખા નહોતી દીધી. પહેલાં એને દુ:ખ થતું, પણ પછી એણે મન મનાવી લીધું કે કદાચ કાળુડીને એના હોદ્દા પ્રમાણે અગત્યનાં કામોમાં રોકાઈ રહેવું પડતું હશે. પછી ધીમેધીમે એના પર પ્રશંસાનાં એટલાં પુષ્પો વેરાતાં કે કાળુડી તરફ પણ એનું ધ્યાન ભાગ્યે જ દોરાતું.

આ દરમ્યાન અલ્યોશાની આ અસાધારણ શક્તિઓ વિશેની વાત આખા પિટર્સબર્ગમાં ઝડપથી ફેલાઈ ગઈ. એનાં વખાણ કરવા શાળાના નિરીક્ષકે આ શાળાની અનેક વખત મુલાકાત લીધી. પરિણામે શાળા ખૂબ પ્રખ્યાત થઈ ગઈ. એટલે શિક્ષકનેય અલ્યોશાની કિંમત સમજાઈ. આખા શહેરમાંથી વાલીઓ શિક્ષક પાસે દોડયા. પોતાનાં બાળકોને પ્રવેશ આપવા વિનંતી કરવા માંડયા કે જેથી એ બધાંય અલ્યોશા જેટલા હોશિયાર બને.

જોતજોતામાં આ શાળામાં એટલો બધો ધસારો થયો કે નવા વિદ્યાર્થીઓ માટે જગ્યા ન રહી. પરિણામે શિક્ષક અને એની પત્નીએ અત્યારના કરતાં વધારે મોટું મકાન ભાડે રાખવાનો વિચાર કર્યો.

મેં અગાઉ કહ્યું તેમ, પોતાની યોગ્યતા ન હોવા છતાં આટલાં બધાં વખાણ થતાં જોઈને, અલ્યોશાને શરૂશરૂમાં તો શરમ આવતી; પણ પછી એને એની ટેવ પડી ગઈ. ધીરે ધીરે એ એવો અભિમાની બની ગયો કે સહેજ પણ ખચકાયા વિના એ બધી પ્રશસ્તિ સ્વીકારવા માંડયો. ખુદને માટે એને ગર્વ થવા માંડયો. બીજા કિશોરો સમક્ષ એ હવે દેખાડો કરતો. બાકીના બધા કરતાં પોતે વધુ હોશિયાર અને સારો હતો, એવુંય એને થવા માંડયું હતું. પરિણામે એનું ચારિત્ર્ય પણ બગડવા માંડયું. સારો, માયાળુ અને નમ્ર કિશોર મટીને એ અભિમાની, અવિનયી બની ગયો. એનું અંતર એને આ માટે ઘણી વાર ઠપકો આપતું. અંદરથી અવાજ પણ ઊઠતો: "અલ્યોશા, અભિમાન ન કરીશ, જે તારો ગુણ નથી, એનો તું યશ ન લઈશ. બીજાં બાળકો કરતાં તું જેમાં આગળ છે એને તારું સદ્ભાગ્ય માનજે; પણ એમના કરતાં તું સારો છે એવું તો તું માનીશ જ નહીં! તું જો સુધરીશ નહીં તો તને કોઈ પ્રેમ નહીં કરે. પરિણામે તારી આ વિદ્વતાને લીધે જ તું સૌથી વધુ દુ:ખી કિશોર બની રહીશ."

એને ક્યારેક ક્યારેક સુધરી જવાનો સંકલ્પ પણ થઈ આવતો. પણ દુર્ભાગ્યે

એની અંદરનો ગર્વ એટલો મજબૂત હતો કે અંતરનો અવાજ દબાઈ જતો! દિવસો દિવસ એ જેમજેમ બગડવા માંડયો, તેમ તેમ એના સહપાઠીઓને એ ઓછોને ઓછો ગમવા માંડયો.

એટલું ઓછું હતું તેમ, અલ્યોશા તોફાનીય બનવા માંડયો; એને કહેવામાં આવતા એ પાઠ એણે હવે તૈયાર કરવાના રહેતા નહીં; અને બીજા કિશોરો જ્યારે ઘરકામ કરવા બેસતા ત્યારે એ જાતજાતનાં તોફાને ચડતો; એના પ્રમાદથી એનું ચારિત્ર્ય સાવ બગડી ગયું.

પછી તો એના દુર્વ્યવહારથી બધા એટલા ત્રાસી ગયા કે આ તોફાની છોકરાને સુધારવાના માર્ગો એના શિક્ષકો વિચારવા માંડયા. એ માટે બાકીના બધા કરતાં એને બેથી ત્રણ ગણું ઘરકામ એ આપવા માંડયા; પણ એનાથીય કંઈ ફેર ન પડયો. અલ્યોશા ભણવા બેસતો જ નહીં, ને તે છતાંય બધા પાઠ તો એને પહેલેથી છેલ્લે સુધી મોઢે યાદ રહેતા!

હવે આ અલ્યોશાનું શું કરવું એ વિચારે મુંઝાઈને એના શિક્ષકે, એનાં તોફાન ઓછાં કરવા બીજે જ દિવસે વીસ પાનાનો એક પાઠ મોઢે કરી લાવવાનું કહ્યું.

પણ એનાથી કંઈ ફેર ન પડયો. આપણા અલ્યોશાએ એ પાઠ સામુંય ન જોયું; ઊલ્ટું, એ દિવસે રોજ કરતાં એણે વધારે તોફાન કર્યું. પાઠ યાદ નહીં હોય તો સજા કરવાની શિક્ષકની ધમકીય નકામી ગઈ. આવી ધમકીઓમાંથી પેલું શણનું બી એને ઉગારી લેશે, એની ખાતરી હોવાથી અલ્યોશાને હસવું આવી ગયું.

બીજે દિવસ એના તાસ વખતે શિક્ષકે હાથમાં ચોપડી લીધી અને અલ્યોશાને પાઠ બોલવા કહ્યું. અલ્યોશા ઊભો થયો અને એણે આગલે દિવસે ચોપડી ઉઘાડીય નહોતી એની બધાંને ખબર હોવા છતાંય, એ હિંમતપૂર્વક શિક્ષક પાસે ગયો. બધા છોકરાઓ એની સામે અપેક્ષાથી જોઈ રહ્યા. શિક્ષક પણ આશ્ચર્ય માટે તૈયાર હતા. પોતે આ વખતેય અદ્ભુત શક્તિનું પ્રદર્શન કરી શકશે એમાં અલ્યોશાને લેશ પણ શંકા નહોતી. એણે જવાબ આપવા મોં ખોલ્યું... અને... એ એક હરફેય બોલી ન શક્યો!

"કેમ, મોંમાં મગ ભર્યા છે?" શિક્ષકે પૂછ્યું: "બોલ, તારો પાઠ."

અલ્યોશા શરમાયો, એનું મોં પડી ગયું. ફરીથી એ શરમાયો, એણે હાથ મસળ્યા, આંખોમાં ભયને કારણે આંસુ ધસી આવ્યાં... પણ કંઈ ન વળ્યું. એણે આ વખતેય શણના બી ઉપર આધાર રાખ્યો હતો, અને ચોપડી ઉઘાડી નહોતી; એટલે એને કંઈ યાદ ન આવ્યું.

"આ શું, અલ્યોશા?" શિક્ષકે બૂમ પાડી: "તું કેમ કંઈ બોલતો નથી?"

આવી વિચિત્ર પરિસ્થિતિનું કારણ અલ્યોશાનેય સમજાયું નહીં; પેલા બીને સ્પર્શવા એણે ખીસામાં હાથ નાંખ્યો... પણ એ ત્યાં નહોતું! બી ખીસામાં નહોતું તેનાથી એને કેટલી નિરાશા થઈ હશે એની કલ્પના તો કરી જુઓ! એની આંખોમાંથી આંસુ વહેવા માંડયા. ધ્રૂસકે ને ધ્રૂસકે એ રડયો, પણ તોય એના મોંએથી એક હરફેય ન નીકળ્યો.

આ દરમ્યાન શિક્ષકની ધીરજનો અંત આવી ગયો હતો. અલ્યોશાને તો પહેલેથી છેલ્લે સુધી બધું બરાબર યાદ જ હોય એવી આદત હવે શિક્ષકને પડી હતી. આજે પાઠની શરૂઆત પણ આ કિશોરને ન આવડે એ એમના માન્યામાં ન આવ્યું: તેથી અલ્યોશાના મૌનને શિક્ષકે એક પ્રકારની જિદ તરીકે ગણાવી.

તેમણે કહ્યું: "જા, તારા ઓરડામાં, અને આ પાઠ બરાબર યાદ ન રહે ત્યાં સુધી બહાર ન નીકળીશ."

અલ્યોશાને નીચલે માળે મોકલી, ચોપડી એના હાથમાં પકડાવીને, ઓરડામાં પૂરી મૂકવામાં આવ્યો.

એકલો પડતાં જ એણે શણનું પેલું બી શોધવા માંડયું. એણે બધાં ખીસ્સાં ફંફોસ્યા, ઘૂંટણીએ પડીને પલંગ નીચે ચારેબાજુ શોધ કરી; ધાબળો ખંખેર્યો, ક્યાંય સુધી ઓશિકાં અને ઓછાડ ફંફોસ્યાં. પણ બધું નિષ્ફળ ગયું. પેલા મહામૂલા મહત્ત્વના બીનું નામનિશાનેય ક્યાંય નહોતું. એ ક્યાં ખોવાઈ શકે એનો એણે વિચાર કર્યો. છેવટે એને ખ્યાલ આવ્યો કે આગલી સાંજે પ્રાંગણમાં એ રમતો હતો ત્યારે જ એ બી પડી ગયું હશે.

પણ એ હવે ક્યાંથી મળે? એને તો ઓરડામાં પૂરી દેવામાં આવ્યો છે; અને ધારો કે એને પ્રાંગણમાં જવાની છૂટ મળે તોય શું? પેલી મરઘીઓને શણના બી બહુ ભાવે છે એની એને ખબર હતી. એમાંથી એકને તો એ બી કદાચ જડી જ ગયું હશે. હવે એ નહીં જ મળે, એની પૂરી હતાશા એને ઘેરી વળી. ત્યારે કાળુડી મરઘીને મદદે બોલાવવાનો એને વિચાર આવ્યો:

"વ્હાલી કાળુડી!" તેણે કહ્યું: "વ્હાલા પ્રધાનજી, કૃપા કરીને તમે ફરીથી આવો, અને મને બીજું એક બી ફરીથી આપો. ભવિષ્યમાં હું ખરેખર વધારે કાળજી રાખીશ."

પણ એની કાકલૂદીનો કોઈ ઉત્તર ન મળ્યો. અંતે એણે ખુરશીમાં બેસીને છૂટે મોંએ રડવા માંડયું.

ભોજનનો સમય થયો. શિક્ષકે આવીને બારણું ખોલ્યું.

"હવે તને પાઠ યાદ છે?" તેમણે અલ્યોશાને પૂછ્યું.

ડૂસકાં ભરતાં એણે સ્વીકારવું પડ્યું કે એને હજીય પાઠ નહોતો યાદ રહ્યો.

"તો યાદ રહે ત્યાં સુધી અહીં જ રહેજે!" શિક્ષકે એને કહ્યું. પાંઉનો ટુકડો અને પાણીનો પ્યાલો આપવાનો હુકમ કરીને શિક્ષક એને એકલો અટૂલો મૂકીને ચાલતા થયા.

અલ્યોશાએ પાઠ ગોખવા માંડ્યો, પણ હવે એને કંઈ યાદ જ નહોતું રહેતું. વાંચવા-ભણવા બેસવાની એને ટેવ જ નહોતી રહી હમણાં હમણાંની, અને આ તો વીસ છાપેલાં પાનાં ગોખવાનાં હતાં! એણે ખૂબ મહેનત કરી, ગોખ ગોખ કર્યું, પણ સાંજ સુધીમાં એને બેત્રણથી વધુ પાનાં યાદ જ ન રહ્યાં. એટલુંય જોકે એને જેવુંતેવું જ યાદ રહ્યું હતું.

બધાને સુવાનો વખત થયો ત્યારે એના સહપાઠીઓ એના ઓરડામાં આવ્યા. સાથે શિક્ષક પણ હતા.

"અલ્યોશા, હવે તને પાઠ યાદ રહી ગયો?" તેમણે પૂછ્યું.

પણ બિચારા અલ્યોશાએ રડતાં રડતાં કહ્યું: "માત્ર બે પાનાં યાદ રહ્યાં છે."

"સમજ્યો. તો તને કાલે પણ પાણી અને પાઉં જ આપવામાં આવશે," શિક્ષકે કહ્યું. બીજા કિશોરોને સુવાની રજા આપીને એ નીકળી ગયા.

અલ્યોશાની પાસે એના સહપાઠીઓ બેઠા. એ જ્યારે સારો અને નમ્ર કિશોર હતો ત્યારે બધાનો પ્રિય હતો; અને ક્યારેક એને સજા થતી ત્યારેય, બધા પ્રેમથી એને આશ્વાસન આપતા. પણ અત્યારે કોઈએ એના તરફ ધ્યાન ન આપ્યું. બધાએ તિરસ્કારથી એની સામે જોયું અને મૂંગા રહ્યા.

એક વખતના પોતાના ખૂબ સારા મિત્ર સાથે એણે વાત કરવાનો પ્રયત્ન કરી જોયો, પણ એણે જવાબ સુદ્ધાં વાળ્યા વિના મોં ફેરવી લીધું.

અલ્યોશાએ બીજા એક કિશોર જોડે વાત શરૂ કરી જોઈ, પણ એનેય અલ્યોશા જોડે વાત નહોતી કરવી; અલ્યોશાએ આગળ કંઈ કહ્યું એટલે એણે તો ઊલટું એને ધક્કો માર્યો! ત્યારે બિચારા અલ્યોશાની આંખ ઊઘડી કે સહપાઠીઓ પોતાની સાથે આવું વર્તન કરે એ જ લાગનો છે. આંખમાં આંસુ સાથે એ પથારીમાં પડ્યો, પણ એને ઊંઘ ન આવી. પોતાના સુખના દહાડાને યાદ કરતો એ ક્યાંય સુધી એમને એમ પડી રહ્યો. બધા છોકરા સુખની નિદ્રા લેતા હતા. માત્ર એની આંખ મિંચાતી નહોતી. અલ્યોશાને થયું: "કાળુડીએ પણ મારો ત્યાગ કર્યો છે." આ વિચારે ફરી એની આંખમાં આંસુ ધસી આવ્યાં.

અને ત્યાં જ... એની બાજુના પલંગનો ઓછાડ સળવળ્યો. અગાઉ કાળુડી

મરઘી પહેલી વખત દેખાઈ ત્યારે પણ આવો જ સળવળાટ થયો હતો.

એની છાતીનો ધબકાર વધી ગયો... પલંગ નીચેથી કાળુડી આવે તો કેવું સારું! પણ એની ઇચ્છા પૂરી થાય એવી એને આશા નહોતી.

અંતે એણે ધીમેથી કહ્યું: "કાળુડી... કાળુડી!" પેલો ઓછાડ થોડો સળવળ્યો, અને કાળુડી કૂદીને એના પલંગમાં આવી.

"અરે—કાળુડી!" અલ્યોશાએ આનંદના અતિરેકમાં કહ્યું: "તું મને ફરીથી મળશે એવી મને સ્વપ્નામાંય આશા નહોતી. મને તું વિસરી ગઈ છે?"

"ના," તેણે કહ્યું: "તેં મારા ઉપર જે ઋણ ચડાવ્યું છે, એ હું કદી વીસરી ન શકું. જોકે જે અલ્યોશાએ મારો જાન બચાવ્યો હતો એ કંઈ આજે મારી સામે છે એ અલ્યોશા જેવો નહોતો. ત્યારે તો તું સારો છોકરો હતો—નમ્ર અને હિંમતબાજ... બધાને તું ગમતો... પણ હવે... હવે હું તને ઓળખીય શકતી નથી."

અલ્યોશા મુક્ત મને રડવા માંડયો, પણ કાળુડીએ એને સમજાવવો ચાલુ રાખ્યો. એણે ક્યાંય સુધી અલ્યોશાને સુધરી જવાની વિનંતી કરી. આંખમાં આંસુ સાથે એ બોલતી રહી. છેક પ્હો ફાટવાનો વખત થયો ત્યારે મરઘીએ અલ્યોશાને કહ્યું:

"હવે મારે જવું જોઈએ, અલ્યોશા! લે, પ્રાંગણમાં તે ખોઈ નાખ્યું હતું એ આ બી! તને એ ક્યારેય નહીં મળે એ તારી માન્યતા ખોટી હતી ને, જો! તારી થોડીક નિષ્કાળજી બદલ, તને આપેલી ભેટ પાછી લઈ લે, એવા કંઈ અમારા મહારાજા નથી; એ તો ખૂબ દયાળુ છે. પણ એટલું યાદ રાખજે, કે અમારા વિશે તું જેટલું જાણે છે એ બધું ખાનગી રાખવાનું તેં અમને વચન આપ્યું છે. તારા અત્યારના દુર્ગુણોમાં ઉમેરો નહીં કરતો. અને એમાંય નગુણો તો ન જ બનીશ, અલ્યોશા!"

અલ્યોશાએ રાજી થઈને મરઘીના પંજામાંથી પેલું અણમોલ બી લીધું; અને સુધરવાના બધા પ્રયત્નો કરવાનું એણે વચન દીધું.

"તું જોજે ને, કાળુડી," તેણે કહ્યું: "હું આજથી જ બદલાઈ જઈશ!"

"ખરાબ આદતો એક વખત ઘર કરી જાય, પછી એમાંથી છુટકારો મેળવવો સહેલો છે, એવું તું રખે માનતો વળી! જો, ખરાબ આદતો ખૂલ્લે બારણે ઘૂસે છે, અને ઓરડાની નાની ખાળમાંથી એ માંડમાંડ બહાર નીકળે છે; એટલે જો તારે સુધરવું જ હોય, તો જાત સાથે હંમેશાં ખૂબ કઠોર પગલાં લેવાં પડશે... ઠીક આવજે, હવે મારે જવાનો વખત થયો."

એકલો પડયો એટલે એણે પેલા બીનું ધ્યાનથી નિરીક્ષણ કરવા માંડયું; એના ઉપરથી એણે નજર ઉઠાવી નહીં. હવે એને કડકડાટ પાઠ બોલી જવાની પૂરી શ્રદ્ધા હતી. ગઈકાલની વેદનાની કોઈ રેખા એના મોં પર રહી નહીં. વીસેવીસ પાનાં એક પણ ભૂલ વિના એ કડકડાટ બોલી જશે, અને બધા ફરીથી મોંમાં આંગળાં નાંખી જશે એ વિચારે એને આનંદ થયો. જે લોકો એની સાથે વાત કરવા તૈયાર નહોતા એ સહપાઠીઓ સામે એનો ફરીથી રોફ પડશે, એ વિચારો એની છાતી ફૂલાઈ. સુધરવાની વાત એ કંઈ ભૂલી નહોતો ગયો; પણ કાળુડી મરઘી કહેતી હતી એટલું કંઈ એ અઘરું તો નહીં જ હોય. "સુધરવું એ આખરે તો મારી મુનસફીની જ વાત છે ને!" એને વિચાર આવ્યું: "મને સુધરવાનો વિચાર આવે, એટલે બધા ફરીથી મને પ્રેમ કરવા માંડશે." ખરેખર, બિચારા અલ્યોશાને કલ્પનાય નહોતી કે સુધરવું હોય, તો પહેલાં તો ગર્વ અને આત્મકેંદ્રિતાનો અતિરેક સૌ પહેલાં છોડવો જોઈએ!

બીજે દિવસે સવારે બધા વિદ્યાર્થીઓ જ્યારે વર્ગમાં ભેગા થયા, ત્યારે અલ્યોશાને ઉપરને માળે બોલાવવામાં આવ્યો. આનંદ અને વિજયની ધૂનમાં અલ્યોશા વર્ગમાં દાખલ થયો.

"હવે તને પાઠ યાદ છે?" શિક્ષકે પૂછ્યું. એમની નજરમાં કરડાકી હતી.

અલ્યોશાએ હિંમતભેર કહ્યું: "હા." સહેજ પણ અચકાયા કે ભૂલ કર્યા વિના વીસેવીસ પાનાં અલ્યોશા બોલી ગયો. શિક્ષકની નવાઈનો પાર ન રહ્યો. અલ્યોશાએ સહપાઠીઓ સામે ગર્વથી જોયું. એની આંખનું આ અભિમાન શિક્ષકથી અછતું ન રહ્યું.

"હા, તને પાઠ યાદ છે, એ સાચું," શિક્ષકે કહ્યું: "પણ તો એ તું કાલે કેમ અમારા સામે બોલી ન ગયો?"

"મને કાલે પાઠ યાદ નહોતો." અલ્યોશાએ ઉત્તર વાળ્યો.

"અશક્ય છે," શિક્ષકે વચ્ચે જ કહ્યું: "ગઈ કાલે સાંજે તેં મને કહ્યું કે તને ફક્ત બે જ પાનાં યાદ છે, અને તેય જેવાં તેવાં જ યાદ છે. અને અત્યારે આ વીસેવીસ પાનામાં તારી એક પણ ભૂલ પડી નથી? તો તેં એને ગોખ્યા ક્યારે?"

અલ્યોશાનું મોં સિવાઈ ગયું. અંતે એણે ધ્રૂજતે અવાજે કહ્યું:

"મેં આજે સવારે એ વાંચ્યા." પણ ત્યારે બધા કિશોરો, એનાં આ મિથ્યાભિમાનથી દંગ થઈને એકી અવાજે બોલી ઊઠયા:

"અલ્યોશા જૂઠું બોલે છે. એણે આજે સવારે ચોપડી ખોલી જ નથી."

અલ્યોશા ધ્રૂજી ગયો. એણે નજર ઢાળી લીધી, અને ચૂપ થઈ ગયો.

"મને જવાબ દે," શિક્ષકે કહ્યું: "તેં આ પાઠ ક્યારે યાદ કર્યો?"

પણ અલ્યોશા ચૂપ જ રહ્યો. આવા અણધાર્યા સવાલથી અને સહપાઠીઓની સહાનુભૂતિના અભાવથી એ એવો તો મુંઝાઈ ગયો હતો કે એના વિચારોમાં કોઈ સુસંગતતા રહી નહીં.

આ દરમ્યાન શિક્ષકને લાગ્યું કે અલ્યોશાએ ફક્ત જિદને લીધે જ ગઈકાલે ઘરકામનું પઠન નહોતું કર્યું; અને એટલે એને આકરી સજા કરવાનું શિક્ષકે નક્કી કર્યું.

તેણે અલ્યોશાને કહ્યું: "કુદરત તને જેટલી શક્તિ અને મેધા વધારે આપે, એટલા વધુ તારે આજ્ઞાંકિત અને વિનયી બનવું જોઈએ. તને મગજ કંઈ દુરુપયોગ માટે થોડું મળ્યું છે? તારી ગઈકાલની જિદ બદલ જ તું સજાપાત્ર ઠરે છે; અને એમાં આજે જૂઠું બોલીને તેં તારા અપરાધમાં ઉમેરો કર્યો છે." તેમણે બધા વિદ્યાર્થીઓને સંબોધીને ઉમેર્યું:

"અલ્યોશામાં સુધારો ન થાય, ત્યાં સુધી કોઈએ એની સાથે વાત ન કરવી. પણ આ સજા તો એને માટે નાની ગણાય. એટલે એને ફટકારવા ભૂર્જવૃક્ષની સોટી લાવો."

વર્ગમાં સોટી લાવવામાં આવી... અલ્યોશાની વેદનાનો પાર ન રહ્યો. શાળાની સ્થાપના પછી આ પહેલી વખત વર્ગમાં સોટી લાવવામાં આવી હતી; અને તે પણ કોને માટે? અલ્યોશા માટે! જેને પોતા વિશે આટલો ઊંચો અભિપ્રાય હતો કે બીજા બધા કરતાં પોતે સારો અને હોશિયાર હતો! કેટલું અપમાનજનક!

ડૂસકાં ભરતાં એ શિક્ષક પાસે ગયો, અને સંપૂર્ણપણે સુધરી જવાનું એણે શિક્ષકને વચન આપ્યું.

"તારે એનો વિચાર પહેલાં કરવો જોઈતો હતો," એટલો જવાબ એને મળ્યો.

અલ્યોશાનાં આંસુ અને પશ્ચાતાપથી એના સહપાઠીઓને અનુકંપા થઈ આવી; અને તેઓ એના વતી વચ્ચે પડયા. પણ અલ્યોશાને થયું એમની આ સહાનુભૂતિ માટે પોતે લાયક નથી. એટલે એણે વધુ મોટેથી રડવા માંડયું.

"સારું," અંતે શિક્ષકે કહ્યું: "તારા સહપાઠીઓની આજીજીને ધ્યાનમાં લઈને હું તને માફ કરું છું. પણ શરત એટલી કે તારો અપરાધ તું બધાંની સમક્ષ કબૂલ કરે, અને તેં આ પાઠ ક્યારે યાદ કર્યો એ તું સમજાવે."

અલ્યોશાનું મગજ ગૂમ થઈ ગયું... ભૂગર્ભના મહારાજા અને પ્રધાનને

આપેલું વચન એ ભૂલી ગયો; અને કાળી મરઘી, વીરયોદ્ધાઓ અને ઠીંગુજીઓ વિશે એ વાત કરવા બેસી ગયો…

પણ શિક્ષકે એને એ વાત પૂરી કરવા ન દીધી: "શું?" એમણે ગુસ્સે થઈને બૂમ પાડી: "તારા આવા દુર્વ્યવહાર માટે દિલગીર થવાને બદલે, એક કાળી મરઘી વિશે વાત કરીને મને મૂરખ બનાવવા માંગે છે તું? આ તો હવે હદ થઈ. છોકરાઓ, તમે જુઓ છો, કે એને હવે સજા કરવી જ જોઈએ!"

પરિણામે અલ્યોશાને સોટીમાર પડયો. પછી નીચી મૂંડીએ, અલ્યોશા નીચલે માળે ઓરડામાં ગયો. એ જડ થઈ ગયો હતો. એને શરમ અને પસ્તાવો થઈ રહ્યાં હતાં. થોડા કલાકો પછી એ જરા શાંત પડયો, ત્યારે જોયું તો પેલું બી એના ખીસામાં નહોતું… અલ્યોશા ચોધાર આંસુએ રડી પડયો: એને થયું, હવે પેલું બી એને કદી નહીં મળે.

તે રાત્રે બધા કિશોરો જ્યારે સૂઈ ગયા ત્યારે એ પણ પથારીમાં પડયો; પરંતુ એને ઊંઘ ન આવી. પોતાના દુર્વ્યવહારનો એને કેટલો પસ્તાવો થતો હતો! તદ્દન સુધરી જવાનો એણે મક્કમ નિર્ધાર કર્યો. જોકે એને ખાતરી થઈ ગઈ હતી, કે હવે પેલું બી પાછું મળવું અશક્ય જ હતું.

લગભગ મધરાતે બાજુના પલંગનો ઓછાડ ફરી સળવળ્યો. આગલી રાતે એ દૃશ્યથી અલ્યોશાના આનંદનો પાર નહોતો રહ્યો; પણ આજે એણે આંખો બંધ કરી દીધી. એને કાળુડીની બીક લાગતી હતી. એનો અંતરાત્મા આજે ડંખી રહ્યો હતો. તદ્દન સુધરી જવાનું વચન કેટલા વિશ્વાસથી એણે ગઈકાલે જ કાળુડીને આપ્યું હતું, અને એને બદલે… હવે આજે પોતે એને શું મોં બતાવે?

થોડી વાર તો આંખો બંધ કરીને એ પડી રહ્યો. ત્યાં ઓછાડ ઊંચો થવાનો અવાજ એણે સાંભળ્યો… કોઈ એની પથારીએ જાણે ચડયું, અને પરિચિત અવાજમાં બોલ્યું:

"અલ્યોશા! અલ્યોશા!"

પણ આંખ ઉઘાડતાંય એને આજે શરમ આવતી હતી. એની આંખમાંથી આંસુની ધારા ગાલ પર થઈને વહેતી હતી.

અચાનક કોઈએ એનો ધાબળો ખેંચ્યો. અલ્યોશાએ ચમકીને જોયું: તો ઊભી હતી એની સામે કાળુડી! —મરઘીનો સ્વરૂપે નહીં; પણ ભૂગર્ભના પેલા ખંડમાં જોઈ હતી એ પ્રધાન સ્વરૂપે—કાળો ઝભ્ભો, લાલ ટોપી અને કડક સફેદ નેકટાઈ…

"અલ્યોશા!" પ્રધાને કહ્યું: "તું ઊંઘી નથી ગયો, એ હું જાણું છું... આવજે! હું તારી વિદાય લેવા આવ્યો છું. આપણે હવે કદી મળવાના નથી."

અલ્યોશા મોટેથી ડૂસકાં ભરવા માંડયો: "આવજો," એણે કહ્યું: "આવજો! અને મને માફ કરજો — જો માફ કરી શકાય તો! મેં તમારો અપરાધ કર્યો છે, એ હું જાણું છું."

"અલ્યોશા!" પ્રધાને પણ આંખમાં આંસુ સાથે કહ્યું: "માફ તો હું તને કરું છે. કારણ કે તેં મારો જાન બચાવ્યો હતો, એ હું ભૂલી ન શકું; અને હું તને હજીય ચાહું છું. તેં મને ખૂબ દુ:ખી કર્યો છે. હંમેશને માટે કદાચ!.. આવજે. તને થોડુંક મળી લેવાની જ મને છૂટ આપવામાં આવી છે. આજે જ રાતે મહારાજા અને એમની પાલક પ્રજા અહીંથી દૂર ચાલ્યાં જવાનાં છે. બધાં નિરાશ અને દુ:ખી છે, કોઈના આંસુ સૂકાતાં નથી. અહીં અમે સદીઓથી સુખશાંતિથી રહેતાં હતાં..."

પ્રધાનના નાનકડા હાથ અલ્યોશાએ ચૂમી લીધા. એણે એના એક હાથ ઉપર કંઈક ચમકતું જોયું, અને એનો વિચિત્ર અવાજ સાંભળ્યો.

"આ શું છે?" તેણે આશ્ચર્યથી પૂછયું. પ્રધાને બન્ને હાથ ઊંચા કર્યા. અલ્યોશા જુએ છે તો એ સોનાની સાંકળે બાંધેલા હતા! એ ગભરાઈ ગયો.

પ્રધાને ઊંડો શ્વાસ મૂકીને કહ્યું: "તારા અવિવેકને લીધે, મને આ સાંકળે બંધાવાની સજા ફટકારવામાં આવી છે; પણ અલ્યોશા, હવે રડીશ નહીં. તારાં આંસુ મને મદદ કરી શકે તેમ નથી. મારી આ કમનસીબીમાં તું જ મને સહાય આપી શકે: તું સુધરવાની કોશિશ કર, અને પહેલાં હતો એવો સરસ છોકરો બની જા!.. સારું, ત્યારે, આવજે!"

પ્રધાને અલ્યોશાનો હાથ સહેજ દાબી બાજુના પલંગ નીચે અદૃશ્ય થઈ ગયો. "કાળુડી — કાળુડી!" અલ્યોશાએ એની પાછળ બૂમ પાડી. પણ એને જવાબ ન મળ્યો. આખી રાત એણે આંખનું મટકુંય ન માર્યું. સૂર્યોદય પહેલાંના એકાદ કલાકે એણે ભૂગર્ભમાં કંઈક અવાજ સાંભળ્યો. એ પથારીમાંથી ઊઠયો, અને જમીન પર કાન માંડયા. નાનાં પૈડાંઓના ખડખડાટ અને અસંખ્ય ઠીંગુજીઓનો ચાલવાનો અવાજ એણે ક્યાંય સુધી સાંભળ્યા કર્યો. એ અવાજમાં સ્ત્રીઓ અને બાળકોનું રૂદન પણ હતું. પ્રધાન કાળુડીનો પણ એમાં અવાજ હતો.

"આવજે, અલ્યોશા! હંમેશને માટે વિદાય!"

સવારે બધા સહપાઠીઓએ જોયું તો અલ્યોશા જમીન પર અચેતન પડયો

હતો. એમણે તેને ઉઠાવીને પલંગ પર લીધો અને ડોકટરને બોલાવ્યો. અલ્યોશાને ખૂબ તાવ હતો, એવું ડોકટરે કહ્યું.

લગભગ છ અઠવાડિયે અલ્યોશાની તબિયત સારી થઈ. માંદગી પહેલાં જે કંઈ બન્યું હતું એ એને દુઃસ્વપ્ન જેવું લાગવા માંડયું. પેલી કાળુડી મરઘી કે એને થયેલી સજા વિશે ન તો શિક્ષકે કે ન એના સહપાઠીઓએ એને કંઈ કહ્યું. અલ્યોશાનેય એની વાત કરતાં શરમ આવતી હતી. એ પછી એણે આજ્ઞાંકિત, સારા, નમ્ર અને મહેનતુ બનવા પ્રયત્ન કર્યો. એ બધાનો પ્રિય થવા માંડયો, બધા એના પ્રત્યે માયા દેખાવડા લાગ્યા. બીજા કિશોરો માટે એ ઉદાહરણરૂપ બન્યો. જોકે એ હવે વીસ છાપેલાં પાનાં યાદ રાખી શકતો નહોતો; પણ એટલુંય ખરું કે કોઈએ એને એટલાં પાનાં યાદ રાખવાનું કદી કહ્યુંય નહીં!



વ્લાદીમિર ઓદોયેવ્સ્કી

છીંકણીની ડબ્બીમાં નગર

પિતાજીએ છીંકણીની ડબ્બી ટેબલ પર મૂકી. "આવ મીશા, આ જો," તેમણે કહ્યું.

નાનકડો મીશા આજ્ઞાંકિત છોકરો હતો. રમકડાં એક બાજુ મૂકીને એ પિતાજી પાસે ગયો; અને હતુંય કેવું જોવા જેવું! કેટલી સરસ છીંકણીની ડબ્બી! કાચબાની પીઠમાંથી બનાવેલ એ ડબ્બી હતીય કેટલી ચમકદાર! અને ઢાંકણાં ઉપર તો જુઓ—દરવાજા, મિનારા, નાનકડું ઘર ને એવું તો કેટલુંયે અસંખ્ય—એક એકથી નાનું અને નાજુક, ને બધુંયે સોનાનું બનાવેલું! વૃક્ષોયે

સોનાનાં, તો એનાં પાંદડા વળી રૂપાનાં! વૃક્ષોની પાછળ દેખાતો હતો ઊગતો સૂર્ય, અને એનાં ગુલાબી કિરણો આખું આકાશ ભરી દેતાં હતાં.

"આ કયું નગર છે?" મીશાએ પૂછ્યું.

"નગરનું નામ છે: ડીંગ-ડીંગ." એના પિતાજીએ કહ્યું ને એમણે એક કમાન દબાવી...

અને ત્યાં તો શું બન્યું? ઓચિંતા સંગીતના સૂરો રેલાવા માંડયા. સંગીત ક્યાંથી વાગે છે એની મીશાને કંઈ સમજણ ન પડી. એ બારણે દોડયો — બાજુના રૂમમાં તો એ નથી વાગતું ને? ઘડિયાળ સામે જોયું — એમાંથી અવાજ આવતો હશે? એણે કબાટ અને પેટીય ફંફોસી જોયાં. એણે અહીં કાન ધર્યો, ત્યાં કાન માંડયા; ટેબલની નીચે જોયું... પછી મીશાને ખાતરી થઈ કે એ સંગીત તો છીંકણીની ડબ્બીમાં વાગતું હતું! એ ડબ્બી તરફ ગયો. વૃક્ષોની પાછળથી એણે સૂર્યને ઊગતો અને ધીમે ધીમે એને આકાશે ચડતો જોયો; આકાશ અને નગર પ્રકાશે ઝળાંહળાં થઈ ગયાં. બારીઓ ચળકી ઊઠી, અને મિનારાઓ મોટા થતા લાગ્યા. પછી સૂર્ય આકાશમાં થઈને બીજી બાજુ નમવા માંડયો — નીચે ને નીચે, અને છેલ્લે નાની ટેકરીની પાછળ છુપાઈ ગયો. નગરમાં અંધારું ફેલાયું, બારીઓના પડદાં ખેંચાઈ ગયા, મિનારાઓ ઓઝલ થયા, પણ એ તો જાણે પળવાર માટે. એક સિતારો ઊગ્યો, પછી બીજો, અને ત્યાં તો વૃક્ષોની પાછળથી બીજના ચંદ્રે ડોકું કાઢયું. નગરમાં ફરીથી અજવાળું ફેલાયું, બારીઓ રૂપેરી ચાંદનીમાં ચમકી ઊઠી, મિનારાઓમાંથી નીલો રંગ વહેવા લાગ્યો.

"પિતાજી, હું આ નગરમાં જઈ ન શકું? મને બહુ મન થયું છે."

"એમાં કેવી રીતે જવાય, બેટા? આ નગર કંઈ તારી ઊંચાઈના માપનું નથી."

"કંઈ નહીં, પિતાજી! હુંય ખૂબ નાનો છું. મને એમાં જવા દો. એમાં શું છે એ મારે જોવું છે."

"તારા વિના જ એ નગર તો આખું વસેલું છે, દીકરા!"

"પણ એમાં કોણ રહે છે?"

"કોણ? નાની નાની ઘંટડીઓ." કહીને પિતાજીએ છીંકણીની ડબ્બીનું ઢાંકણું ખોલ્યું. મીશા એમાં જુએ છે, તો એમાં તો હતી નાની નાની ઘંટડીઓ, હથોડા, એક નળો અને પૈડાં. મીશાની નવાઈનો પાર ન રહ્યો.

"આ ઘંટડીઓ શાને માટે છે? અને આ હથોડા? વળી આ નળો અને નકૂચા?" મીશાએ પિતાને પૂછ્યું. એમણે કહ્યું:

"એ હું તને નહીં કહું, મીશા! તું, જો એમાં, ને મગજને કસી જો બરાબર. કદાચ તને ખબર પડશે. માત્ર આ કમાનને અડકીશ નહીં, કારણ કે તો બધું વેરાઈ જશે." કહીને એના પિતાજી ગયા. મીશા પેલી ડબ્બી પાસે બેસી રહ્યો. ક્યાંય સુધી એણે ધ્યાનપૂર્વક એને જોયા કરી, વિચાર્યા કર્યું: પેલી ઘંટડીઓ શેણે વાગતી હશે, ભલા?

દરમ્યાન પેલું સંગીત બજતું રહ્યું. પણ હવે એ ધીમું પડતું જતું હતું, જાણે દરેક સૂર થોડો અટકતો જતો—એકેએક ધ્વનિ એક બીજાથી અલગ પડતો જતો હતો. મીશાએ જોયું તો છીંકણીની ડબ્બીની નીચે એક બારણું ખૂલ્યું, અને એમાંથી એક નાનો છોકરો નીકળ્યો. એનું માથું સોનાનું હતું, અને પોશાક પોલાદનો હતો, બારણાને ઉંબરે થોભીને એણે મિશાને અંદર નિમંત્ર્યો.

મીશાને થયું: "પિતાજીએ એમ કેમ કહ્યું હશે કે આ નગર આખું વસેલું છે. અને એમાં મારી જરૂર નથી. એમાં રહેતા લોકો સારા તો હશે જ. જો ને, મને અંદર મળવા બોલાવે છે."

"તારી ઇચ્છા હોય, તો ચાલ ખુશીથી." એણે કહ્યું. મીશા તો બારણે પહોંચ્યો, અને જોયું તો દરવાજો બરાબર એના માપનો હતો! એની નવાઈનો પાર ન રહ્યો. સદ્‌વર્તની કિશોરની જેમ એણે પહેલાં તો પોતાના માર્ગદર્શકને પૂછ્યું:

"પહેલાં તો કૃપા કરી મને તમારી ઓળખાણ આપો." "ડીંગ-ડીંગ-ડીંગ," પેલા અજનબીએ કહ્યું, "હું ઘંટડી-કિશોર છું. આ નગરનો રહેવાસી. અમે સાંભળ્યું કે તમારે આ નગરની મુલાકાત લેવી છે, એટલે અમે તમને અતિથિ બનવા નિમંત્રવાનું નક્કી કર્યું. ડીંગ-ડીંગ-ડીંગ, ડીંગ-ડીંગ-ડીંગ."

મીશાએ વિવેકથી માથું નમાવ્યું. ઘંટડી કિશોરે એનો હાથ પકડયો અને બન્ને ઊપડયા. મીશા જુએ છે તો એમને માથે નકશીદાર ઊપસાવેલા કાગળનો ગુંબજ હતો—એની ધારનો ભાગ સોનેરી હતો. સામે વળી બીજો એક ગુંબજ હતો—સહેજ નાનો, પછી ત્રીજો—એથી નાનો... ને એમ કેટલાય ગુંબજો હતા... દૂર હોય એ ગુંબજો નાના ને નાના લાગતા હતા. સૌથી છેલ્લો ગુંબજ મીશાના માર્ગદર્શકના માથાથી સહેજેય મોટો નહોતો.

"તમારા નિમંત્રણ બદલ ખૂબ ખૂબ આભાર," મીશાએ એને કહ્યું: "પણ એ હું સ્વીકારી શકું કે કેમ, એની ખબર નથી. અહીં સુધી તો બધું બરાબર છે, પણ આગળના ગુંબજો તો કેટલા નીચા છે! હું ઘૂંટણભેર ચાલું તોય એમાંથી નીકળી નહીં શકું, સાચું કહું છું. તમે નીકળી શકશો, તોય મને નવાઈ થશે."

કિશોરે કહ્યું: "ડીંગ-ડીંગ-ડીંગ, ચિંતા ન કરો; તમે ચાલો. મારી પાછળ પાછળ."

અને ખરેખર, તેમને પગલે પગલે જાણે પેલા ગુંબજો ઊંચે ચડતા ગયા અને બન્ને કિશોરો સહેલાઈથી આગળ નીકળી શક્યા. છેલ્લા ગુંબજે પહોંચ્યા, ત્યારે ઘંટડી-કિશોરે એને પાછળ જોવા કહ્યું. મીશા જુએ છે તો પહેલો ગુંબજ, જેની નીચેથી પ્રવેશતી વખતે એ પસાર થયો હતો એ, ખૂબ નીચો લાગતો હતો. જાણે એ લોકો આગળ ચાલ્યા ત્યારે એ નીચો નમી પડયો હતો. મીશાની નવાઈનો પાર ન રહ્યો.

"એવું શી રીતે બન્યું?" એણે માર્ગદર્શકને પૂછ્યું. "ડીંગ-ડીંગ-ડીંગ,"— માર્ગદર્શકે હસતાં હસતાં કહ્યું: "દૂરથી બધી વસ્તુઓ એવી લાગે. દૂરની વસ્તુઓ તમે ધ્યાનથી જોઈ નથી એવું મને લાગે છે. દૂરની ચીજો નાની લાગે, પણ નજીક જાઓ ત્યારે એ મોટી લાગે."

"હા એ વાત સાચી," મીશા કહે: "મેં અગાઉ ક્યારેય એનો વિચાર નહોતો જ કર્યો. મારેય પરમદિવસે એવું બન્યું હતું, કે બાજુમાં બેસીને પિયાનો વગાડતી મમ્મી, અને ઓરડામાં સામે બેસી ચોપડી વાંચતા પિતાજીનું ચિત્ર મારે બનાવવું હતું. પણ બહુ મહેનત કરી અને કાળજીપૂર્વક ચિત્ર બનાવ્યું તોય, એમાં પિતાજી જાણે મમ્મી પાસે જ બેઠા હોય, એમની આરામખુરથી પિયાનોની નજીક હોય એવું જ ચિતરાયા કરતું હતું. જોકે મને બરાબર ખબર હતી, કે મમ્મીનો પિયાનો હું બેઠો હતો એ બારી પાસે હતો! અને પપ્પા તો સામેને ખૂણે આરામ-ખુરશીમાં બેઠા હતા. મમ્મીએ કહ્યું: મારે પિતાજીને સહેજ નાના બનાવવા જોઈએ. પણ મને થયું કે એ તો મારી મજાક કરે છે; કારણ કે પિતાજી તો એમનાં કરતાંય ઊંચા છે. પણ હવે લાગે છે કે મમ્મીની વાત સાચી છે. મારે પિતાજીને નાના ચિતરવા જોઈતા હતા, કારણ કે એ મારાથી ખૂબ દૂર બેઠા હતા... આટલું સમજાવવા બદલ હું તમારો આભારી છું."

ઘંટડી-કિશોર તો પેટ પકડીને હસ્યો: "ડીંગ-ડીંગ-ડીંગ, કેટલું સરસ!.. મમ્મી અને પિતાજીનું ચિત્ર પણ તમને બનાવતાં ન આવડયું... ડીંગ-ડીંગ-ડીંગ-ડીંગ-ડીંગ-ડીંગ!"

ઘંટડી-કિશોરને આટલું બધું હસીને મશ્કરી કરતો જોઈ મીશાને માઠું લાગ્યું. તેણે વિવેકથી પૂછ્યું:

"તમે દર વખતે ડીંગ-ડીંગ-ડીંગ કેમ કરો છો?"

"એ અમારો મુદ્રાધ્વનિ છે," ઘંટડી-કિશોરે કહ્યું.

"મુદ્રાધ્વનિ?" મીશાએ કહ્યું: "એવા ધ્વનિ કે શબ્દોની ટેવ પડવા દેવાની મારા પિતાજી ના પાડે છે."

ઘંટડી-કિશોર હોઠ દબાવીને ચૂપ થઈ ગયો.

તેમની સામે બીજાંય બારણાં હવે દેખાતાં હતાં. એ ખૂલ્યાં, ત્યારે મીશાને એક શેરી નજરે ચડી. એમાંથી નગર કેવું લાગતું હતું! હીરમોતીથી જડેલી શેરી હતી, આકાશ કાચબાની પીઠ જેવું ચમકતું હતું, ઉપર હતો સોનેરી સૂર્ય. એને બોલાવો એટલે આકાશેથી નીચે ઊતરી તમારા હાથની આજુબાજુ ફરીને પાછો એ ઊગવા માંડે. નાનાં નાનાં ઘર ચમકતાં પોલાદમાંથી બનાવેલાં હતાં, એની આગળ લગાવ્યાં હતાં અનેક રંગોના છીપલાં, અને એ દરેકનાં છાપરાં નીચે હતા—સોનેરી માથા અને રૂપેરી પોશાકધારી એક એક ઘંટડી-કિશોર! ઓહોહો! કેટલા બધા ઘંટડી-કિશોરો! દરેક એકબીજાથી નાના ને નાના!

મીશાએ કહ્યું: "હવે કંઈ હું છેતરાવાનો નથી. દૂર છે એટલે એ નાનાં લાગે છે, બાકી છે તો બધાં એક જ સરખા!"

"ના, તમારી વાત ખોટી છે," માર્ગદર્શકે કહ્યું. "એ ઘંટડી-કિશોરો એક સરખા નથી; અમે બધા જો એક જ સરખા હોત, તો અવાજેય એક સરખો આવત. પણ અમારું સંગીત તમને સંભળાતું નથી? એનું કારણ એ છે કે મોટી ઘંટડીઓ ભારે અવાજ કરે છે. એટલીય તમને ખબર નથી? જો મીશા, આમાંથી તમને શિખવા મળશે. જે લોકો મુદ્રાધ્વનિનો ઉપયોગ કરતાં હોય એની પાસેય કંઈક શિખવા જેવું હોય છે, એ લોકોય વધારે જાણતાં હોઈ શકે!"

હોઠ દબાવીને ચૂપ થવાનો હવે મીશાનો વારો આવ્યો!

એટલામાં તો પેલા ઘંટડી-કિશોરો તેમને ઘેરી વળ્યા, એમણે મીશાના કપડાં ખેંચ્યાં, કૂદ્યા અને આમતેમ દોડયા.

મીશાએ એમને કહ્યું: "મસ્તીમાં જીવો છો તમે બધાં! મને હંમેશાં તમારી સાથે જ રહેવું ગમે, હોં! આખો દિવસ કંઈ જ કરવાનું જ નહીં. નહીં ભણવાનું, નહીં શિક્ષક, બસ આખો દિ' સંગીત ને સંગીત!"

"ડીંગ-ડીંગ-ડીંગ," ઘંટડી-કિશોરોએ કહ્યું: "તો તમને એમ લાગે છે, કે અમારે મોજમસ્તી જ છે, કેમ? ના, મીશા, અમારું જીવનેય એટલું મસ્તી ભર્યું નથી. હા, અમારે ભણવાનું નથી, પણ એથીય શું? ભણવાનો અમને કંઈ વાંધો નથી. મુશ્કેલી એ છે કે અમારે કંઈ કરવાનું જ નથી: નહીં ચોપડીઓ, નહીં ચિત્રો; ન માતા, ન પિતા; આખો દિવસ બસ રમ્યા જ કરવાનું. બીજે શેમાંય સમય પસાર નહીં કરવાનો! મીશા, એટલે

અમને બહુ કંટાળો આવે છે... માન્યામાં નથી આવતું ને? કાચબાની પીઠનું અમારું આકાશ મજાનું છે, અમારો સૂર્ય અને સોનેરી વૃક્ષો રૂપાળાં છે, પણ હવે અમને એનોય ઊબકો આવે છે. અમે આ નગરની બહાર નીકળી શકતા નથી. કંઈ કરવાનું નહીં, અને આ છીંકણીની ડબ્બીમાં — એ સંગીતમય ડબ્બી હોય તોય — એમાં આખો દિવસ પૂરાઈ રહેવાથી શું થાય, એની તો તમે કલ્પના કરી જ શકશો!.."

"હા!" મીશાએ ઉત્તર વાળ્યો: "તમારી વાત સાચી છે. મારેય એવું બને છે. ભણવાનું પતાવીને રમકડે રમવા માંડો ત્યારે ગમે, પણ રજાને દિવસે આખો દિવસ રમો, ત્યારે સાંજે પછી કંટાળો આવે. આ રમકડું લો, ને પેલું મૂકો! પણ મજા એકેયમાં ન આવે. એનું કારણ પહેલાં સમજાતું નહોતું, પણ હવે કંઈક મગજમાં ઊતર્યું..."

"હા, અને અમને બીજીય એક તકલીફ છે, મીશા. પેલા કાકાઓ..."

"કયા કાકાઓ?" મીશાએ પૂછ્યું. "હથોડા-કાકાઓ," ઘંટડી-કિશોરોએ કહ્યું. "એવા તો માથાભારે છે! અક્કડ છાતી કાઢીને રસ્તા ઉપર ચાલે, અને અમને મારે! મોટી ઘંટડીઓને બહુ ન પજવે, પણ અમને તો બસ ટપાર્યા જ કરે."

અને ત્યાં જ મીશાની નજરે એવા હથોડાઓ પડયા — પાતળા પગ, લાંબું નાક અને શેરીમાં આમતેમ ચાલતા! અંદરોઅંદર અવાજેય આવતો હતો: "બિફ્-બિફ્-બિફ્! બિફ્-બિફ્-બિફ્! નોક-નોક-નોક! ઊંચા થાઓ! પકડી પકડી પાડો! નોક-નોક-નોક! નોક-નોક-નોક!"

અને હથોડા-કાકાઓ ખરેખર પેલી ઘંટડીઓને ટપાર્યા કરતા હતા! પહેલાં એકને, પછી બીજાને! મીશાને એ બધાંની ખૂબ દયા આવી ગઈ. એ વિવેકપૂર્વક હથોડા-કાકાઓ પાસે ગયો, માથું નમાવ્યું, અને ધીમેથી પૂછ્યું કે પેલા બિચારા કિશોરોને આટલી નિર્દય રીતે કેમ ટપાર્યા કરો છો, ભલા? હથોડાઓએ કહ્યું: "ચાલ, હઠ — ચાલતો થા. અમારો કેડો મૂક! એ ત્યાં બેઠો પેલો સાહેબ અમારો — મજાનો પોશાક પહેરીને અમને નિરખ્યા કરે છે. એ બધાંને ટપારવાનું કહે છે અમને! એ ફરે છે, અને અમને પકડે છે. અમને પકડે છે ને વળી ફરે છે. નોક-નોક-નોક! નોક-નોક-નોક!"

"કોણ છે તમારો સાહેબ?" મીશાએ ઘંટડી-કિશોરોને પૂછ્યું.

"પેલા નળાભાઈ," તેઓએ કહ્યું: "આમ તો બહુ મજાનો માણસ છે. આખો દિવસ ને રાત સોફા પર પડયો રહે છે, પણ એની સામે હરફેય ઉચ્ચારાય નહીં અમારાથી."

બધા ઉપર દેખરેખ રાખતા એ નળાભાઈ પાસે મીશા ગયો. રૂપાળો પોશાક પહેરીને એ ખરેખર સોફા પર પડયો પડયો આમ તેમ ગબડયા કરતો હતો. પણ એનું મોં હંમેશાં ઊંચું રહેતું. એના રૂપાળા પોશાક ઉપર કેટલીય ચાંપ અને નકૂચા લગાડેલા હતા; કોઈ હથોડો દેખાય એટલે એને પકડે અને પછી એને છોડે; હથોડો જેવો છૂટે, એટલે પેલી ઘંટડીને વાગે.

મીશા જેવો કે એની પાસે પહોંચ્યો કે તુરત જ નળાભાઈ નિરીક્ષકે બૂમ મારી: "હેંકી-પેંકી! આ કોણ આવ્યું છે? આ કોણ બબડે છે? હેંકી-પેંકી! ટળો અહીંથી! મને સુવા દો! હેંકી-પેંકી, હેંકી-પેંકી!"

હિંમતભેર મીશાએ કહ્યું: "એ તો હું — મીશા ..."

"તારે શું કામ છે અહીં?" નળાભાઈએ પૂછયું.

"મને પેલા ઘંટડી-કિશોરોની દયા આવે છે, એ બધાં એવા માયાળુ, સંગીતમય છે! પણ પેલા હથોડાઓ પાસે તમે એ બધાંને બસ, ટપાર્યા જ કરો છો..."

"પણ એમાં મારે શું? હેંકી, પેંકી! અહીં કંઈ મારું ધાર્યું થતું નથી. હથોડા ભલેને ઘંટડીઓને ટપારે! મારે શું? હું તો એય ને મજાનો નળાભાઈ નિરીક્ષક છું. આ સોફા પર પડી રહું છું,— અને કંઈ જોતો નથી. હેંકી-પેંકી, હેંકી પેંકી!"

"આ નગરમાં મને ઘણું શિખવા મળ્યું," મીશાને વિચાર આવ્યો. "નિરીક્ષક મારા પર ધ્યાન રાખતા, એ જોઈને મને કેવી ચીડ ચડતી! એ કંઈ મારી મા કે પિતા નથી, ને હું કંઈ તોફાન કરી બેસું, એમાં એનું શું થાય? મને ખબર હોત, તો ઓરડામાંથી બહાર જ ન નીકળત! — પણ હવે મને લાગે છે કે કોઈ જોવાવાળું ન હોય, તો બિચારા છોકરાઓનું શું થાય, એ મને સમજાય છે."

આમ વિચારતો મીશા આગળ વધતો હતો, પણ ત્યાં જ એના પગ અટક્યા. એને એક સોનેરી તંબુ દેખાયો. કોરે કોરે એને મોતી જડેલા હતા; એને માથે પવનચક્કીની જેમ ઘૂમતો સોનેરી હવામાનનો ફલક હતો; એના ચંદરવા નીચે મહારાણી કમાન સર્પની જેમ વીંટાતી અને પછી ઉકેલાતી પડી હતી. એની આ ક્રિયાથી નળાભાઈ નિરીક્ષક સતત ઘોંચાતા રહેતા હતા. આ જોઈને મીશાને ભારે નવાઈ થઈ. એણે મહારાણીને કહ્યું:

"નામદાર રાણીજી, તમે નિરીક્ષક સાહેબને સતત ઘોંચતા કેમ રહો છો?"

"ઝીંગ-ઝીંગ-ઝીંગ!" મહારાણીએ કહ્યું: "સાવ મૂરખ છોકરો, ગાંડો! જુએ છે બધું, પણ નિહાળતો કંઈ નથી! હું જો આ નળાને ઘોંચું નહીં, તો એ ફરશે નહીં; અને એ નળો ફરે નહીં, તો પેલા હથોડાઓને નકૂચા ભરાય નહીં અને એ અથડાશે નહીં; અને જો એ અથડાશે નહીં, તો ઘંટડીઓ નહીં

વાગે, અને જો ઘંટડીઓ નહીં વાગે, તો સંગીત નહીં બજે. ઝીંગ-ઝીંગ-ઝીંગ!"

આ રાણી સાચું બોલતી હતી કે નહીં? એ મીશાને શોધી કાઢવું હતું. એટલે એણે નમીને આંગળીથી કમાનરાણીને દબાવી જોઈ. ને એની સાથે જ, આખી કમાન છટકી, નળો ગોળ ઘૂમી ગયો, હથોડાઓ પછડાયા, અને નાની ઘંટડીઓ જેમ તેમ અથડાવા માંડયા, અને અંતે કમાન તૂટી પડી. તરત જ બધું શાંત પડી ગયું. નળો અટકી પડયો, હથોડાઓ નીચે પડયા, ઘંટડીઓ એક બાજુ નમી ગઈ, સૂર્ય નીચે આવી ગયો, મકાનો ધરાશાયી થયાં... ને ત્યારે મીશાને યાદ આવ્યું, કે એના પિતાએ પેલી કમાનને કંઈ ન કરવા સૂચના આપી હતી. એ યાદ આવતાં તો એ ગભરાયો... અને... જાગી પડયો.

"તને શેનું સ્વપ્નું આવ્યું હતું?" પિતાજીએ પૂછ્યું.


શું બન્યું હતું, એ મીશાને ક્યાંય સુધી સમજાયું નહીં. ચારેબાજુ જોયું — પિતાજીનો ઓરડો જ હતો. આ, બરાબર! અને આ સામે પડી છીંકણીની ડબ્બી! બાજુમાં મમ્મી અને પિતાજી બેઠાં છે. સહેજ મલકી રહ્યાં છે.

"ક્યાં છે પેલા ઘંટડી-કિશોરો, હથોડા-કાકાઓ, મહારાણી-કમાન?" મીશાએ પૂછ્યું: "તો મને સ્વપ્નું આવ્યું હતું, કેમ?"

"હા, મીશા, સંગીતને લીધે તને નિંદર ચડી, ક્યાંય સુધી તું ઝોકાં ખાતો રહ્યો... પણ તારા સ્વપ્નાની વાત તો કર અમને."

"પિતાજી," મીશાએ આંખો ચોળતાં કહ્યું. "આ છીંકણીની ડબ્બીમાં સંગીત કેવી રીતે વાગતું હતું એ મારે શોધી કાઢવું હતું. મેં એ ધ્યાનપૂર્વક નિહાળી, અને શોધી કાઢયું કે એમાં શું અને કેવી રીતે હાલતું ચાલતું હતું! મને હજી કંઈ સમજાય ત્યાં તો છીંકણીની ડબ્બીનું બારણું ખૂલ્યું અને..." મીશાએ એનું આખું સ્વપ્નું વિગતે વર્ણવી બતાવ્યું.

"એટલે કે, છીંકણીની ડબ્બીમાં સંગીત કેમ વાગે છે એ તું લગભગ સમજી ગયો એમ મને લાગે છે," પિતાજીએ કહ્યું: "પણ જ્યારે તું યંત્રશાસ્ત્રનો અભ્યાસ કરશે, ત્યારે એ બધું તને વધુ સારી રીતે સમજાશે..."



મિખાઈલ લેર્મોન્તોવ

આશિક-કેરીબ

ઘણા વખત પહેલાંની વાત છે. ત્બીલીસી શહેરમાં એક ધનવાન તુર્ક વસતો હતો. અલ્લાહે એને ખૂબ ધનદોલત બક્ષ્યાં હતાં, પણ એને મન ધનદોલતથીય મૂલ્યવાન હતી પોતાની એકની એક દીકરી — માગુલ-મેગેરી. ઉપર આકાશમાં કેટલીયં સરસ મજાના તારલિયા ચમકે છે, પણ એ તારલિયાઓની પેલે પાર એથીય સરસ સ્વર્ગ-પરીઓ વસે છે; અને એવી હતી આ માગુલ મેગેરી. આખા ત્બીલીસીની બધી રૂપકન્યાઓથીય સરસ મજાની ...

ને ત્બીલીસીમાં બીજો વસતો હતો એક ગરીબ આશિક-કેરીબ. પયગંબરે એને વિશાળ હૃદય અને મધુર કંઠ સિવાય બીજું કંઈ બક્ષ્યું નહોતું. તુર્કસ્તાનના તંતુવાદ્ય "સાજ"ના એ તાર ઝણઝણાવતો, ભૂતકાળના વીર તુર્કોનાં ગુણગાન ગાતો, સુખી ધનિકોના લગ્નસમારંભોમાં લોકોનું મનોરંજન કરતો. એવા એક સમારંભમાં એણે માગુલ-મેગેરીને જોઈ, અને દૃષ્ટોદૃષ્ટ મળતાં પરસ્પર સ્નેહ ઊપજ્યો. ગરીબ બિચારા આશિક-કેરીબને એની સાથે લગ્ન થવાની તો કોઈ આશા નહોતી, તેથી શિયાળાના ભારેખમ આકાશની જેમ એ ગમગીન બની ગયો. એક વખત બગીચામાં દ્રાક્ષના વૃક્ષ નીચે એ લાંબો વાંસો કરીને પડયો હતો, એમાં ક્યારે એની આંખ મિંચાઈ ગઈ એની ખબર ન રહી. આ દરમ્યાન માગુલ-મેગેરી પોતાની સખીઓ સંગાથે ત્યાંથી નીકળી. એમાંથી એક સખીની નજર સાજિંદા આશિક પર પડી; એ તુરત જ એના તરફ વળી.

"અહીં દ્રાક્ષના વૃક્ષ નીચે આમ શું પડી રહ્યો છે?" સખીએ કહ્યું: "ઊભો થા, ગાંડા; તારી હિરણાક્ષી આવી રહી છે."

એ જાગી પડયો, અને સખી કોઈ પંખીડાનું ગીત ગાતી જાણે ત્યાંથી સરી ગઈ. એનું ગીત માગુલ-મેગેરીને કાને પડયું એટલે એ તો સખીને ભાંડવા માંડી:

"તને જો ખબર હોત ને," સખીએ કહ્યું: "કે મેં કોને માટે આ ગીત ગાયું હતું તો તું મારો આભાર માનત, હા! એ ત્યાં બેઠો તારો આશિક-કેરીબ!"

"મને ત્યાં લઈ જા ને," માગુલ-મેગેરીએ કહ્યું.

સખીઓ આશિક પાસે પહોંચી. એનો ગમગીન ચહેરો જોઈ, માગુલ-મેગેરીએ ખબર-અંતર પૂછી એને આશ્વાસન આપવા માંડયું.

"મને વેદના તો થાય ને!" આશિક-કેરીબે જવાબ દીધો: "હું તને ચાહું છું, અને તું ક્યારેય મારી તો બનવાની જ નથી."

"મારા પિતા પાસે મારું માગું નાંખ, અને તેઓ એમની દોલત ખર્ચી આપણી શાદી ગોઠવશે, અને આપણું ગાડું ચાલે એટલું આપણનેય દેશે."

"સારું", તેણે કહ્યું: "ધારો કે આયાક-આગાને પોતાની દીકરી માટે દુ:ખ ન થાય; પણ કોને ખબર, ભવિષ્યમાં કદાચ તું જ મને એવો ઠપકો નહીં આપે કે મારી પાસે તો કાણી કોડી એ નહોતી અને બધું તું જ લઈ આવી છે? ના! જો, હું તને આજે અંત:કરણપૂર્વક વચન આપું છું. આ પૃથ્વીપટ પર એક ભટકતા સાજિંદાની જેમ હું સાત વર્ષ આમ તેમ રખડીને અખૂટ ધન ભેગું કરીશ. ભલે ને પછી દૂર દૂરના દેશોમાં હું ખુવાર થઈ જાઉં! આટલું જો તને મંજૂર હોય, તો એટલી મુદત પૂરી થતાં આપણે શાદી કરી શકીએ."

માગુલ-મેગેરીએ એ મંજૂર રાખ્યું પણ એણે એટલું ઉમેર્યું કે જો એ મુદત પૂરી થવાને દિવસે પાછો ન આવે તો પોતે કુરશુદ-બેક સાથે શાદી કરી લેશે. આ કુરશુદ-બેક ઘણા વખતથી એની સાથે શાદી કરવા ઝંખતો હતો.

આશિક-કેરીબ ઘરે ગયો, વૃદ્ધ માની આશિષ લીધી, નાની બહેનને ચૂમી લીધી, ખભે થેલો ભરાવ્યો, રસ્તા માટેનું ભાથું લીધું અને ત્બીલીસીને પાદરેથી નીકળી પડયો. જુએ છે તો એને એક ઘોડેસવાર બોલાવી રહ્યો છે. એ તો હતો કુરશુદ-બેક! "શુભેચ્છાઓ છે મારી!" બેકે એને કહ્યું: "તું જ્યાં જઈશ ત્યાં હું તારી સાથે આવીશ."

આશિકને આવા સહપંથીથી આનંદ ન થયો, પરંતુ એ કરી પણ શું શકે? બન્ને ક્યાંય સુધી સાથે ચાલતા રહ્યા, છેવટે તેઓ નદી કિનારે પહોંચ્યા. આ નદીને પાર કરવા નહોતો એકેય પૂલ કે નહોતો એમાં ઊતરવાનો ઘાટ.

"તું પાણીમાં આગળ આગળ તરવા માંડ," કુરશુદ-બેકે કહ્યું: "હું તારી પાછળ પાછળ જ આવું છું." આશિકે અંગરખું કાઢ્યું અને એ નદી તરી ગયો. પાછો ફરીને જુએ છે તો—કેટલી દુ:ખની વાત કહેવાય, હે શક્તિશાળી અલ્લાહ!—કુરશુદ-બેક તો એનાં કપડાં લઈ પાછો ભાગ્યે જતો હતો, જાણે નજર પહોંચે ત્યાં સુધી એ સર્પની જેમ સરકેય જતો હતો.

કુરશુદ-બેક તો આશિકનાં કપડાં લઈ આનંદથી ત્બીલીસી પહોંચ્યો અને એની વૃદ્ધ માને જઈ મળ્યો. "તમારો દીકરો તો, મા, ઊંડી નદીમાં તણાઈ ગયો," એણે કહ્યું: "જુઓ, આ એનાં કપડાં!"

અકથ્ય વેદનાના શૂળથી પોતાના વ્હાલા દીકરાનાં કપડાં ઉપર મા ઢળી પડી અને એને ઊના ઊના આંસુથી ભીંજવી નાખ્યાં. પછી એ કપડાંને લઈને એ તો આશિકની વાગ્દત્તા માગુલ-મેગેરી પાસે પહોંચી:

"મારો દીકરો તો નદીમાં તણાઈ ગયો," માએ એને કહ્યું: "કુરશુદ-બેક આ એનાં કપડાં લાવ્યો છે, જો. હવે તું વચનમુક્ત છે."

માગુલ-મેગેરીને સહેજ હસવું આવી ગયું. એણે જવાબ દીધો:

"એમાં વિશ્વાસ નહીં રાખો, મા! એ તો કુરશુદ-બેકના મનની કલ્પના છે. સાત વરસની મુદત પુરી થતાં પહેલાં કોઈ મારો પતિ નહીં બની શકે."

એણે દિવાલેથી પોતાનું સાજ ઉતાર્યું. અને ગરીબ આશિક-કેરીબને ગમતું ગીત એ ધીમેથી ગાવા લાગી.

આ દરમ્યાન આપણો ભટકતો સાજિંદો ઉઘાડે પગે, ઉઘાડે બદને એક ગામડે પહોંચ્યો. ત્યાંના માયાળુ લોકોએ એને કપડાં આપ્યાં અને ખવડાવ્યું,

આભારવશ આશિકે એના બદલામાં કેટલાંય સરસ ગીત એમને સંભળાવ્યાં. આમ એક ગમડેથી બીજે ગામડે, એક શહેરથી બીજે શહરે એ ભટકતો રહ્યો. એના મધુર કંઠને લીધે બધેય એને સારો આવકાર સાંપડયો. છેવટે એ ખલાફ નગરે પહોંચ્યો. રિવાજ મુજબ એ કોફીખાનામાં ગયો. કોઈની પાસેથી સાજ માંગીને એ ગાવા લાગ્યો. એ જમાનામાં ખલાફ નગરમાં એક મોટો પાશા રહેતો હતો. આ પાશા પાસે કંઈ કેટલાય આવા ગાનારાઓ આવતા, પણ એને કોઈ ગમતો નહીં. એના નોકર ચાકરો રસ્તે જતા આવા ગાનારાઓની પાછળ પડીને એને પજવતા. અને ત્યાં અચાનક આ કોફીખાનામાંથી આવતો અદ્ભુત અવાજ તેઓએ સાંભળ્યો. બધા તરત જ અંદર દોડયા.

"અમારા મહાન પાશા પાસે ચાલ," એમણે હુકમ કર્યો: "નહીં તો અમે તારું માથું વાઢી લેશું."

"હું તો મનમોજી માણસ છું, ત્બીલીસી નગરનો ભટકતો સંગીતકાર છું," આશિક-કેરીબે કહ્યું: "મન થાય તો તમારી સાથે આવું, નહીં તો નયે આવું, ને મન થાય તો જ ગાઉં, વળી તમારા પાશા કંઈ મારા માલિક નથી."

જોકે તે છતાંય તેનું કંઈ સાંભળ્યા વગર પાશાની સામે એને ખડો કરી દેવામાં આવ્યો. "ગા," પાશાએ કહ્યું.

આશિકે એક ગીત ગાયું. એમાં એણે પોતાની પ્રિયતમા માગુલ-મેગેરીનાં ગુણગાન ગાયાં; ગર્વિષ્ઠ પાશાને આ ગીત એટલું તો ગમ્યું કે એણે ગરીબ આશિક-કેરીબને પોતાની પાસે જ રાખી લીધો.

હવે આશિક પાસે સોના ચાંદીના ઢગ થવા માંડયા. એને કેટલાય અમૂલ્ય પોશાકો પહેરાવાયા. આશિક-કેરીબ સુખચેનથી જિંદગી બસર કરવા લાગ્યો અને ખૂબ ધનવાન બન્યો. માગુલ-મેગેરીને એ ભૂલી ગયો કે કેમ, એની તો મને ખબર નથી. પણ સમય તો વીતતો ચાલ્યો. મુદતનું છેલ્લું વરસ પણ હવે તો પૂરું થવા આવ્યું હતું. ને તોય એણે પાછા ફરવાની કોઈ તૈયારી શરૂ કરી નહોતી. રૂપકન્યા માગુલ-મેગેરીને બીજી બાજુ હતાશા ઘેરી વળવા માંડી હતી. આ દરમ્યાન ત્બીલીસી નગરેથી એક વેપારી કંઈ કેટલોય માલસામાન કારવાંમાં ભરીને નીકળવાનો હતો. માગુલ-મેગેરીએ એ વેપારીને પોતાને ત્યાં બોલાવ્યો અને એને એક સોનાનું પાત્ર આપ્યું.

"તમે આ પાત્ર લઈ જાઓ," એણે કહ્યું. "અને તમે જે કોઈ નગરમાં જાઓ ત્યાં તમારી દુકાનમાંયે સારી રીતે દેખાય એ રીતે આ પાત્રને રાખજો. પછી બધે એવી જાહેરાત કરજો કે જે આ પાત્રના માલિકને ઓળખી કાઢે એને

આ સુવર્ણપાત્ર તથા એના માલિકનું અઢળક સોનું ભેટ આપવામાં આવશે."

માગુલ-મેગેરીએ સોંપેલ કામ મુજબ વેપારી ચોતરફ રખડયો. પરંતુ પેલા સુવર્ણપાત્રના માલિકને કોઈ ઓળખી ન શક્યું. વેપારીનો બાકીનો બધો માલ હવે લગભગ ખલાસ થવા આવ્યો હતો, અને બચેલો માલ લઈને તે ખલાફ નગરે પહોંચ્યો. ત્યાં પણ માગુલ-મેગેરીનો સંદેશો એણે ચોતરફ જાહેર કર્યો. એ સાંભળીને આશિક-કેરીબ આ વેપારી જ્યાં ઊતર્યો હતો એ કારવાં-સરાઈએ દોડતો પહોંચ્યો. ત્બીલીસીના વેપારીના માલ-પ્રદર્શનમાં એણે સોનાનું પાત્ર જોયું.

"આ તો મારું છે!" પાત્ર હાથમાં લેતાં એણે કહ્યું.

"હા, તારું છે," વેપારીએ કહ્યું: "મેં ઓળખ્યો તને, આશિક-કેરીબ! જલ્દી હવે ત્બીલીસી પહોંચ, તારી માગુલ-મેગેરીએ તને કહેવડાવ્યું છે કે હવે મુદત પૂરી થવા આવી છે, ને જો તું નિશ્ચિત દિવસે નહીં પહોંચે, તો એ બીજા કોઈ પણ સાથે એ શાદી કરી લેશે!"

હતાશ આશિક-કેરીબના મગજમાં વિચારો ઘુમરાવા માંડયા: વચન મુજબની ઘડીને રહ્યા હતા. ફક્ત ત્રણ જ દિવસો! ને તોય એણે તો ઘોડો પલાણ્યો, સાથે લઈ લીધી પોતાની બધી ધન-દોલત. ઘોડાનો સહેજ પણ વિચાર કર્યા વગર એને આશિકે દોડાવવા માંડયો. કષ્ટદાયી મારફાડ ઘોડાદોડને અંતે થાકીને લોથપોથ થઈ અરઝીગાન પર્વતે એ માંડ પહોંચ્યો. આ પર્વત અરઝીગાન અને અરઝીરૂમની વચ્ચે આવેલો છે. હવે શું કરવું? અરઝીગાનથી ત્બીલીસી પહોંચતાં બે મહીના લાગે, અને હાથમાં રહ્યા હતા ફક્ત બે દિવસો.

"યા અલ્લાહ!" એણે કાકલૂદી કરી: "હવે જો તું મને મદદ નહીં કરે તો મારે આ જગતમાં જીવીને શું કામ છે?" એક મોટા ખડક ઉપરથી પડતું મૂકવાનો એને વિચાર આવ્યો. નીચે નજર કરે છે તો સફેદ ઘોડે બેઠેલો એક સવાર એને નજરે ચડયો, ને એની મોટી બૂમ સાંભળી:

"ઓગ્લાન! (યુવાન) આ તું શું કરી રહ્યો છે?"

"મારે મરવું છે," આશિકે કહ્યું.

"તો નીચે આવ. હું તને મારી નાખું."

કોણ જાણે કેમ પણ આશિક ખડક પરથી નીચે ઊતર્યો.

"મારી પાછળ-પાછળ ચાલ," ઘોડેસવારે ગંભીર અવાજે કહ્યું.

"હું તમારી પાછળ કેવી રીતે આવી શકું?" આશિકે જવાબ દીધો. "તમારો ઘોડો તો ઊડે છે — પવનની જેમ. ને મારે ખભે આટલો આ ભાર છે."

"મારા ઘોડાના જીને તારું પોટલું મૂકી દે ને ચાલ પાછળ પાછળ," સવારે



કહ્યું. ઘોડેસવાર ભાગી તો નહીં જાય એ બીકે આશિક-કેરીબ ખચકાયો.

"તું કેમ ખચકાય છે?" ઘોડેસવારે પૂછ્યું.

"હું તમારી પાછળ પાછળ કેવી રીતે આવી શકું? તમારો ઘોડો તો વિચારવેગથીય વધુ ઝડપે ચાલે છે. ને હું તો મનનોય મુંઝાયેલો છું."

"સાચું. મારા ઘોડા પર પાછળ બેસી જા. ને મને સત્ય કહે કે તારે ક્યાં જવું છે?"

"મારે હમણાં તો અરઝીરૂમ તરત જ પહોંચવું છું." આશિકે કહ્યું.

"તારી આંખો મીંચી દે." એણે આંખો બંધ કરી દીધી. "હવે આંખો ખોલ." આશિક જુએ છે તો એની સામે આરઝીરૂમ નગરના શ્વેત મિનારાઓ ઝળકી રહ્યા હતા!

"માફ કરજો, આગા," આશિકે કહ્યું: "મેં ભૂલ કરી. મારે એમ કહેવું હતું કે મારે કાર્સ જવાનું છે."

"જો," ઘોડેસવારે જવાબ દીધો: "મેં તને પહેલાં જ કહ્યું હતું કે તારે મને સાચું કહેવાનું છે. કંઈ નહીં. ફરીથી આંખો બંધ કર. હવે ઉઘાડ."

આશિકને પોતા પર વિશ્વાસ ન બેઠો. અરે, આ તો ખરેખર કાર્સ નગર છે! ઘોડેસવાર સામે એ ઘૂંટણિયે પડયો:

"માફ કરો મને, આગા, આ તારા ગુલામ આશિક-કેરીબે ત્રીજી વાર ભૂલ કરી છે. ને તમે તો જાણો છો, કે માનવી જો એકવાર ભૂલ કરે તો એ કરતો જ રહે છે. સાચું કહું તો મારે ત્બીલીસી જવાનું છે."

"તું કેવો અવિશ્વાસુ છે!" ઘોડેસવારે નારાજ થઈને કહ્યું: "કંઈ નહીં, હું તને ત્યાં મૂકી જઉં. આંખો બંધ કર. હવે ઉઘાડ," એણે ક્ષણવાર પછી કહ્યું.

આશિકથી આનંદની ચિચિયારી નીકળી ગઈ. તેઓ ત્બીલીસીના પાદરે ઊભા હતા! ઘોડેસવારનો અંતઃકરણપૂર્વક આભાર માની જીન ઉપરથી પોતાનું પોટલું ઉતારી આશિક-કેરીબે કહ્યું:

"આગા, ખરેખર તમારો ખૂબ આભાર. પણ હવે મારું કામ બીજું કરો, હું કોઈને જો કહીશ કે હું એક દિવસમાં અરઝીગાનથી ત્બીલીસી આવ્યો છું, તો મારું કોઈ માનશે નહીં. મને કોઈ નિશાની, કંઈ ખાતરી થાય અવું આપો."

તેણે સ્મિત કરતાં કહ્યું: "ઘોડાની નીચેની જમીનમાંથી થોડી માટી લઈ લે. અને કોઈ જ્યારે તારી વાત ન માને, ત્યારે સાત સાત વરસથી રાહ જોતી, કોઈ આંધળીની આંખમાં એને એ આંજજે. એને બધું દેખાવા માંડશે."

શ્વેત ઘોડાની નીચેથી આશિકે માટી ભેગી કરી, અને એ હજી ડોકું ઊંચું કરે

છે તો ઘોડો અને એનો સવાર ગાયબ થઈ ગયા હતા! ને ત્યારે એના અંતરમાં ઝબકારો થયો: એને અહીં લાવનાર બીજું કોઈ નહીં, પણ ખુદ ગેઓર્ગી— હાદેરિલિયાઝ જ હતા!

આશિક-કેરીબને પોતાનું ઘર શોધતાં સાંજ પડી ગઈ. ધ્રૂજતે હાથે એણે બારણું ઠોક્યું, કહ્યું: "આના! આના! મા! બારણું ખોલ. હું ગરીબ અતિથિ છું. મને ઠંડી લાગે છે, ભૂખ્યો દુ:ખ્યો છે. તારા પ્રવાસી કલાકાર દીકરાને નામે કહું છું. બારણું ખોલો. મને અંદર આવવા દો."

અંદરથી વૃદ્ધનો થોથવાતો અવાજ આવ્યો: "પ્રવાસીઓ માટે કેટલાય ધનિકો અને બળવાનોનાં ઘર પડયાં છે; નગરમાં આજે કેટલીય શાદીઓ થઈ રહી છે—ત્યાં જાઓ. ખુશીથી ખાણીપીણીમાં તમારી રાત પસાર થઈ જશે."

"આના! મા!" તેણે કહ્યું: "હું અહીં કોઈને ઓળખતો નથી; તેથી ફરી વિનંતી કરું છું કે તમારા ભટકતા સાજિંદા પુત્રને નામે મને અંદર આવવા દો."

ત્યારે એની બહેને એની માને કહ્યું: "મા, હું ઊઠીને બારણું ખોલું છું."

"ના-ના," વૃદ્ધાએ કહ્યું: "ઘરમાં યુવાનોને લાવવા અને એમની મહેમાનગતી કરવી તને ગમે છે... કારણ કે સાત વરસ વીતી ગયા, એની પાછળ રડીને મારી મૂઈની આંખોનું તેજેય હણાઈ ગયું છે."

વૃદ્ધ માની મનાઈ તરફ દીકરીએ ધ્યાન ન આપ્યું, અને એણે ઊઠીને બારણું ખોલી, આશિક-કેરીબને અંદર લીધો. આશિકે વિવેકપૂર્ણ નમન કરીને, ચિંતાતુર બની આમતેમ નજર કરી. દીવાલ ઉપર ધૂળ ચડી ગયેલા ખોખામાં એનું મધુરધ્વનિ સાજ લટકતું હતું. તેણે માને પૂછ્યું: "આ દીવાલે શું લટકે છે?"

"તું ભારે ધડ કૂટયા કરે છે, ને બધું જાણવા માગે છે! તને આપે એ કટકુંબટકું ખાઈ લે, અને કાલે અહીંથી રવાના થઈ જા."

"મેં તમને કહ્યું ને," તેણે કહ્યું: "તમે મારા સગી મા છો, અને આ મારી બેન છે. અને એટલે તો હું તમને પૂછયું છું કે આ દીવાલે શું લટકે છે?"

એનામાં વિશ્વાસ ન મૂકતાં વૃદ્ધાએ કહ્યું: "એ તો સાજ છે."

"સાજ એટલે શું?"

"સાજ એટલે એને વગાડાય, અને એની સાથે ગીત ગવાય."

એ સાજ ઉતારીને એને આપવાનું દીકરીને કહેવા, આશિકે માને વિનંતી કરી.

"ના," માએ કહ્યું: "એ સાજ મારા બિચારા દુ:ખી દીકરાનું છે. જો ને, સાત વરસથી એ ત્યાં લટકે છે, અને કોઈએ એને હાથ લગાડયો નથી!"

પણ બહેને ઊઠીને એ સાજ આશિકને આપ્યું. એણે આકાશ સામે નજર માંડીને આવી બંદગી કરી:

"હે સર્વશક્તિમાન અલ્લાહ! મારો મકસદ જો પાર પડવાનો હોય, તો મારું આ ભાંગ્યું તૂટયું સાજ, મેં છેલ્લે વગાડયું હતું એવું ને એવું થઈ જાઓ!"

એણે ધીમેધીમે એના તાર ઝણઝણાવવા માંડયા, અને એમાંથી એવા સૂર નીકળવા માંડયા. સાથે એનો અવાજ ભળ્યો: "હું ગરીબ કેરીબ (ભિખારી) છું, ને મારાં ગીત પણ એવાં જ કાલાં છે. પણ મહાન હાદેરિલિયાઝે મને ઊંચે ખડકેથી ઉતારીને મને મદદ કરી: ભલે ને હું ગરીબ હોઉં કે મારાં ગીત એવાં કાલાં હોય! મા મને ઓળખ, તારા ભટકતા સાજિંદા દીકરાને પિછાણ!"—

આ સાંભળીને વૃદ્ધા ડૂસકાં લેતી એને પૂછવા માંડી. "તારું નામ શું?"

"રશીદ (હિંમતવાન)!" એણે જવાબ દીધો.

"મેં તારો અવાજ સાંભળ્યો, રશીદ," માએ કહ્યું: "તારા અવાજથી મારું હૈયું ભાંગીને ભૂક્કો થઈ જાય છે. ગઈ કાલે મને સ્વપ્નું આવ્યું કે મારા માથાના વાળ સફેદ થઈ ગયા છે; આંસુ વહાવીને આંખોનું નૂર ચાલ્યું ગયું છે. મારા છોકરા જેવો જ તારો અવાજ છે. એ ક્યારે પાછો આવશે, કહે ને મને!"

આંસુ નીતરતી આંખે એણે બબ્બે વખત કાકલૂદી કરી. આશિકે કેટલીયે વાર પોતાને એના દીકરા તરીકે ગણાવ્યો, પણ એ માની નહીં. પછી થોડી વારે એણે પૂછયું: "મા મને આ સાજ લઈ જવા દે. મેં સાંભળ્યું છે આજે આટલામાં જ ક્યાંક શાદી છે. મારી બેન મને ત્યાં લઈ જશે. મને ત્યાં જે કંઈ મળશે એ લઈ આવીશ, અને તમને ભાગ આપીશ."

"ના, તને સાજ ન લઈ જવા દઉં," વૃદ્ધાએ કહ્યું: "મારો દીકરો ગયો છે ત્યારથી ઘરમાંથી આ સાજ ક્યાંય બહાર ગયું નથી."

પણ એણે ખાતરી આપી, કે સાજનો એક તાર પણ વાંકો નહીં થાય. "સાજનો એક તાર મરડાય," આશિકે ઉમેર્યું: "તો મારી આ સંપત્તિ તને આપી દઈશ." વૃદ્ધાએ એના પોટલાને ફંફોસી જોયું; એમાં તો સોનાના સિક્કાઓ ખખડતા હતા, એની ખાતરી કર્યા પછી, એને ઘરની બહાર નીકળવા દીધો.

શાદીની ધમાલ ધાંધલથી ધમધમતા ધનવાનને ઘરે એને વળાવીને, બહેન એને બારણે ઊભી. અહીં હવે શું બને છે એ એને જોવું હતું.

એ ઘરમાં માગુલ-મેગેરી રહેતી હતી. આજે કુરશુદ-બેક સાથે એની શાદી ગોઠવાઈ હતી. કુરશુદ-બેક પોતાના સગાસંબંધીઓ અને મિત્રો સાથે મિઠાઈઓ ઉડાવતો હતો, અને પડદા પાછળ પોતાની સખીઓને લઈને બેઠેલી માગુલ-મેગેરીના

એક હાથમાં ઝેરનો પિયાલો અને બીજા હાથમાં ધારદાર ખંજર હતું. કુરશુદ-બેકના પલંગે માથું મૂકવું પડે, એ પહેલાં એણે જાન આપી દેવાનું નક્કી કર્યું હતું. ત્યાં જ એને કોઈકે કહ્યું કે કોઈ અજાણ્યો માણસ આવ્યો છે, અને એણે કહેવડાવ્યું છે: "સલામ આલેકુમ! અહીં તમે ખાનપાન અને આનંદ કરો છો, તો મારા જેવા ભટકતા સાજિંદાનેય તમારી પાસે બેસવા દો; બદલામાં હું તમને મારું ગીત સંભળાવું."

કુરશુદબેકે કહ્યું: "હા, હા; કેમ નહીં! અહીં તો ખાસ આમંત્રિત ગાયકો હોવા જોઈએ. કારણ કે અહીં શાદી ગોઠવાઈ છે, આશિક (ગાયક), તું જરૂર કંઈ ગા. હું તને પુષ્કળ સોનું આપીને રાજી કરીશ... પણ તારું નામ કહે મને."

"શિન્દી-ગેરૂરસેજ (હમણાં ખબર પડશે)."

એને હસવું આવી ગયું: "એવું નામ તો પહેલી વખત સાંભળ્યું."

"હું જ્યારે મારી માના પેટમાં હતો, અને મને જન્મ આપતાં એમને કષ્ટ પડી રહ્યું હતું ત્યારે કેટલીક પડોશણોએ બારણે ઊભીને પૂછ્યું હતું કે એને દીકરો આવશે કે દીકરી? ત્યારે એમને કહેવામાં આવ્યું હતું કે શિન્દી-ગેરૂરસેજ, અને એટલે મારા જન્મ પછી મને એવું નામ આપવામાં આવ્યું હતું."

પછી એણે સાજ હાથમાં લીધું, અને ગાવા માંડયું: "હલાફ નગરમાં મને મિસર દેશનો દારૂ પાવામાં આવ્યો, અને અલ્લાહે મને પાંખો આપી, તે એક દિવસમાં હું ઊડીને અહીં આવ્યો."

કુરશુદ-બેકના મંદબુદ્ધિ નાના ભાઈએ ખંજર ખેંચીને કહ્યું: "તું જુઠ્ઠું બોલે છે. હલાફથી એક દિવસમાં અહીં કેવી કીતે પહોંચાય?"

"એટલા માટે તારે મને મારી નાંખવો છે?" આશિકે પૂછ્યું: "સામાન્ય રીતે બધા ગાયકો ચારે દિશાએથી આવીને એક જગ્યાએ ભેગા થતા હોય છે. તમે માનો કે ન માનો, મારે તમારું કંઈ જોઈતું નથી."

"એને ગાવા દે," વરરાજાએ કહ્યું.

આશિક-કેરીબે આગળ ચલાવ્યું: "મેં સવારની નમાજ આર્ઝીગાનમાં પઢી, અને બપોરની નમાજ આરઝેરૂમમાં પઢી હતી; નમતા પહોરની નમાજ કાર્સ નગરમાં, અને સાંજની નમાજ ત્બીલીસીમાં. અલ્લાહે મને પાંખો આપી, અને હું ઊડીને અહીં આવ્યો છું. હું શ્વેત ઘોડે ચડીને ઝડપથી અહીં પહોંચ્યો છું. દોરડે નાચતા નર્તકની જેમ નદીથી પર્વતે પહોંચી, અને પર્વતથી નદીએ ઊતરીને. અલ્લાહે આશિકને પાંખો આપી અને એ માગુલ-મેગેરીની શાદીમાં પહોંચ્યો છે." એનો અવાજ ઓળખીને, માગુલ-મેગેરીએ એક હાથનો ઝેરનો

પિયાલો ફેંક્યો અને બીજા હાથમાંથી ખંજર ફેંકી દીધું.

"હં, તો તેં આમ તારું વચન પૂરું કર્યું!" એની સખીઓ બોલી ઊઠી: "લાગે છે, તું આજે રાત્રે કુરશુદ-બેકની બીબી થઈશ!"

"તમને ખબર ન પડી, પણ હું મને ગમતો અવાજ ઓળખી ગઈ છે." માગુલ-મેગેરીએ કહ્યું; એણે છરી લઈને પડદો ચીરી નાંખ્યો. એણે નજર કરી તો તુરત જ આશિક-કેરીબને ઓળખી લીધો. એના તરફ એ દોડી, આનંદની ચિચિયારીઓ સાથે એને ખભે માથું ઢાળ્યું અને બન્ને બેભાન થઈને પડયાં.

કુરશુદ-બેકનો ભાઈ તરત જ એ બન્નેને ખંજર લઈને મારવા દોડયો, પણ કુરશુદ-બેકે એને રોક્યો: "ટાઢો પડ, ભાઈ! અને આટલું જાણી લે: માનવીના જન્મ પહેલાં એના નસીબમાં જે લખ્યું હોય એ મીટતું નથી."

ભાનમાં આવતાં, માગુલ-મેગેરી શરમથી લાલચોળ થઈ ગઈ, એણે હાથમાં મોં છુપાવી દીધું અને પડદા પાછળ સંતાઈ ગઈ.

"હવે સમજાય છે કે તું જ આશિક-કેરીબ છે." વરરાજાએ કહ્યું: "પણ એટલું કહે કે આટલા ટૂંકા ગાળામાં તેં આટલો લાંબો રસ્તો કેમ કરીને કાપ્યો?"

આશિકે કહ્યું: "એના સત્યની પ્રતીતિ માટે, મારી તલવાર પત્થરના ટુકડા કરી દેશે. હું જો જુઠું બોલતો હોઉં તો વાળથી પાતળી મારી ડોક થઈ જશે, પણ તમે એક કામ કરો: જેણે સાત વરસમાં સૂરજનો પ્રકાશ ન જોયો હોય એવા કોઈ અંધને મારી પાસે લાવો: એની આંખોનું નૂર હું પાછું આપીશ."

બારણે ઊભી આ બધું સાંભળતી આશિક-કેરીબની બહેન તુરત મા પાસે દોડી.

"મા-મા!" એણે ચીસ જ પાડી. "એ તો મારો ભાઈ છે—તારો દીકરો આશિક-કેરીબ!" એનો હાથ પકડીને શાદીના ઘરે એ ખેંચી લાવી.

ત્યારે આશિકે અંગરખાંમાં સંતાડેલી માટી લીધી, એને પાણીમાં પલાળી, માની આંખે લગાડી. અંતરમાં બંદગી કરી:

"જુઓ સહુ લોકો! હાદેરિલિયાઝ કેવા મહાન અને શક્તિશાળી છે!"

અને માની આંખે નૂર આવ્યું. એ પછી આશિકની વાણીમાં કોઈને અવિશ્વાસ ન રહ્યો. કુરશુદ-બેકે એક હરફેય ઉચ્ચાર્યા વિના રૂપકન્યા માગુલ-મેગેરી સાથે એની શાદી થવા દીધી. ત્યારે આશિક-કેરીબે આનંદથી એને કહ્યું:

"સાંભળ કુરશુદ-બેક, હવે હુંય તારું દિલ ઠારવા આટલું કહું! મારી બહેન પણ માગુલ-મેગેરીથી કંઈ ઓછી ઊતરે એવી નથી! અને હુંય હવે તો છું. એનેય હું કંઈ ઓછું સોનું-રૂપું નહીં આપું. એટલે એની સાથે લગ્ન કરી લે. તું એટલો જ સુખી થઈશ, જેટલો હું મારી માગુલ-મેગેરી સાથે સુખી થઈશ!"



વ્લાદીમિર દાલ

બિલાડાભાઈ અને શિયાળબાઈ

એક માણસે એક બિલાડો પાળ્યો હતો. આ બિલાડાએ એની જુવાનીમાં કેટલાય ઉંદર પકડી ખાધા હતા, પણ હવે ઘરડે ઘડપણ એ આળસુ બની ગયો હતો. અથવા કદાચ કેડનો સંધિવાય એને થઈ ગયો હોય, ગમે તેમ, પણ હવે એ કોઈ કામનો રહ્યો ન હતો, ને કોઈ એ બિલાડાને કંઈ ખાવાનું ધરતા નહીં એટલે એને જાતે જ ખોળાખોળ કરવી પડતી. પહેલાંની જેમ ઉંદર નહીં હોં, પણ દૂધ, મલાઈ, માખણ, ઘી! અને આ બધું તો

એને ભાવતુંય બહુ. ટૂંકમાં, ઘરવાળીએ એના ધણીનો ઊધડો લેવા માંડયો હતો:

"ખરા છે આ તો! આવો મોંએ ચડાવેલો બિલાડો પાળી બેઠા છો! ગયા આખા વરસમાં એક ઉંદરની આટલી પૂંછડીય એણે કરડી નથી, અને આમ તો આખું ઘર માથે લે છે!.."

"પહેલી વાત તો એ," ઘરવાળીએ ઉમેર્યું. "પેલા ઉંદરો આપણી મશ્કરી કરે છે એવું મેં સાંભળ્યું છે; અને બીજું, આ બિલાડો આપણને જંપ લેવા નથી દેતો. બધુંય કંઈ થોડું એની પહોંચ બહાર ઢાંકોઢુંબી શકાય, હેં?"

"પણ એમાં તું મારો ઊધડો કેમ લઈ નાંખે છે? કરને તારે કરવું હોય તે તારી મેળે. તું તો જાણે — મારો એ પેટનો જણ્યો હોય એમ!"

પણ ઘરવાળીએ તો પરખાવી જ દીધું: "એ કંઈ બૈરાંનું કામ છે વળી? બળતણનાં લાકડાં વીણવા જંગલમાં જાય ત્યારે એને ત્યાં મૂકી આવવો જોઈએ!"

એના ઘરવાળાએ કર્યું પણ એ જ! એ લાકડાં વીણવા ગયો ત્યારે બિલાડાને કોથળામાં પૂરીને લઈ ગયો; પૂરતાં સાંઠીકડાં ભેગાં કરી લીધાં, પછી કોથળો ખોલ્યો અને પેલા બિચારા બિલાડાને ખાડામાં ફેંક્યો!.. ને પછી એણે ચાલતી પકડી. બિલાડાને થયું: જોયું? હું જો કૂતરો હોત — જોકે આમ તો એ મારો દુશ્મન કહેવાય — પણ જો કૂતરો હોત ને, તો તો એની પાછળેય દોડત... જોકે એય આમ તો મારા સ્વભાવની વિરુદ્ધ જ હોત ને! હવે તો અહીં જ રહેવું પડવાનું છે, અને રહ્યાસહ્યા દહાડા પૂરા કરવાના છે.

"પધારો બિલાડાભાઈ ઘોઘડચંદ," શિયાળબાઈ શકરીએ તેને જોઈને કહ્યું.

"આ પધાર્યા — જો તને ગમે તો!" કહેતાં બિલાડાએ મોઢું ફેરવી લીધું. એને મૂકીને ચાલતા થયેલા માણસ પર એનો ગુસ્સો હજી મા'તો નહોતો.

"પણ અહીં કેમ પધાર્યા છો અને તમારે જોઈએ છે શું?"

બિલાડાએ અથથી ઈતિ એની વીતક સંભળાવી: "જમીને મને સહેજ લાંબો વાંસો કરવાની આદત હતી, એમાં આ થોડી તબિયત અને ચરબી જામી ગઈ. પણ આ ઘડપણમાં કંઈ થતું નથી. જુઓને, મારી બૂરી આદતોને લીધે આમ મૂકીને એ તો ચાલતા થયા. મરવાનો વારો આવ્યો હવે તો."

શિયાળબાઈ શકરીને થયું: હં... આ પરિસ્થિતિનો કંઈ ફાયદો ન મળે, હેં? આ બિલાડાભાઈ ઘોઘડચંદ જેવું પ્રાણી જંગલમાં તો કોઈએ જોયું કે સાંભળ્યું નહીં હોય. બધાંને બિવડાવી મારવા એનો ઉપયોગ કરવો જોઈએ.

"જો, બિલાડાભાઈ ઘોઘડચંદ, દોસ્ત મારા," શિયાળબાઈ શકરીએ કહ્યું: "તારી વાતથી મને ખૂબ પેટમાં બળ્યું; અને આમથી હું તને કંઈક રસ્તો કાઢી

આપીશ. ચાલ, તું મારી સાથે રહેજે હવેથી. બહુ મોટા કંઈ વૈભવની આશા ન રાખીશ, હું તો સાવ ગરીબડી છું, પણ પેટનો ખાડો પૂરશું સાથે રહીને."

"આ તમે સારું કહ્યું," બિલાડાએ આભારમાં કહ્યું: "ચાલો."

શિયાળબાઈ શકરી તો એને લઈ ગઈ એની બોડમાં. એને થોડી વધારે ખોદીને મોટી કરી; બીજાને ડરાવવા આગળથી એને વાંકા વળેલા ભૂંગળા જેવી કરી અને બિલાડાને અંદર જઈને આરામ ફરમાવવા કહી દીધું. પછી શિયાળબાઈ શકરી તો ઊપડી બીજાં પ્રાણીઓને બોલાવવા.

આ શકરીબાઈની વાત સાંભળવા નાનાં મોટાં બધાં જંગલી જનાવરો ભેગાં થયાં. બધાંને સ્નેહથી આવકારીને શિયાળબાઈએ કહ્યું:

"આપણા આ પંથકમાં એક મોટો અમલદાર મોકલવામાં આવ્યો છે. એ કડક તો એવો છે કે જિંદગીમાંય આપણે કોઈએ એવો કડક નહીં જોયો હોય. આપણા બધાંનું હવે આવી બન્યું છે... એનું નામ છે બિલાડાભાઈ ઘોઘડચંદ! એના મોં ઉપર મૂછોના થોભિયા, સોઈ જેવી તીણી જીભ, દીવા જેવી આંખો, વાંકી ધારવાળા પંજા, સર્પ જેવી પૂંછડી અને શરીરે છે કૂણાં-કૂણાં રૂંછાં. બાકી રહેતું હોય તો એ, કે એ કાવતરાં કર્યા કરે છે એનું મહાન કપટી મગજ! ઊંઘે ત્યારે પેલા કાળા માથાના માનવીની જેમ ઘોરે છે, અને જાગે ત્યારે મારે કાને હજી સુધી એક જ એનો શબ્દ પડયો છે: 'મ્યાઉં-મ્યાઉં-ખાઉં-ખાઉં!' ગમે તેટલું આપો તોય 'ખાઉં!' ટૂંકમાં, દોસ્તો, એણે પહેલી તો મને ઘર બહાર કાઢી મેલી! બોલો, એને મારું જ ઘર ગમી ગયું! પણ કંઈ નહીં, મને એનું જરાય દુ:ખ નથી. અને મને પજવશે તોય હું ઊંહકારો કરવાની નથી. હું તો મારો સરસામાન લઈને કોઈ ઝાડના થડમાં કે કૂવામાં જઈને ટૂંટિયું વાળીને પડી રહીશ... પણ એ મારો કેડો જ છોડતો નથી; એણે તો ફરમાન કાઢ્યું છે કે હવે મને ખાવા દે. અને એ કામ મારી એકલાથી થાય એમ નથી. મારા નોકરો અને માંડ મારા પેટનો ખાડો પૂરાય એટલું મારી પાસે હતું, એ બધાં કોઠી કોઠાર તો એણે એક કોળિયે જ ઓહિયાં કરી નાંખ્યા! પછી એણે આ સભા બોલાવવા ફરમાવ્યું કે જેથી તમે બધાં આપણા એ અમલદાર — બિલાડાભાઈ ઘોઘડચંદને ઓળખો, યાદ રાખો અને બીતા રહો!.. આ સભા એમણે એટલે બોલાવી છે, કે એને રોજે રોજ માંસ અને દૂધ ખાવા ધરવાનું છે! દોસ્તો, મારે બસ આટલું જ કહેવાનું હતું. હવે શું કરવું એ તમે જાણો. તમે બધાં મારા કરતાં વધારે શાણાં છો. પણ આપણા નવા અમલદાર... ભાઈસા'બ, ભારે ગુસ્સાવાળા છે — સાતમે આસમાને હોય છે એના મગજનો પારો!"

સભામાં તો ધમાલ બોલી ગઈ. સમુદ્રનાં મોજાં જેવું તોફાન ઊપડયું જાણે! "ભવિષ્યમાં આથીય આકરી કસોટી થવાની છે," રીંછરાણાએ શરીર ખંજવાળતાં કહ્યું. પણ એક વાત સાચી, કે સભામાં એકબીજાને જે કંઈ કામ સોંપાયું એ કરવા કોઈએ ઊંહકારોય ન કર્યો. શિયાળબાઈ શકરીની બોડે કોણે કેટલું, ક્યારે લઈ જવું એ યાદ રાખીને બધાં એમાંથી પાછાં વળ્યાં. અને સભામાં સહુએ એવુંય નક્કી કર્યું કે સૌ પહેલાં તો બિલાડાભાઈ ઘોઘડચંદના દરબારમાં નજરાણાં લઈને કાલે બધાંએ સાથે મળીને જવું.

બધાં પ્રાણીઓ બીજે દિવસે ગભરાતાં, ધ્રૂજતાં પહોંચી ગયાં, અને ભેટસોગાદો ધરી: વરુભાઈ ઘેટાના માંસનો ચોથો ભાગ લઈ આવ્યા હતા. રીંછે મધનો ઉગ્ર શરાબ તૈયાર કર્યો હતો; ગંધારું પોલ્કેટ એક બતકને સાફ કરીને લાવ્યું હતું, અને એની ઘરવાળી બેએક ઈંડા ઉઠાવી લાવી હતી... ટૂંકમાં પોતપોતાથી બન્યું એ કંઈને દરેક પ્રાણી લાવ્યું હતું. ને પછી બધાં ગોળાકારે રાહ જોતાં ઊભાં રહ્યાં. કોઈની જિગર નહોતી કે એક ડગલુંય એથી આગળ વધે. શિયાળબાઈ શકરીએ બોડમાંથી માથું કાઢયું અને અવાજ દબાવી ધીમેથી કહ્યું:

"અમલદારસાહેબ હજી નિદ્રાવશ છે, એમને જગાડવાની મારામાં હિંમત નથી. ધીરજ રાખીને શાંતિથી રાહ જુઓ, દોસ્તો!"

"જરા સાંભળો, શકરીબેન..." રીંછભાઈ રાણાએ કહ્યું. પણ શિયાળે ફરીથી માથું બહાર કાઢીને સમજાવ્યું:

"ના, રીંછભાઈ રાણાજી, હું હવે બહેન નથી, પણ અમલદારસાહેબની ધર્મપત્ની છું. બિલાડાભાઈ અપરિણિત છે; અને મારી વાત તો તમે જાણો છો, કે તમારા મિત્ર શિયાળના ગયા પછી વિધવાજીવનમાં માંડ દા'ડા પૂરા કરતી હતી... આજે અમલદારસાહેબે મારા પર દયા કરી, અને મારી સેવાનો બદલો આપ્યો. તો હવેથી તમારે મને મેમસાહેબ કહેવાનું છે, સમજ્યા?"

બધાં પ્રાણીઓએ એકબીજાં સામે જોયું, ખભા ઉછાળ્યા, પણ કોઈ કંઈ બોલી ન શક્યું. રીંછભાઈ રાણાએ માથું ઢાળી દીધું અને હાથના નહોર જોતાં જોતાં પંજા આમતેમ હલાવવા માંડયા.

થોડીવારે મેમસાહેબ શિયાળબાઈ બહાર ડોકાયાં અને એક પછી એક વડીલોને અમલદાર સાહેબની તહેનાતમાં માથું ઝુકાવવા અને અન્નકૂટમાંથી પ્રસાદ લેવા વિનવી જોવા કહ્યું. પણ પ્રાણીઓ તો બિચારાં બીકના માર્યાં ત્યાંથી ટસનાં મસ ન થયાં: એમણે એકબીજાંની સામે જોયું, કહ્યું: "તું જા, પહેલાં, તું જા,— કહ્યું ને તને?.."

અંતે બધાંએ નક્કી કર્યું, કે સૌથી વડીલ અને મોટા પહોળા શરીરવાળા જંગલી રીંછે પહેલાં જવું જોઈએ. પણ રીંછભાઈ હજી તો એક ડગલું ભરી માનભેર કંઈ ગણગણવા જાય છે, ત્યાં તો અમલદારનાં મેમસાહેબે હાક મારી, ને એમને ભગાડી મૂક્યા: "એનામાં વિનય વિવેકનો તો એક છાંટોય નથી!"

છેવટે તેઓએ રીંછભાઈ રાણાને જવા વિનવી જોયા. રીંછભાઈ આગળ તો વધ્યા, પણ બોડના ઊંડા અંધારામાં, મૂછાળા ભયાનક ગોળ મોંને અજવાળતી બે તગતગતી આંખો જોતાં જ એ તો માંડ માંડ પગ પાછા વાળી શક્યો; મોંમાં આવ્યું એ ગણગણતો, માથું નમાવતો ભાગી આવ્યો.

ને ત્યાં જ શિયાળબાઈ અમલદારણનો અવાજ આવ્યો કે નેકનામદાર અમલદાર સાહેબ ખુદ તશરીફ લાવી રહ્યા છે એએએ...

સાંભળતાં જ બધાં પ્રાણીઓ દોડતાં સંતાઈ ગયાં. કેટલાંક ઝાડે ચડી ગયાં, કેટલાંક થડ કે ડાળીઓમાં છુપાયાં. બિલાડાભાઈ ઘોઘડચંદ છાતી કાઢીને ગૌરવપૂર્વક ચાલતા હતા, પાછળ હતી શકરીબાઈ શિયાળ—જે અમલદાર સાહેબના કાનમાં ફૂંક માર્યે જતી હતી કે પૂછડીને સીધી ટટ્ટાર ઊંચે ખેંચી રાખો. ને એમ કરતાં, બિલાડાભાઈ તો ચડયા ટેબલે—ને માંડયા ધર્યું હતું એ બધું ઝાપટવા. પછી આદતને જોરે એમના મોંમાંથી નીકળી પડયું: "ખ્યાઉં-મ્યાઉં-મિ-યા-ઉં!"

બરાબર એ જ વખતે ઝાડની ડાળીઓની વચ્ચે અમલદાર સાહેબે કંઈક અવાજ સાંભળ્યો. પાંદડા આઘાં કરીને રીંછભાઈ રાણા આ અજબ-ગજબના અમલદારને જોવા ત્યાંથી મથી રહ્યા હતા. ને આપણા બિલાડાભાઈને લાગ્યું કે એ ઉંદર તો નહીં હોય, ભલા? એમણે તો એક જ કૂદકે એને પકડવા છલાંગ મારી. બધાં પ્રાણીઓના તો રામ જ રમી ગયા, ને જાય ભાગ્યાં બધાં ઊભી પૂછડીએ! પાછળ નજર કરવાનીય કોઈની હિંમત નહોતી. બધાંએ ત્યારથી એ જંગલનું નામેય ન પૂછ્યું—અને આપણી શિયાળબાઈ શકરી અને એનો અમલદાર ધણી મન ફાવે તેમ આનંદથી રહેવાં—રખડવાં માંડયાં.

તો આમ વાત હતી—માલિકથી તરછોડાયેલા નક્કામા બિલાડાને સહારે આ ચતુર શિયાળે આખા જંગલમાંથી બધાં પ્રાણીઓને ડરાવીને આ રીતે નસાડી મૂક્યાં...



કોન્સ્તાન્તીન ઉશીન્સ્કી

આંધળો ઘોડો

ધણા ઘણા વખત પહેલાંની આ વાત છે, જ્યારે આપણે તો શું, આપણા દાદાય નહોતા ને પરદાદાય જન્મ્યા નહોતા! ને ત્યારે સ્લાવ પ્રદેશમાં સમંદરને કિનારે એક સમૃદ્ધ વેપારી નગર વિનેતા આવેલું હતું. એમાં સુખીલાલ નામે ભારે સંપત્તિવાન વેપારી રહેતો હતો. કિંમતી માલસામાન ભરેલાં એનાં અનેક જહાજો સાગર ખેડતાં અને અઢળક ધન કમાઈ લાવતાં.

સુખીલાલ પાસે ખુટાડ્યું ન ખૂટે એટલું ધન હતું, અને સુખચેનથી એ રહેતા હતા.

એમના ઘરમાં, એ સમયે મળતી, દરેક કિંમતી ચીજો હતી, અને તેથી કદાચ એમનું નામ 'સુખીલાલ' પડયું હશે. સુખીલાલ પોતે, એમના પત્ની અને બાળકો સોનારૂપાનાં વાસણોમાં જમતાં, જરીભરતનાં કિનખાબો વસ્ત્રો ધારણ કરતાં.

સુખીલાલના ઘોડારમાં કેટલાય પાણીદાર ઘોડા હતા; પણ સુખીલાલનો જે એક ઘોડો હતો એના જેવો ઝડપી અને સોહામણો તો આખા વિનેતામાં કોઈની પાસે નહોતો. એની ઝડપને લીધે એ એને 'પવનવેગી' કહેતા. સુખીલાલને એ ગમતોય ખૂબ; પવનવેગીને પલાણવાની સુખીલાલ સિવાય કોઈને હિંમત ન થાય, અને સુખીલાલ એના સિવાય બીજા ઘોડા પર બેસેય નહીં.

એ વખત વેપારધંધાને કામેથી વિનેતા પાછા વળતાં સુખીલાલે પોતાના પ્યારા પવનવેગી પર સવારી કરીને વિશાળ ગાઢા જંગલમાંથી પસાર થવું પડયું. સાંજ પડવા આવી હતી, ને આ ગીચ જંગલ તો હજી ઘણું કાપવાનું બાકી હતું. પવનના ઝપાટામાં દૂર ઠૂંઠા ફરના વૃક્ષો આમતેમ ઝૂલતા હતા. સુખીલાલ એકલા હતા અને પોતાના વ્હાલા ઘોડાને ધીરેધીરે ચલાવ્યા આવતા હતા. પવનવેગી લાંબી મજલને અંતે થાકીને લોથ થઈ ગયો હતો. ને ત્યાં જ ઓચિંતા જંગલની ઝાડીઓની વચ્ચેથી છ મહાકાય યુવાન લૂંટારાઓ ધસી આવ્યા. ત્રણ લૂંટારા ઘોડા પર હતા, ને ત્રણ પગપાળા હતા — મોં એમના ભયંકર, માથે ફાટેલી ટોપીઓ, હાથમાં ધારિયાં, કુહાડી, ગલોલ અને છરીઓ — ને એમાંથી બે લૂંટારા તો તરત જ ધસ્યા પવનવેગી ઘોડાનું ચોકડું પકડવા!

પરંતુ આ પવનવેગી સિવાય બીજા કોઈ ઘોડા પર જો સુખીલાલે સવારી કરી હોત, તો તેમણે ફરીથી માદરેવતન વિનેતામાં પગ ન મૂક્યો હોત. પોતાનું ચોકડું કોઈ અજાણ્યો હાથ પકડી રહ્યો છે, એવી પવનવેગીને ખબર પડી ન પડી ત્યાં તો એ આગળ ધસ્યો, ચોકડું પકડનારા બે દુ:સાહસી લૂંટારાઓને પોતાની પહોળી મજબૂત છાતીથી ધક્કો માર્યો, અને ત્રીજો લૂંટારો ગલોલ હલાવી પવનવેગીનો રસ્તો રોકવા આગળ ગયો તેને પછાડીને, એ તો પવનની જેમ વછૂટયો. ઘોડેસવાર લૂંટારાઓ તુરત જ એની પાછળ પડયા. એમનાય ઘોડા આમ તો તેજીલા હતા, પણ સુખીલાલના ઘોડાને તો ક્યાંથી આંબી શકે?

પોતે લાંબી મજલથી થાકી ગયો હતો તોય આપણો પવનવેગી તો પાછળ દોડતા ઘોડાઓની ધડબડાટી સાંભળી, તાણેલા બાણમાંથી તીર છૂટે એમ વછૂટયો, અને ગુસ્સાથી તમતમતા લૂંટારાઓ ક્યાંય પાછળ રહી ગયા.

અને અર્ધી કલાકમાં તો સુખીલાલ સાજાસમા વિનેતા પહોંચી ગયા. પણ પવનવેગી ઘોડાના મોંમાંથી ફીણ નીકળી રહ્યા હતા. થાકથી ફૂલી ગયેલાં પડખાં

અને પરસેવે રેબઝેબ ઘોડાની ડોકે સુખીલાલ હાથ ફેરવ્યો; અને ઘોડા પરથી ઊતરતાં સુખીલાલ વેપારીએ કસમ ખાધા: કે ગમે તે થાય, પણ આ વફાદાર આવો ઘોડો તો હવે કોઈને કદી વેચવાનો કે દેવાનો નહીં! ગમે તેટલો ઘરડો થાય તોય કાઢી મૂકવાનો નહીં! અને એ મરે ત્યાં સુધી એને સારામાં સારું, ત્રણ માપ ભરીને દાણો ખાવા આપવાનું છે!

પણ સુખીલાલને એની પત્ની તથા બાળકોને જલ્દી જઈને મળવાની તાલાવેલી લાગી હતી, એથી એણે ઘોડા તરફ પૂરતું ધ્યાન તરત ન આપ્યું. બીજી બાજુ, એના ઘોડારના રખેવાળે થાકેલા પવનવેગીની જલ્દી સંભાળ ન લીધી; એને ઠંડો ન પાડયો, અને તરત દાણો ન ધર્યું.

ને ત્યારથી પવનવેગી માંદો ને માંદો રહેવા માંડયો અને લેવાતો ગયો. એના પગ ઢીલા પડતા ગયા અને અંતે એણે આંખોનું નૂર ગુમાવ્યું. સુખીલાલના દુ:ખનો પાર ન રહ્યો, અને છ મહિના સુધી તો એણે એનું વચન પાળ્યું! પવનવેગીને રોજ વચન મુજબનું ત્રણ માપ ભરીને દાણો ખાવા મળતું રહ્યું.

પછી સુખીલાલે સવારી માટે બીજો એક ઘોડો ખરીદ્યો, અને છ મહિના પછી એમણે નક્કી કર્યું કે આંધળા નક્કામા ઘોડા પાછળ ત્રણ માપ ભરીને દાણ વેડફવું ન જોઈએ. અને એને બે માપ જેટલું દાણો આપવાનો હુકમ કર્યો. બીજા છ મહિના વીત્યા, પણ પવનવેગી આંધળો ઘોડો તો હજીય યુવાન હતો, એને તો હજી ક્યાંયે સુધી ખવડાવવું પડે તેમ હતું, તેથી રોજનું એક માપનું દાણો જ આપવાનું તેમણે શરૂ કર્યું. અને અંતે વેપારીએ નક્કી કર્યું કે આ પણ હવે તો બગાડ થાય છે. પરિણામે પવનવેગીને ઘોડારની બહાર છોડી મૂકવા ફરમાવ્યું, જેથી એ નકામો એક ખીલો રોકી ન રાખે! રખેવાળોએ આંધળા ઘોડાને લાકડીથી કાઢી મૂક્યો કારણ કે તે પગથી જમીન ખોતરતો રહ્યો, અને ત્યાંથી ખસતો નહોતો.


બિચારા પવનવગી ઘોડાને આ કંઈ સમજાતું નહોતું, અને ક્યાં જવું એની ખબર નહોતી, એટલે ઘોડારને દરવાજે જ એ ઊભો રહ્યો, દુ:ખમાં માથું ઢાળીને, કાનને ધીમેધીમે હલાવતો. રાત પડી અને બરફ પડવા માંડયો. બિચારા આંધળા ઘોડાને ખુલ્લામાં પત્થરોની ઉપર પડી રહેવામાં ઠંડી લાગવા માંડી. મુશ્કેલીઓ સહેતો ક્યાંય સુધી એ ત્યાં ઊભો રહ્યો, પણ અંતે કંઈક ચરવા મળવાની આશાએ એ ત્યાંથી આગળ વધ્યો. કોઈને છાપરે રાખેલું જૂનું ગંધાતું ઘાસ પણ ક્યાંકથી મળી જાય એ માટે ઊંચે મોંએ સૂંઘતો, આમતેમ અથડાતો કેટલાય ઘરને ખૂણે કે વાડીવાડામાં કૂટાતો આંધળો ઘોડો આગળ વધ્યો.

હવે મારે તમને કહેવું જોઈએ કે એ વખતના બધાં સ્લાવ નગરોની જેમ, વિનેતામાં પણ, કોઈ રાજા નહોતો; નગરજનો જાતે જ રાજ ચલાવતાં; અને જરૂર પડતી ત્યારે અગત્યની બાબતોનો નિકાલ લાવવા નગરના ચોકમાં ભેગાં થતાં. આમ પોતાનાં રાજકાજ ઉકેલવા, ન્યાય તોળવા કે ગુનેગારને સજા કરવા લોકોની સભા મળતી એ 'વેચે' એટલે કે લોકપંચને નામે ઓળખાતી. આ વેચે જ્યાં મળતી એ મેદાન વિનેતા નગરના મધ્યમાં આવેલું હતું. અને ત્યાં ચાર થાંભલા સાથે લોકપંચનો એક ઘંટ બાંધેલો રહેતો. જેને કંઈ અન્યાય થયો હોય, ન્યાય જોઈતો હોય કે લોકોનું રક્ષણ અપેક્ષિત હોય એ ત્યાં આવી આ ઘંટ વગાડે—અને એ સાંભળીને લોકો ઝડપથી ભેગાં થઈ જાય. અલબત્ત નાની બાબતો માટે કોઈ લોકપંચનો ઘંટ ન જ વગાડતું, કારણ કે એ માટેય દંડ કરવામાં આવતો.

આ મેદાનમાં આમતેમ કુટાતાં આંધળો, બહેરો ને ભૂખ્યો પવનવેગી ઘોડો પેલા થાંભલા સાથે અથડાઈ પડયો, અને ક્યાંકથી ઘાસનો પૂળોય મળી જાય એની આશામાં મોં ફેરવતાં એના દાંતમાં પેલા ઘંટનું દોરડું ભરાયું અને ખેંચાયું. પરિણામે ઘંટનો એટલો મોટો અવાજ થયો કે હજી તો મોંસૂઝણુંય નહોતું થયું તોય લોકો મેદાનમાં દોડી આવ્યાં. આટલે મોટેથી ઘંટ વગાડવો પડે એવા તો કેવા ન્યાય અને રક્ષણની કોને જરૂર પડી હશે, વારુ? વિનેતામાં તો એકેએક વ્યક્તિ આ પવનવેગીને ઓળખતી હતી. એણે એના માલિકની જિંદગી બચાવી હતી એય બધા જાણતા હતા. માલિકે લીધેલા કસમનીય બધાંને ખબર હતી. અને એટલે તો, એવા ઘોડાને, આંધળા-ભૂખ્યા ઘોડાને, આ મેદાનમાં ધ્રૂજતો, બરફથી છવાયેલો જોઈને બધાંને નવાઈ થઈ.

આટલી વાત બધાંને સમજાતાં કંઈ વાર ન લાગી કે ધનવાન સુખીલાલે પોતાના તારણહાર ઘોડાને કાઢી મૂક્યો હતો. અને તેથી આ વેચે એટલે કે લોકપંચનો ઘંટ પવનવેગી વગાડે એ તદ્દન વ્યાજબી હતું, એમ બધાં લોકોએ સર્વાનુમતે નક્કી કર્યું.

તેમણે નગુણા વેપારીને લોકપંચના ચોકમાં બોલાવ્યો, અને પેલાએ પોતાની વર્તણૂક વાજબી ઠેરવવા પ્રયત્ન કર્યો તોય, આ ઘોડાને પહેલાંની જેમ જ રાખવા, અને એ મરે ત્યાં સુધી એને ખવડાવવા ફરમાન કર્યું. આ સજાનો બરાબર અમલ થાય છે તેની તપાસ રાખવા એક ખાસ વ્યક્તિની નિમણૂક કરવામાં આવી; અને વેચે મેદાનમાં જ આવા પ્રસંગની યાદગીરીમાં મોટા પત્થર પર આ સજા કોતરવામાં આવી.



લેવ તોલ્સ્તોય

નેક કાજી

અલ્જીરિયાના સુલતાન બાવકાસના રાજ્યના એક નગરમાં ભારે નેક કાજી રહેતો હતો. આંખના પલકારામાં એ સત્ય જાણી લે અને કોઈની બદમાશી એની પાસે ચાલે નહી. સુલતાન બાવકાસને કાને એના ઈન્સાફની નામના પહોંચી, ત્યારે એણે નક્કી કર્યું કે કાજી વિશેની આ વાત સાચી છે કે નહીં એની જાતે જ તપાસ કરવી. સુલતાન બાવકાસે તો વેપારીનો વેશ ધર્યો અને ઊપડયો એ તો ઘોડે ચડીને કાજીને નગરે. નગરને દરવાજે એક અપંગે બાવકાસ

પાસે આવીને ભીખ માગી. સુલતાને એને થોડા સિક્કા દીધા; અને ઘોડો સહેજ આગળ ચલાવવા ગયો, ત્યાં અપંગે એનો જામો પકડી રોક્યો.

"શું જોઈએ તારે હજી?" બાવકાસે પૂછયું: "તને આટલા સિક્કા તો આપ્યા મેં."

"હા, એ તો આપ્યા," અપંગ કહે: "પણ આટલી એક મહેરબાની કરો; મને નગરના ચોક સુધી પહોંચાડો, નહીં તો ઘોડાં અને ઊંટ મને કચડી નાંખશે."

સુલતાને અપંગને પોતાની પાછળ બેસાડી લીધો. બન્ને નગરના ચોકમાં પહોંચ્યા. બાવકાસે ઘોડો રોક્યો તોય અપંગ નીચે ન ઊતર્યો. બાવકાસ કહે:

"હજી તું કેમ બેઠો છે? આ રહ્યો ચોક — ઊતરી જા અહીં."

પણ ભિખારી કહે: "હું શું કામ ઊતરી જાઉં? આ તો મારો ઘોડો છે. આપી દે તારી મેળે મને આ ઘોડો, નહીં તો ચાલ જઈએ કાજી પાસે."

આટલી વારમાં તો લોકોની ઠઠ જામી ગઈ હતી એમની આજુબાજુ, અને આ બન્નેની દલીલો લોકો સાંભળતા હતા. એ બધાંએ કહ્યું:

"હા, હા, કાજી પાસે જ જાઓ. એ આ ઝઘડો પતાવી દેશે."

બાવકાસ અને અપંગ તો કાજી પાસે પહોંચ્યા. અદાલતમાં બીજીય ઘણી ફરિયાદોની સુનાવણી ચાલતી હતી, કાજી એક પછી એકને બોલાવતા હતા.

સુલતાન બાવકાસનો વારો આવ્યો એની પહેલાં કાજીએ એક વિદ્વાન અને એક કિસાનને બોલાવ્યા. એ બન્ને વચ્ચે એક સ્ત્રી અંગે કજિયો થયો હતો. કિસાન કહે "એ મારી પત્ની છે," અને વિદ્વાન કહે "ના, મારી પત્ની છે." કાજીએ બન્નેની વાત સાંભળી, પળવાર રોકાઈને કહ્યું:

"આ સ્ત્રીને મારી પાસે મૂકતા જાઓ. એનો ચુકાદો કાલે મળશે."

એ બન્ને ગયા એટલે કસાઈ અને ઘાંચી અંદર આવ્યા. કસાઈ આખો લોહીથી અને ઘાંચી તેલથી ખરડાયેલો હતો. કસાઈના હાથમાં સિક્કા હતા, પણ એ હાથ ઘાંચીએ પકડી રાખ્યો હતો. કસાઈ કહે:

"મેં, નામદાર, આ ઘાંચી પાસેથી તેલ ખરીદ્યું, અને પૈસા ચુકાવવા પાકીટ કાઢયું પણ એણે મારો હાથ પકડી લીધો. અમે એ જ સ્થિતિમાં આપની પાસે આવ્યા છીએ. મારા હાથમાં પૈસાનું પાકીટ છે અને એણે મારો હાથ પકડયો છે પણ આ સિક્કા મારા છે અને આ ઘાંચી તો ચોર છે."

પરંતુ ઘાંચીએ કહ્યું:

"એ વાત સાચી નથી. કસાઈ મારે ત્યાં તેલ લેવા આવ્યો. મેં એનો આખો કુંજો તેલનો ભરી દીધો. પછી એણે સોનાની ગિનીના છુટ્ટા સિક્કા માગ્યા.

મેં સિક્કા કાઢીને ઢાળીએ મૂક્યા. એટલે એ તો સિક્કા ઉઠાવીને ભાગવા ગયો. નામદાર, એની એ જ હાલતમાં હું આપની સમક્ષ આ પકડી લાવ્યું છું."

કાજી એક પળ રોકાઈને બોલ્યા:

"સિક્કા અહીં મૂકી જાઓ. ચુકાદો કાલે મળશે."

પછી બાવકાસ અને અપંગનો વારો આવ્યો. સુલતાને આખી વાત કાજીને સંભળાવી. પછી કાજીએ અપંગને પૂછ્યું. જવાબમાં એણે કહ્યું:

"એ વાત સાચી નથી. હું મારા આ ઘોડા પર બેસીને નગરમાં જતો હતો. આ શખસ જમીન પર બેઠો હતો. એણે મને ઘોડે બેસાડીને એની જગ્યાએ પહોંચાડવા કહ્યું. પણ મેં બેસાડયો પછી એણે ઘોડેથી ઊતરવાની ના પાડી. કહે: "આ ઘોડો જ એનો છે, કાજીજી, એની વાત સાચી નથી."

કાજીએ વિચારીને કહ્યું: "ઘોડો અહીં મૂકી જાઓ. ચુકાદો કાલે મળશે." બીજે દિવસે કાજીનો ઈન્સાફ સાંભળવા અસંખ્ય લોકો અદાલતમાં હાજર હતા.

સૌ પહેલો વારો આવ્યો વિદ્વાન અને કિસાનનો. કાજીએ વિદ્વાનને કહ્યું: "આ સ્ત્રી તારી પત્ની છે, લઈ જાઓ એને. અને કિસાનને પચાસ ફટકા મારો."

વિદ્વાન પોતાની પત્ની સાથે ઘેર ગયો. કિસાનને ત્યાં ને ત્યાં સજા કરવામાં આવી.

કાજીએ એ પછી કસાઈને બોલાવ્યો. "આ પૈસા તારા છે," તેમણે કસાઈને કહ્યું, અને ઘાંચી સામે આંગળી ચીંધી, ઉમેર્યું: "પેલાને પચાસ ફટકા મારો."

પછી કાજીએ બોલાવ્યા સુલતાન અને ભિખારીને.

"તમે બીજા વીસ ઘોડામાંથી તમારો ઘોડો ઓળખી કાઢશો?" સુલતાનને તેમણે પૂછ્યું:

"જી, કાજીજી."

"અને તું?"

"હુંય ઓળખી કાઢીશ, નામદાર," અપંગે કહ્યું.

"તો ચાલો, મારી સાથે," કાજીએ બાવકાસને કહ્યું.

બન્ને તબેલામાં ગયા. બાવકાસે બીજા વીસ ઘોડાઓમાંથી તુરત જ પોતાનો ઘોડો ઓળખી બતાવ્યો.

પછી કાજીએ ભિખારીને તબેલામાં બોલાવ્યો, અને એનો ઘોડો ઓળખવા જણાવ્યું. અપંગે પણ તુરત જ ઘોડો બરાબર ઓળખી બતાવ્યો.

પછી કાજી બિરાજ્યા પોતાની બેઠકે અને બાવકાસને કહ્યું:

“આ ઘોડો તમારો છે, લઈ જાઓ. અને ભિખારીને પચાસ ફટકાની સજા કરવાની છે.”

અદાલત બરખાસ્ત થયા પછી કાજી ઘરે જવા વળ્યા, એટલે સુલતાન બાવકાસ એની પાછળ પાછળ ગયા.

કાજીએ પૂછ્યું: “કેમ, શું વાત છે? તમને મારો ચુકાદો ન ગમ્યો?”

બાવકાસ કહે: “ગમ્યો, પણ મારે એ જાણવું છે કે પેલી સ્ત્રી કિસાનની નહીં, પણ વિદ્વાનની પત્ની હતી; સિક્કા ઘાંચીના નહીં, પણ કસાઈના હતા; અને ઘોડો ભિખારીનો નહીં, પણ મારો હતો—એ આપે શોધી કેવી રીતે કાઢ્યું?”

“મેં પેલી સ્ત્રીનો મામલો આ રીતે ઉકેલ્યો. એને મેં સવારે મારી પાસે બોલાવીને મારા ખડિયામાં શાહી પૂરવાનું કહ્યું. એણે તો તુરત જ ખડિયો લીધો, સરસ ધોઈ નાખીને અને સંભાળીને એમાં શાહી પૂરી આપી. એને આ કામનો અનુભવ હતો એ દીવા જેવું દેખાઈ આવ્યું. એ જો પેલા કિસાનની પત્ની હોત તો એને આ કામ તો ન જ આવડતું હોત ને! એટલે વિદ્વાનનો દાવો સાચો હતો. પેલા સિક્કાનો કિસ્સો મેં આ રીતે ઉકેલ્યો. પાણીના પ્યાલામાં મેં પૈસા મૂક્યા અને એની સપાટી ઉપર સહેજ પણ તેલ તરી આવે છે કે કેમ, એ મેં આજે સવારે જોયું. પૈસા જો ખરેખર ઘાંચીના હોત, તો એના હાથમાંથી સહેજ પણ તેલ એને લાગી ગયું હોત. પણ પાણીમાં જરા પણ તેલ નહોતું; એટલે કે કસાઈની વાત સાચી હતી... જોકે ઘોડાનો માલિક શોધવો બહુ અઘરો હતો. તમે અને ભિખારી બન્નેએ બીજા વીસ ઘોડામાંથી પેલા ઘોડાને જ તુરત જ ઓળખી બતાવ્યો. પણ હું તમને તબેલામાં એટલા માટે નહોતો લઈ ગયો કે તમે તમારો ઘોડો ઓળખો છો કે નહીં; પણ મારે તો એ તપાસવું હતું કે ઘોડો તમારામાંથી કોને ઓળખે છે? તમે જ્યારે ઘોડા પાસે ગયા, ત્યારે ઘોડાએ માથું હલાવ્યું, એ તમારા તરફ ફર્યો. પણ પેલા ભિખારીએ જ્યારે ઘોડાને પસવાર્યો, ત્યારે એના કાન સીધા થઈ ગયા, એણે એક પગ ઊંચો કર્યો. આમ મેં શોધી કાઢ્યું કે ઘોડાના સાચા માલિક તમે જ હતા.”

ત્યારે સુલતાન બાવકાસે કહ્યું: “હું કંઈ વેપારી નથી, પણ આપનો સુલતાન બાવકાસ છું. આપના ઇન્સાફ વિશેની જે વાયકા ચાલે છે એ કેટલી સાચી છે એ જાતે જોવા હું આવ્યો હતો. આપ ખૂબ નેક અને શાણા કાજી છો. આપ માગો મન ભરીને, ઇનામમાં મળશે ઇચ્છશો એ.”

“મારે કોઈ ઇનામ નથી જોઈતું,” કાજીએ કહ્યું.



વ્સેવોલોદ ગાર્શિન

દેડકીબાઈ આકાશે ઊડયાં

એક હતી દેડકી. ખાબોચિયામાં રહે, મસીમચ્છરાં હડપીને જીવે અને વસંત ઋતુમાં બીજી દેડકીઓ ભેળી એય ખુલ્લે ગળે ડ્રાઉં ડ્રાઉં... ડ્રાઉં ડ્રાઉં કર્યા કરે...

આમ તો એમાં જ એના દહાડા પૂરા થયા હોત, સિવાય કે કોઈ બગલાની ચાંચમાં એ ઝડપાઈ જાત. પણ એક દિવસ કંઈક એવું કૌતુક બન્યું, ને એનું આખું જીવન જ પલટાઈ ગયું.

ખાબોચિયાના એક ઊંચા પત્થર પર બેઠી

બેઠી ઝરમર ઝરતા હૂંફાળા મેહુલાની એ મોજ લઈ રહી હતી: "કેવું મજાનું, ભેજવાળું હવામાન! જીવ્યું સાર્થક લાગે, હોં!" દેડકીને થઈ આવ્યું.

એની ચમકતી કાબરચીતરી પીઠ ઉપર વરસાદના છાંટા પડતા હતા; પાણીના ટીપાં એની ફાંદ અને પગની પાછળથી દડતાં હતાં. અને એ એટલું આહલાદક એને લાગ્યું કે એ મનભરીને ડ્રાઉં ડ્રાઉં કરી બેસત! ત્યાં સદ્ભાગ્યે એને યાદ આવ્યું, અરે, આ તો પાનખર ઋતુ છે અને દેડકાં કંઈ પાનખરમાં ડ્રાઉં ડ્રાઉં કરે? ડ્રાઉંકારો તો વસંતમાં હોય, બેન! એણે મહાપરાણે ડ્રાંઉંકારો ગળે પાછો ઉતાર્યો, અને મૂંગી મૂંગી ઠેકવા માંડી.

ત્યાં ઓચિંતો કાન ભેદતો, તીણો સૂસવાટા મારતો અવાજ એણે ઊંચે આકાશમાં સાંભળ્યો. જંગલી બતકની એક જાત એવી હોય છે કે જેની પાંખો હવાને ચીરતી જાય ત્યારે કોઈ ગાતું હોય કે સીસોટી વાગતી હોય એવો ધ્વનિ ઊઠે. એ બતકાં એટલે ઊંચે ઊડે કે તાણીને જુઓ તોય ન દેખાય, એના સૂસવાટાથી ખબર પડે કે બતકાંનું ઝુંડ પસાર થઈ રહ્યું છે. ત્યાં તો એ બતકાં નીચે આવ્યાં, હવામાં અર્ધું ચક્કર ફર્યાં, અને આપણી દેડકીબાઈને ખાબોચિયે ઊતર્યાં. "ક્યાં ક્યાં..." કરતું એક બતક કહે: "હજી તો કેટલુંયે ઊડવાનું બાકી છે—અહીં જ કંઈક ખાઈએ."

સાંભળતાં જ દેડકીબાઈ તો ડબક કરતાં પાણીમાં છુપાઈ ગયાં. એને ખબર તો હતી, આ બતકાં એના જેવી મોટી, જાડી દેડકીને નહીં ખાય, પણ તોય સંભાળીને રહેવું સારું, મારી બાઈ! પણ આ બતકાં ક્યાં જઈ રહ્યાં હતાં એ જાણવાનું કુતૂહલ એને એટલું બધું હતું કે સહેજ વિચાર કરીને, એણે પાણીમાંથી માથું કાઢયું ને આંખો ગોળ ફેરવી...

"ક્યાં ક્યાં..." બીજું બતક કહે. "ઠંડી વધવા માંડી છે આપણે દખણાદે હૂંફમાં પહોંચી જવું જોઈએ..." બધાં બતકાંએ જોરથી "ક્યાં ક્યાં" કરીને જાણે એમાં હા ભણી.

દેડકીબાઈએ ધીમેથી, ડરતાં કહ્યું: "વચ્ચે બોલું છું તો માફ કરજો—પણ આ દખણાદે જવાની તમે વાત કરો છો, એ શું છે?"

બતકાં તો તરત જ દેડકીબાઈને ઘેરી વળ્યાં. બધાંને પહેલાં તો એને હડપી લેવાનો જ વિચાર આવ્યો, પણ પછી દરેકને લાગ્યું કે આ દેડકી બહુ જાડી છે, ને ગળામાં જ અટકી પડશે. એટલે બધાંએ પાંખો ફફડાવતાં ચીસાચીસ કરી મૂકી:

"અરે દક્ષિણમાં મોજ પડે, બેન! હૂંફાળું હવામાન હોય, રળિયામણાં

ખાબોચિયાં ભર્યાં હોય, પાણીય એનું ગમે એવું હૂંફાળું. અને જીવડાં? એટલાં જાડાં કે મજા આવે. દખણાદે બહુ મોજ પડે."

ચીસાચીસમાં બિચારી દેડકીબાઈના તો કાન ફાટી ગયા. એણે જેમ તેમ કરીને એમને શાંત કર્યાં, અને એમાંનું જે સૌથી શાણું બતકું એને લાગ્યું એને આ 'દક્ષિણ'ની વાત વિગતે પૂછી. અને એ બતકની વાત પરથી દેડકીબાઈનેય થયું કે 'દક્ષિણ' ખરેખર સરસ કહેવાય, પણ તોય આપણા આ દેડકીબાઈ તો સો ગળણે ગાળીને પાણી પીએ એવાં હતાં.

"પણ ત્યાં મસી-મચ્છરાં હોય?"

"અરે એનો તો ઝુંડના ઝુંડ — વાદળાં જેવાં!"

દેડકી તો ડ્રાઉં કરી બેઠી! પછી તરત જ ચારેબાજુ જોઈ લીધું. આ પાનખરમાં પોતે ડ્રાઉંકારી ઊઠી એ બીજી કોઈ દેડકી સાંભળી તો નથી ગઈ ને? જોકે આટલું એક વખતેય ડ્રાઉં કર્યા વિના એનાથી રહેવાયું તો ન જ હોત! ને એણે બતકાંને કહી દીધું: "મને લઈ જાઓને ત્યાં!"

"કમાલ છે તું તો!" બતકાં કહે. "તને કેવી રીતે લઈ જવાય? પાંખો તો છે નહીં તને!"

"તમે ક્યારે ઊપડવાનાં છે?" દેડકીબાઈએ પૂછ્યું.

"અરે, હમણાં." બધાં બતકાં બોલી ઊઠયાં: "ક્યાં-ક્યાં, અહીં તો ઠંડી લાગે છે. જલ્દી દક્ષિણમાં પહોંચી જઈએ."

"બસ, પાંચ મિનિટ મને વિચારવા દો." દેડકીબાઈએ એમને વીનવ્યાં. "પાંચ મિનિટમાં હું કંઈક વિચારીને તમને કહું છું." વાતોને હિલોળે એ પેલા પત્થરે ચડી ગઈ હતી, ત્યાંથી એ પાણીમાં કૂદી. કાદવમાં એટલે ઊંડે ભરાઈ ગઈ કે એના વિચારપ્રવાહને કોઈ આંતરી ન શકે. પાંચ મિનિટ થઈ એટલે આ બતકાં તો ઊડવાની તૈયારી કરવા માંડયાં, ને બસ એ જ ક્ષણે દેડકીબાઈએ પેલા પત્થર પાસે ડોકું કાઢયું. મોં તો એનું કંઈ હસુ હસુ થાય, કંઈ થાય!

"અરે મને જડી ગયો — એનો ઉપાય જડી ગયો." દેડકીબાઈ બોલ્યાં: "તમારાંમાંથી બે બતકાં પોતાની ચાંચમાં સાંઠીકડું પકડે, એને હું મારે મોંએથી પકડીને વળગી રહીશ. ને એમ હું તમારી સાથે જાણે ઊડતી હોઈશ. શરત એટલી કે તમારે 'કયાં, કયાં' નહીં કરવાનું ને મારે 'ડ્રાઉં ડ્રાઉં' નહીં કરવાનું. આટલું જળવાય તો ભયો ભયો..."

હજારો માઈલ આટલી દેડકીનો ભાર લઈને ઊડવું, ને વચ્ચે ક્યારેક 'કયાં કયાં' નહીં કરવામાં જરાય મજા તો ન જ આવે, પણ તોય આ દેડકીબાઈની



ચતુરાઈથી બતકાંને એવો આનંદ આવી ગયો હતો કે એને સાંઠીકડે વળગાડી લઈ જવા બધાં તૈયાર થઈ ગયાં. બબ્બે કલાકની બબ્બે બતકોની પાળી નક્કી કરી. આટલાં બધાં બતકાં ને દેડકીબાઈ તો એક, એટલે આમેય બહુ જલ્દી વારોય નહોતો આવવાનો. મજબૂત સારું સાંઠીકડું શોધી કાઢયું, બે બતકાંએ એને ચાંચમાં પકડયું, વચ્ચે દેડકીબાઈ એને મોંથી વળગી પડયાં, ને બતકોનું ઝુંડ તો ઊડયું આકાશે!

અને આ બતકાં જેમજેમ ઊંચે ઊડવા માંડયાં તેમ તેમ બિચારી દેડકીબાઈનો શ્વાસ તાળવે ચોંટી ગયો. એમાંય બેય બતકાં ક્યારેક સાથે ન રહે, ક્યારેક આંચકોય લાગે. પૂંઠાના રમકડાંની જેમ દેડકીબાઈ તો બિચારાં આમતેમ ઝૂલે, જડબામાં પેલું સાંઠીકડું જોરથી જકડી રાખે. રખેને એ જો છૂટે તો તો એયને કેટલે નીચે ફંગોળાઈ જવાય! ને તોય ધીમેધીમે આ વિચિત્ર સ્થિતિથી દેડકીબાઈ ટેવાઈ ગયાં અને હવે ચારેબાજુ આંખ ફેરવવા માંડયા. સાંઠીકડે લટકે એટલે નીચે ઝડપથી સરકતાં ખેતરો, વાડીઓ, નદીઓ, કે ટેકરીઓ તો એને ક્યાંથી દેખાય? પણ તોય સહેજ ઊંચી થઈને એ નજર માંડી લેતી. એને આનંદ થતો, ગર્વ થતો.

"કેવો સરસ ઉપાય જડયો. હું ચતુર તો ખરી!" દેડકીબાઈને વિચાર આવતો. એને લઈને ઊડતાં બતકાંને પાછળનાં બતકાંય મોટેથી 'ક્યાં ક્યાં' કરતાં આ દેડકીબાઈનાં વખાણે ચઢતાં:

"આ દેડકી બુદ્ધિશાળી કહેવાય, હોં! આપણા બતકાંમાં કેટલાંકને તો આટલી બુદ્ધિયે નથી હોતી."

બિચારી દેડકીબાઈને આ સાંભળીને એમનો આભાંર માનવાનું મન થઈ આવતું. પણ ત્યાં એને યાદ આવી જતું કે મોં જો સહેજ ખૂલ્યું તો આટલે ઊંચેથી એ પડશે. એ ઝડપથી એનું જડબું જોરથી ભીંસતી ને આભારનો વિવેક કરવાનું મન મારતી. આખો દિવસ એ સાંઠીકડે વળગી રહી. બતકાં ઊડતાં ઊડતાં જ પાળી બદલતાં ને ત્યારે તો એવો ફડકો પેસી જતો, કે હમણાં ડ્રાઉંકારો નીકળી જશે! પણ પોતે પાછી બહાદુરેય હતી ને! એટલે એને વળગી રહેતી. બતકાંના ઝુંડે રાત કોઈ અજાણ્યા ખાબોચિયામાં ગાળી. ને સવારે તો પાછા એ ઊડયાં. પણ આ વખતે એ સાંઠીકડને બે બતકોની સામે મોં રહે એ રીતે પકડયું જેથી નીચેનું બરાબર જોઈ શકાય ને! બતકાં તો ડૂંડા કાપેલા ખેતરો, પીળાં જંગલો અને ગામડાઓ ઉપરથી ઊડવા માંડયાં. વચ્ચે ખેતીનાં મબલક પાકના ઢગલાયે નજરે ચઢતા. લોકોની વાતોય ક્યારેક કાને અથડાતી, ક્યારેક અનાજના

ડૂંડામાંથી દાણા છૂટા કરવા ધોકાની પછડાટોય સંભળાઈ જતી. આકાશમાં ઊડતું બતકોનું આ ઝુંડ લોકો ડોકાં ખેંચી-ખેંચીને જોતાં, અને હાથ ઊંચા કરી એકબીજાને આ કૌતુક બતાવતાં. દેડકીબાઈને મન તો ખૂબ થઈ જતું કે થોડા ધરતીની નજીક આ બતકાં ઊડતાં હોય તો કેવું સારું! લોકો પોતાને બરાબર જોઈ શકે, અને પોતા વિશે એ લોકો શું કહે છે એ સાંભળી તો શકે! બતકાં ફરીથી જ્યારે આરામ કરવા અટક્યાં ત્યારે દેડકીબાઈ કહે: "આપણે થોડાંક નીચે ઊડીએ તો? ઊંચે મને થોડા ચક્કર આવે છે, ને ઓચિંતુ અમૂંઝણ થઈ આવે તો મને પડી જવાની બીક લાગે છે."

બિચારાં બતકાંએ તો તરત જ સ્નેહથી સધિયારો દીધો કે હવે બહુ ઊંચે નહીં ઊડીએ. અને બીજે દિવસે એ એટલું નીચે ઊડતાં કે લોકોની વાતો પણ એમને સમજાતી.

"જુઓ જુઓ," એક ગામનાં બાળકોએ બૂમ પાડી: "જુઓ પેલાં બતકાં દેડકાને લઈ જાય છે!"

દેડકીબાઈએ આ સાંભળ્યું અને એના આનંદનો પાર ન રહ્યો.

"અરે જુઓ તો ખરાં," બીજા ગામનાં બાળકો બોલી ઊઠયાં. "આવું તો કોઈ દિ' ભાળ્યુંય નથી!" દેડકીબાઈ તો વિચારે ચઢી: આ બિચારાંને એવી ખબરે ય નહીં હોય કે આમ ઊડવાનો વિચાર મારો છે. આ બતકાંનો નહીં!

"અરે જુઓ—જુઓ," ત્રીજા ગામનાં બાળકોએ પણ એવી જ બૂમરાણ મચાવી મૂકી: "આટલો સુંદર વિચાર કોને આવ્યો હશે?"

હવે દેડકીબાઈથી રહેવાયું નહીં. હદ થઈ આ તો! બધું વિસરીને મોટેથી એ બોલી પડી: "મને આવ્યો વિચાર! હા. એ વિચાર મારો છે!"

અને આ બૂમની સાથે જ દેડકીબાઈ તો બિચારાં ફંગોળાયાં જમીન પર. બતકોએ કાગારોળ કરી મૂકી. એમાંથી એક બતકે તો ઊડતાં ઊડતાં દેડકીને પકડવાનો પ્રયત્નેય કરી જોયો. પણ એ ચૂકી ગયું. ચારેય પગના પંજાથી હવામાં બાચકા ભરતાં દેડકીબાઈ ધરતી તરફ ધસ્યે જતાં હતાં. એણે બૂમ તો પાડી હતી નક્કર જમીન ઉપરના આકાશમાં, પણ બતકાં ખૂબ ઝડપથી ઊડતાં હતાં એટલે ત્યાં પડવાને બદલે, સદ્ભાગ્યે, ગામને છેવાડે મોટા ગંદા તળાવમાં જઈને એ પડી.

અને તરત જ પાણીમાંથી ડોકું કાઢીને એણે મોટેથી બૂમ પાડી:

"એ મારો વિચાર હતો, હા, એવી રીતે ઊડવાનો એ મારો વિચાર હતો!"

પણ આમતેમ જુએ છે તો કોઈયે એ સાંભળ્યું હોય તેવું નજરે ન પડયું.

એ તળાવના દેડકાં તો બિચારાં પાણીમાંનાં ભફ્કારાથી ગભરાઈને છુપાઈ ગયાં હતાં. ધીમેધીમે એક પછી એક દેડકાએ ડોકું કાઢ્યું ને આ અજાણ્યા અતિથિ તરફ નારાજીથી જોયું.

એ બધાંય ને હવે આપણાં દેડકીબાઈએ સમજાવ્યું કે આખી જિંદગી ખૂબ વિચાર કરીને સહેલગાહે જવાની એક નવી અસામાન્ય રીત પોતે શોધી કાઢી હતી. દેડકીબાઈ કહે, મેં તો બતકેય હવે પોતાનાં જ રાખ્યાં છે. પોતાને મન થાય ત્યાં એ લઈ જાય. પોતે તો, હા, એય... ને છેક દક્ષિણમાં સફર ખેડી આવી છે. એવો મજાનો પ્રદેશ છે એ! ત્યાંનાં તળાવડાં એવાં તો સુંદર, એવાં તો હૂંફાળાં, ને જીવ જંતુને મચ્છરનો તો પાર નહીં! સ્વાદિષ્ટ ને પેટ ભરતાંયે ખૂટે નહીં!

"હું તો અહીં તમને મળવા આવી છું," દેડકીબાઈ ઉચ્ચર્યા: "આ વસંત ઋતુ આવે ને મારાં બતકાં મને લઈ જાય ત્યાં સુધી હું રોકાવાની છું. પેલાં ઊડે બતકાં, મેં હમણાં રજા આપીને, એ!"

પણ એ બતકો ક્યારેય પાછાં ન આવ્યાં. એ બિચારાંઓને તો એમ જ હતું કે દેડકી તો પેલી નક્કર જમીન ઉપર જ પછડાઈ હશે! ને એ પછીની કલ્પનાએ એમનાં મન ઉદાસ થઈ ગયાં હતાં.





૫

દ્મીત્રી મામિન-સિબિર્યાક

ભૂખરી ડોકવાળી બતકડી

૧

ાનખરની પહેલી ઠંડી બેઠી એમાં ઘાસ પીળું પડી ગયું અને પંખીડાંની ચિંતાનો પાર ન રહ્યો. દૂર દૂરના પ્રવાસની તૈયારીઓ કરતાં એમનાં મોંની રેખાઓ ગંભીર અને તંગ બની ગઈ: હજારો માઈલ સુધી આકાશમાં ઊડવું કંઈ રમતવાત નથી! કેટલાંય બિચારાં તો એટલું અંતર કાપીય નહીં શકે, અને બીજાં કેટલાય પંખીડાં અનેક પ્રકારના અકસ્માતોમાં જીવ ખોશે... એ જ વિચાર સૌના મનમાં ઘોળાયા કરતો હતો.

મોટાં ગંભીર પંખીડાં—હંસ, બતકાં અને કલહંસોને તો લાંબી મજલ કાપવાની તકલીફોનો પૂરો ખ્યાલ હતો, એટલે એ બધાં કાળજીપૂર્વક તૈયારી કરતાં હતાં. પણ પેલાં ટીટોડી જેવાં સેન્ડ પાઈપર, ફ્લારોપ, ડનલીન જેવાં નાનાં પંખીડાં પાંખો ફફડાવતાં, ચિચિયારીઓ કરતાં આમતેમ ભાગાભાગી કરી રહ્યાં હતાં. બધાં ભેગા થઈને નદી કિનારે અને ખાડાખાબોચિયાંમાં અહીં તહીં ઊડાઊડ કરી રહ્યાં હતાં.

આખું ઘનઘોર જંગલ હવે નીરવ બનવા માંડયું હતું. કારણ કે મધુકંઠી વાર્બલર પંખીઓ ઠંડી જામે એની રાહ જોયા વિના જ ઊડી ગયાં હતાં.

"પેલા બકબકીયાં પંખીડાંને કોણ જાણે શુંય આટલી ઉતાવળ આવી હશે!" આળસુના પીર જેવા એક ઘરડા બતકે કહ્યું: "ટાણું આવશે એટલે આપણે બધાંય અહીંથી ઊપડીશું. આટલા અજંપાનું કારણ મને સમજાતું નથી!"

"તમે રહ્યા મારે રોજના એદી! ને એટલે બીજાને કામ કરતાં સાંખી શકતા નથી," એની ઘરડી બતકીએ કહ્યું.

"હું એદી? તું મને અન્યાય કરે છે હા વળી! ચિંતા મને બધાં કરતાં વધારે થાય છે, પણ હું એનો દેખાડો કરતો નથી. સવારથી સાંજ સુધી કાંઠે ભાગાભાગ કરી, ચીસો પાડી, બીજાં લોકોનું માથું ખાવાથી કંઈ વળવાનું થોડું છે?"

ઘરડી બતકીને આમેય એના ધણીથી બહુ સંતોષ નહોતો, અને આ સાંભળીને તો એના મગજનો પિત્તો ઊછળ્યો.

"આળસુના પીર! તમે બીજાં પંખીઓ સામે સહેજ નજર તો કરો. પેલા હંસ કે કલહંસોને અંદરોઅંદર હળીમળીને આનંદથી ગેલ કરતાં જોઈને આંખ ઠરે છે મારી તો! હંસ કે કલહંસોને કંઈ એમના માળામાંથી ખસવું નહીં ગમતું હોય, પણ જુઓ ને, આમતેમ ઊડાઊડ કરતાં એમનાં સંતાનોને એકલાં મૂકે છે જરાય? પોતેય એમની સાથે રહે છે ને! ને તમે!.. તમને તો તમારાં સંતાનોની જરાય ચિંતા પડી નથી. તમારે તો તમારામાં ગુલતાન રહેવું છે અને પેટ ભર્યા કરવું છે, એદી! તમારાથી તો હું કંટાળી ગઈ છું."

"હવે ચૂપ રહે—ને મારી વાત સાંભળ જરા! તારા આવા ટકટકારા વિશે હું કંઈ બોલું છું? બધામાં કંઈ ને કંઈ ઊણપ હોય. પેલાં હંસ ગાંડાઘેલાં થઈને એમનાં સંતાનો સાથે રમત કરતાં હોય એમાં કંઈ મારો વાંક નથી. બીજા લોકોની વાતમાં માથું નહીં મારવાનો મેં તો નિયમ જ કર્યો છે! જીવો અને જીવવા દો!"

ઘરડા બતકને આવી ડાહી દલીલો કરવી ગમતી, અને બનતુંયે એવું કે બાકીના બધાંય કરતાં એ વધારે સાચો ને હોશિયારેય ક્યારેક સાબિત થતો. બતકીનેય

તો એની આદત પડી ગઈ હતી, પણ એને હૈયે હવે બીજી ચિંતા પેઠી હતી:

"પણ તમે કેવા પિતા છો!" એણે પતિનો ઊધડો લેવા માંડયો: "પિતા બાળકની સંભાળ લે, પણ તમારા પેટનું તો પાણીય હલતું નથી!"

"તું આપણી નાનકડી—ભૂખરી ડોકવાળીની વાત કરે છે? પણ એ ઊડી ન શકે તો હું શું કરું, બોલ? મારો કંઈ વાંક છે એમાં?.."

એમની એ એક દીકરી અપંગ હતી. ગઈ વસંત ઋતુમાં નાના બતકાંના ઝુંડ ઉપર શિયાળવીએ ઝડપ મારી ત્યારે એની પાંખને ઈજા થઈ હતી. ઘરડા બતકે એ શિયાળવી પર હિંમતભેર હુમલો કરી ભૂખરી ડોકવાળીને બચાવી તો લીધી, પણ એની એક પાંખ એમાં નકામી થઈ ગઈ.

"એ બિચારીને અહીં એકલી મૂકીને જતાં મારો જીવ નથી ચાલવાનો." આંખમાં આંસુ સાથે ઘરડી બતકીએ કહ્યું: "બધાં ઊડી જશે, ને એ બિચારી એકલી રહી જશે. આપણે હૂંફાળી દખ્ખણ તરફ પ્રયાણ કરશું, ને એ બિચારી અહીં ઠંડીમાં ઠીંગરાઈ જશે. આપણું સંતાન તો છે, પણ મને એ વહાલીય ખૂબ છે... જુઓ, હું આ શિયાળો અહીં એની સાથે જ ખેંચી કાઢીશ, હા!"

"પણ પછી બીજાં બાળકોનું શું?"

"એ બધાં તો અલમસ્ત છે—એમને ચાલશે મારા વિના!"

ભૂખરી ડોકવાળીની વાત નીકળતી ત્યારે વૃદ્ધ બતક હંમેશાં વાત બદલવા કોશિશ કરતો. એને માટે એને પ્રેમ તો હતો, પણ એમાં આટલા પરેશાન થવાનું શું કારણ હતું જ? ઠંડીમાં પાછળ રહેવાથી એ ઠીંગરાઈ જશે એ વાત સાચી, પણ બીજું કરીય શું શકાય? બીજાં બાળકોનોય વિચાર તો કરવો જોઈએ ને? એની ઘરવાળી હંમેશાં આવો જીવ બાળ્યા કરતી, પણ આગળ પાછળનાં બીજાંનોય બરાબર વિચારેય કરવો જોઈએ ને! આ બતકીનીય એને ઊંડે ઊંડે ચિંતા રહેતી, પણ માનું દિલ, એની વેદના બતકને ગળે નહોતી ઊતરતી. આના કરતાં તો પેલી શિયાળવી એને ઉપાડી ગઈ હોત તો સારું હતું. આ શિયાળામાં મરવું તો પડવાનું જ છે બિચારીને!

૨

હવે ક્યારે અપંગ દીકરીથી જુદા પડવાનું જ છે, ત્યારે ઘરડી બતકીએ એના તરફ બમણું ધ્યાન આપવા માંડયું. ભૂખરી ડોકવાળી બતકડી વિદાય કે એકલતા એટલે શું એ સમજતી નહોતી, અને બીનઅનુભવીની જિજ્ઞાસાથી બીજાં લોકોની તૈયારીઓ નિહાળી રહી હતી. એનાં ભાઈઓ અને બહેનો જરાય ઠંડી નહીં

હોય એવા દૂર દૂરના મુલકમાં આનંદથી ઊડીને જશે, એ વિચારે એને ક્યારેક ઈર્ષાય થઈ આવતી ખરી.

"તમે વસંત ઋતુમાં તો પાછાં આવી જશો ને?" તેણે માને પૂછ્યું.

"હા, હા—અમે પાછાં આવશું, ને પાછાં આપણે મોજથી સાથે રહેશું."

હવે દુઃખનો ભાર અનુભવતી દીકરીને શાતા આપવા એની મા દાખલાય આપતી કે કેટલાંક બતકાં બિચારાંએ શિયાળો અહીં જ કાઢવો પડતો. એવાં બે બતક યુગલોને તો એ જાતે ઓળખતી હતી.

"તને બહુ કંઈ તકલીફ નહીં પડે," મા એને હૈયા ધારણ આપતી: "શરૂઆતમાં તને એકલું એકલું લાગશે, પણ પછી ટેવ પડી જશે. ઠંડીનું નામ ન હોય એવા હૂંફાળા ઝરણામાં તને લઈ જવાનું અમને મન તો બહુ થાય છે—તને મજાય બહુ પડે. અહીંથી એ બહુ દૂરેય નથી. પણ મન થાય એથી શું વળે? તને લઈ જઈ તો નહીં જ શકાય—પછી શું થાય?"

"હું તમને યાદ કર્યા કરીશ," બતકડીએ કહ્યું: "તમે ક્યાં ઊડતાં હશો, શું કરતાં હશો, એનો વિચાર કર્યા કરીશ. લાગશે જાણે તમે બધાં મારી સાથે છો!"

ઘરડી બતકી પોતાની હતાશા છુપાવવા આનંદિત રહેવા પ્રયત્ન કરતી; પછી એકલી આંસુ સાર્યા કરતી. બિચારી ટચૂકડી બતકડી! બીજાં બાળકોમાં હવે એનું ધ્યાન જ નહોતું. એમના માટે જાણે એને કોઈ માયા જ નહોતી રહી.

સમયને વીતતાં કોઈ વાર લાગે છે? હમણાં હમણાં તો રોજ સવારે હિમ પડવા માંડયો હતો. ઠંડીમાં ભૂર્જ વૃક્ષો પીળાં અને આસ્પેન લાલ થવા માંડયાં હતાં. વૃક્ષોનાં પાંદડાં ખરી પડયાં હતાં, એટલે નદીકાંઠો ઉઘાડો લાગવા માંડયો, નદી મોટી લાગવા માંડી, એનું પાણી જાણે કાળું પડવા માંડયું હતું. ઠંડી પાનખરમાં ખરી પડેલાં સૂકાં પાંદડાં ક્યાંય ઊડી ગયાં હતાં. આકાશમાં ઘણીવાર વાદળાં ચડી આવતાં અને પાનખરની ઝરમરેય ક્યારેક થયા કરતી. એકંદરે હવે કંઈ મજા પડે એવું રહ્યું નહોતું, અને પ્રવાસી પંખીઓનાં ટોળાં છેલ્લા કેટલાક દિવસથી ઊપડવા માંડયાં હતાં. સૌ પહેલાં ખાડા ખાબોચિયાંનાં પંખીડાં ઊપડયાં. કારણ એ ક્યારનાંય બરફીલાં થઈ ગયાં હતાં. પાણીનાં પંખીડાં બધાથી છેલ્લે ઊડયાં. એમાંય પેલાં બગલાં ઊપડયાં ત્યારે નાનકી બતકડીને બહુ દુઃખ થયું. એમણે જ ચિચિયારીઓ પાડી એમાં બતકડીને સાથે ઊડવાનું આમંત્રણ જ લાગ્યા કરતું હતું. બગલાનું ઝુંડ આકાશે ચડયું ત્યારે ક્યાંય સુધી એ ઊંચે જોઈ રહી અને અજાણ્યા અનિષ્ટ ભાવિનો એને પહેલી વખત આઘાત લાગ્યો.

"એમને કેટલી બધી મજા પડતી હશે!" બતકડીને થઈ આવ્યું.

હવે હંસ, કલહંસ અને બતકાંય ઊપડવાની તૈયારીમાં હતાં. જુદાજુદા માળાઓમાંથી પંખીઓ આવીને ઝુંડમાં ભેગાં થયાં. વૃદ્ધ અનુભવી પંખીઓએ જુવાનીયાંઓને શીખ દીધી. રોજ સવારે બધાં જુવાનિયાં ભેગાં થતાં, અને હસતાં ગાતાં લાંબી સફરોના ઉડ્ડયન માટે કેવી રીતે પાંખો મજબૂત કરવી એનો અભ્યાસ તથા કવાયતો કરતાં. ડાહ્યા નેતાઓ પહેલાં નાનાં નાનાં જૂથોને શિખવાતા, અને પછી બધાંને તાલીમ આપતા. ચારેબાજુ ચિચિયારીઓ, તારુણ્યનો ઉલ્લાસ અને આવેશ ભર્યોભર્યો જણાતો. એક માત્ર આપણી બતકડી બિચારી આ ઉડ્ડયન તાલીમમાં ભાગ ન લઈ શકતી, અને દૂરથી એમની પ્રશંસા કર્યા કરતી. નસીબ સાથે સમાધાન કર્યા વિના એને છૂટકો નહોતો. પણ એને તરતાં અને ડૂબકી મારતાં કેવું સરસ આવડતું! જાણે પાણી એ એનું જીવન હતું!

હવે વૃદ્ધ નેતાઓ કહેવા માંડયા: "આપણે ઊપડવું જોઈએ, સમય થવા માંડયો છે, હવે શેની રાહ જોવાની છે?"

સમય વીતતો ગયો અને ઊપડવાની આકરી ઘડી આવી પહોંચી.

આખું ઝુંડ નદીકાંઠે પહેલાં તો ભેગું થયું. પાનખરની વહેલી સવારનો સમય હતો, હજી તો ગાઢું ધુમ્મસ છવાયેલું હતું. ત્રણસોએક બતકાં ભેગાં થયાં હતાં. એનાં નેતાઓના અવાજ સિવાય કંઈ સંભળાતું નહોતું.

ઘરડી બતકી આખી રાત ઊંઘી શકી નહોતી. નાનકડી બતકડી સાથેની એ છેલ્લી રાત હતી.

"નદીમાં પડે છે એ ઝરણાં પાસે તું રહેજે." તેણે બતકડીને સલાહ આપી: "શિયાળામાં એનું પાણી ઠરી જતું નથી."

ભૂખરી ડોકવાળી આખા ઝુંડથી દૂર બેઠી: જાણે બધાંથી સાવ અપરિચિત હતી... અને બધાં તો ઊપડવાની ધમાલમાં એવાં ગુલતાન હતાં ને કે એના તરફ કોઈનું ધ્યાન ન ગયું. હા, એક એની માને બહુ પેટમાં બળતું હતું. એણે કેટલીય વાર રોકાઈ જવાનું નક્કી કર્યું: પણ એને બીજાંય બાળકો હતાં, અને આ ઝુંડ સાથે જવું જ પડે તેમ હતું. પછી એ બિચારીય શું કરે?

"તો ઊપડો ત્યારે!" મુખ્ય નેતાએ મોટેથી હુકમ કર્યો ને આખું ઝુંડ ઊડયું આકાશે.

વિદાય લેતા ઝુંડને જોતી જોતી બતકડી ક્યાંય સુધી નદીકાંઠે બેસી રહી. શરૂમાં તેઓ નદીની આજુબાજુ ઘૂમરાતા રહ્યાં પણ પછી ત્રિકોણાકારે સીધાં ઊપડયા અને દૃષ્ટિપાર નીકળી ગયાં.

"હું કેવી સાવ એકલી પડી ગઈ," બતકડીની આંખમાં આંસુ આવી ગયાં: "એ કરતાં તો શિયાળવી જ મને ખાઈ ગઈ હોત તોય સારું હતું..."

૩

આપણી ભૂરી ડોકવાળી બતકડી જેને કાંઠે રહેતી હતી એ નદી ઘનઘોર જંગલથી છવાયેલા પર્વતોમાં થઈને મસ્તીથી વહેતી આવતી હતી. આજુબાજુ કોઈ રહેઠાણો નહોતાં, અને એ આખો વિસ્તાર સાવ નિર્જન હતો. સવારે ભાગમાં કિનારાનું પાણી હિમ થઈ જતું. પણ બપોરે હજી કાચ જેવો એ પાતળો બરફ ઓગળવા માંડયો.

બતકડી ચિંતામાં પડી ગઈ: "આખી નદીમાં તો બરફ નહીં જામી જાય ને?"

એ બિચારી સાવ એકલી પડી ગઈ હતી, અને એને છોડીને ચાલી ગયેલાં ભાઈ-બહેનોને એ યાદ કર્યા કરતી. ક્યાં હશે એ બધાં? સહીસલામત પહોંચી તો ગયાં હશે ને? એમને હું યાદ આવતી હોઈશ? આ બધું વિચારવા છતાં એની પાસે સમય ખૂટતો નહોતો. એકલતા એટલે શું એ એને સમજાવવા માંડયું. નદી સાવ નિર્જીવ હતી, જીવન જેવું કંઈ હોય તો તે હતું ફક્ત જંગલમાં, જ્યાં લાલ બટેર-તેતરની તીણી સિસોટી સંભળાતી, અને ખિસકોલી અને સસલાં કૂદાકૂદ કરતાં જણાતાં.

એક વખત ભૂખરી ડોકવાળી બતકડીને એટલું બધું એકલવાયું લાગ્યું કે તે જેમ તેમ કરીને જંગલનાં વૃક્ષો પર ચઢી. અને ત્યાં જ એક સસલું ઝાડીની પાછળથી ગોટીમડું ખાતું ઓચિંતું ધસી આવ્યું. બતકડી ડરી ગઈ.

"અરે, તેં તો મને ડરાવી મારી, ગાંડી!" સસલાએ કહ્યું, જાણે હવે જ એને કંઈ શાતા વળી હોય. "જો મારા તો વાળ ઊભા થઈ ગયા છે... પણ તું અહીં શું કરે છે? બતકાંનું ઝુંડ તો ક્યારનું ઊડી ગયું..."

"મારાથી ઉડાનું નથી: શિયાળવીએ મારી પાંખ ઉઝરડી નાંખી છે."

"હં... પેલી શિયાળવી! ખરાબમાં ખરાબ છે એ તો. મારી પાછળ ક્યારની પડી છે. ને તું એનો ખ્યાલ રાખજે, હોં! ખાસ તો નદી ઠરીને હિમ થઈ જશે ત્યારે. એવી ઓચિંતી પાછળથી આવીને તારા પર તરાપ મારશે..."

બન્ને તો દોસ્તો બની ગયાં. ભૂખરી ડોકવાળી બતકડીની જેમ આ સસલાનું પણ કોઈ રક્ષણ કરે તેમ નહોતું, એ પણ સતત સ્થાનફેર કરી જીવન ગુજારતું હતું.

"મારે જો પંખીની જેમ પાંખો હોત ને, તો હું તો કોઈથી ડરત નહીં, હા, તારે ભલે પાંખો નથી પણ તને તરતાં તો આવડે છે ને? ને જો કંઈ થાય ને તને, તો તું પાણીમાં જ ડૂબકી મારી દે જે." સસલાએ કહ્યું: "પણ મને તો બસ, સતત બીક લાગ્યા કરે છે. ચારેબાજુ હું દુશ્મનોથી ઘેરાયેલું છું. ઉનાળામાં

તો હું હજી સંતાઈ પણ જાઉં, પરંતુ શિયાળામાં અમારાથી અછતું નથી રહેવાતું."

પછી તુરત જ ઋતુની પહેલી હિમવર્ષા થઈ. નદી હજી ઠંડી સામે ઝઝૂમતી હતી. એ હિમવર્ષામાં, રાતના જે ઠરી જતું એ બધું નાશ પામતું. જાણે મૃત્યુ સામે બાથ ભીડવી પડતી. એમાંય સ્વચ્છ, તારાજડિત રાત્રિઓ ભયાનક હતી, ચોમેરની નીરવતામાં નદી પણ શાંત બની જતી. જાણે નદી સૂઈ જતી અને એની ઊંઘમાં ઠંડી એના પાણીનો બરફ બનાવ્યા કરતી.

અને એવું જ બન્યું. તારાજડિત નીરવ રાત્રિ હતી. ઘનઘોર જંગલ નદી કાંઠે શાંત ખડું હતું, જાણે કોઈ મહાકાય રક્ષક! રાતે દેખાય એ રીતે, પર્વતો વધુ ઊંચા લાગતા હતા. માથે આકાશમાં ચંદ્રની ચમકતી, થરકતી ચાંદની બધે ફેલાયેલી હતી. પર્વતોમાં થઈને વહેતી નદી બપોર પછી હૂંફાળી બની હતી તે ધીમેધીમે શાંત પડી, ઠંડી ચૂપચપ એમાં પ્રવેશતી ગઈ, એના ગર્વીલા સૌંદર્યને એણે મજબૂત બાહુમાં જકડી લીધું અને બર્ફીલા કાચથી એને આવરવા માંડયું.

બતકડી બિચારીની નિરાશા વધવા માંડી કારણ કે હવે તો નદીની સાવ વચ્ચેનો નાનો ભાગ જ બરફ વગરનો રહ્યો હતો. આજુબાજુ ત્રીસ મિટરની જગ્યામાં જ એ તરી શકતી. એમાંય એમાંય જેણે એની એક પાંખ કરડી ખાધી હતી એ શિયાળવી નદીને કાંઠે દેખાઈ, તો બતકડીના દુઃખનો પાર ન રહ્યો.

"અરે! લે આ તો તું બતકડી!" શિયાળવીએ કાંઠે ઊભીને પ્રેમથી કહ્યું: "ઘણા વખતથી તને જોઈ નથી... તને આ શિયાળો મુબારક..!"

"જા અહીંથી, મહેરબાની કરીને! મારે તારી સાથે વાત જ નથી કરવી."

"હં, તો મૈત્રીનો આવો બદલો, કેમ? તું છો તો મજાની, હં! કંઈ કવાણું નથી! જો લોકો મારા વિશે કંઈ કેટલીયે ખોટી-ખોટી વાતો ફેલાવ્યા કરે છે. ખરી રીતે એમને જ કંઈ તોફાન કરવું હોય છે, ને પછી દોષનો ટોપલો ઢોળે મારા ઉપર... સારું ત્યારે, આવજે!"

શિયાળવી ગઈ કે તરત પેલું સસલું દેખાયું: "જો સંભાળજે, બતકડી, શિયાળવી દેખાશે ફરીથી."

અને ભૂરી ડોકવાળી બતકડી તો પેલા સસલાની જેમ જ ડરવા માંડી. એની આજુબાજુ જે ચમત્કારો બની રહ્યા હતા, એય બિચારી પૂરા માણી શકતી નહોતી. હવે તો ખરેખરો શિયાળો બેઠો હતો. જમીન ઉપર સફેદ બિછાના પથરાઈ ગયા હતા. એક આટલો ટુકડોય ક્યાંય બાકી નહોતો. ઉઘાડાં ભૂર્જ વૃક્ષો, આલ્ડર, વીલો અને રોવાન જેવાયે હિમવર્ષાને લીધે રૂપેરી રૂંછાં બાઝી ગયાં હોય એવાં થઈ ગયાં હતાં. ફર વૃક્ષો તો એથીયે વધુ સોહામણાં લાગતાં

હતાં. એમણે હૂંફાળો રૂંફાળો ડગલો પહેર્યો હોય એવી રીતે એ હિમાચ્છાદિત બની ગયાં હતાં. ચોતરફ મનોહર સૌંદર્ય પ્રસરેલું જણાતું, પણ ગરીબ બતકડીને તો એક જ વાતની રઢ હતી કે આ સૌંદર્ય કંઈ એને માટે નહોતું. ને પેલો પાણીનો થોડો ભાગ જો જામી ગયો તો એને ક્યાંયે જવાપણું રહેશે નહીં. એ વિચારોથી તો એ ધ્રૂજ્યા કરતી. શિયાળવીએ ખરેખર થોડા દિવસ પછી ફરી દર્શન દીધાં. કાંઠે બેસીને એણે બતકડી સાથે વાર્તાલાપ માંડ્યો:

"લે, મને તો તારા વગર ગમતું જ નહોતું. બહાર આવતી રહે! ને જો, તારે ન આવવું હોય તો હું ત્યાં આવું. આપણને એવું અભિમાન નથી હોં!"

શિયાળવી તો જાળવીને બરફ પર ચાલતી પાણીના પેલા ભાગ સુધી ખસવા માંડી. બતકડીનું હૃદય જાણે ધબકતું અટકી પડ્યું. પણ શિયાળવી છેક પાણી સુધી પહોંચી ન શકી કારણ કે એની આજુબાજુનો બરફ ખૂબ પાતળો હતો. એણે એના પગના પંજા પર માથું મૂક્યું. જીભથી પોતાને ચાટી, અને કહ્યું:

"ગાંડી છે સાવ તું, બતકડી... આવતી રહે ને આ બરફ પર!.. ઠીક... સારું, ત્યારે આવજે! મારે હજી બીજુંય ઘણું કામ છે."

ને પછી તો શિયાળવી રોજ આવતી રહી, ને તપાસતી રહી કે પાણીનો પેલો ભાગ બરાબર જામી ગયો છે કે નહીં? ઠંડો હિમ પણ એનું કામ કર્યે જતો હતો. ને હવે તો પાણીનો ભાગ ફક્ત બે મીટર જેટલો જ પહોળો રહ્યો હતો. બરફ પણ હવે તો પાકો જામી ગયો હતો. એને કિનારે જ શિયાળવી આવીને બેસતી. બિચારી બતકડી ગભરાઈને પાણીમાં ડૂબકી મારી દેતી. ને શિયાળવી કાંઠે બેઠી બેઠી લુચ્ચું હસ્યા કરતી:

"માર ને ડૂબકી મારવી હોય એટલી, પણ હું તને આરોગ્યા વિના રહેવાની નથી... તારી જાતે તું આવતી રહે તો વધુ સારું!.."

નદીને કાંઠેથી સસલું શિયાળને જોયા કરતું. એને ખૂબ ગુસ્સો ચઢી આવતો: "બદમાશ શિયાળવી ને ગરીબ બિચારી બતકડી! એ જીવતી બચવાની નથી..."

૪

નદીના પાણીનો પેલો થોડો ભાગ જો બરફ થઈ ગયો હોત તો ભૂખરી ડોકવાળી બતકડીને પેલી શિયાળવી ખાઈ જ ગઈ હોત, પણ પછીની બીના કંઈક જુદી જ રીતે બની. સસલાએ એની ફાંગી આંખોથી એ નજરોનજર નિહાળ્યું. સવારનો વખત હતો. કંઈક ખાવાનું શોધવા અને બીજાં સસલાં સાથે

રમવા પેલું સસલું એના દરમાંથી કૂદીને બહાર નીકળ્યું. અતિશય ઠંડી હતી અને પંજા એકબીજા સાથે અથાડી સસલાં કંઈક ગરમાવો મેળવી રહ્યાં હતાં. આટલી ઠંડીમાંય આમ તો મજા પડતી હતી.

"ચેતજો બધાં!" કોઈકે બૂમ પાડી. જોયું તો ખતરો આવી જ પહોંચ્યો હતો. જંગલમાં ખૂંધો વૃદ્ધ શિકારી ચોરપગલે આવી પહોંચ્યો હતો. હવે કયા સસલાને મારવું એનો વિચાર જ એ કરતો હતો.

"મારી ઘરડી ઘરવાળીને એ એકાદ સસલાની ચામડીમાંથી રૂંછાંળો કોટ બનાવી દઈશ." શિકારીને વિચાર આવતો હતો. અને એણે સૌથી મોટા સસલા સામે નિશાન તાક્યું.

એ હજી નિશાન લેતો હતો ત્યાં જ સસલાં ચેતી ગયાં, ને આંખના પલકારામાં જંગલમાં છુપાઈ ગયાં.

"બદમાશો!" વૃદ્ધને ગુસ્સો ચઢયો: "પણ હું તમને છોડીશ નહીં. પેલી ઘરડી સ્ત્રીને રૂંછાંળો કોટ જોઈએ એ સાલાં આ સસલાં સમજતાં જ નથી. ઠંડીમાં એને ઠરવા થોડી દેવાશે? તમે આ આકીન્તિચથી આગળ તો નહીં જ નીકળી શકો! દોડોને, જેટલું દોડાય એટલું! તે આકીન્તિચ તમારા કરતાંયે વધારે ચતુર છે. પેલી મારી કાકીએ મને કહ્યું છે—ખબરદાર! જો રૂંછાંળા કોટ વિના પાછો આવ્યો છે તો! ને લે, તમે તો અહીં ભાગાભાગી કરવા માંડી."

પેલાં સસલાંઓને શોધવા વૃદ્ધ શિકારી તો ઝડપથી નીચે ઊતર્યો. પણ સસલાં તો આખા જંગલમાં વેરવિખેર થઈ ગયાં હતાં. વૃદ્ધની નવાઈનો પાર ન રહ્યો. બદમાશ સસલાંઓને ભાંડતો એ નદીને કિનારે થાક ખાવા બેઠો.

"બિચારી મારી વૃદ્ધ સ્ત્રી, આપણો રૂંછાંળો કોટ તો ભાગી ગયો!" એ મોટેથી બોલી પડયો: "કંઈ નહીં, હું આ થોડો થાક ખાઈને બીજો કોટ શોધું છું!"

વૃદ્ધ શિકારી દિલગીર થઈને હજી ત્યાં બેઠો ત્યાં એણે બર્ફીલી નદી પર થઈને, બિલાડી જેવા છાને પગલે શિયાળવીને જતી જોઈ.

"નસીબ યારી દેતું લાગે છે!" વૃદ્ધે ખુશી થતાં કહ્યું: "મારી ઘરડી ડોશીના કોટ માટે સામે ચાલીને આ કૉલર આવ્યું! તરસ લાગી હશે એને બિચારીને કે પછી પાણીમાંથી કંઈક પકડવું હશે."

પાણીના પેલા નાના ભાગમાં જ્યાં બતકડી તરતી હતી એની છેક કિનારા સુધી શિયાળવી ચૂપકીથી પહોંચી ગઈ. વૃદ્ધ શિકારીની આંખો નબળી પડી હતી. એટલે શિયાળવીની પાછળની બતકડી એને દેખાઈ નહીં.

"કોટનું કૉલર હાથમાંથી છટકી ન જાય માટે મારે એને ગોળીએ જ દઈ

દેવું જોઈએ," શિયાળવી સામે નિશાન તાકતાં શિકારીએ વિચાર્યું: "કૉલરમાં જો વધારે કાણાં હશે તો વળી પાછું મારી ડોશીને ગમશે નહીં! દરેકે દરેક કામની કોઈ રીત હોય છે, ભલે ને પછી માંકડ જ કેમ મારવાનો ન હોય!"

ભવિષ્યના એ કૉલરમાં ક્યાં કાણું હોય તો વાંધો નહીં, એની યોગ્ય જગ્યા પસંદ કરવામાં વૃદ્ધ શિકારીએ નિશાન તાકવામાં ખૂબ સમય લીધો. પણ અંતે ગોળી છૂટી. ગોળીના ધુમાડાની વચ્ચેથી શિકારીએ બરફ ઉપર કંઈ ચમકારા જેવું જોયું, અને પાણીના પેલા ભાગ તરફ એ દોડયો. વચ્ચે બે વખત એ ઠોકર ખાઈને પછડાયો. પણ પાણી પાસે જઈને જુએ છે તો એને ખૂબ નારાજી થઈ. એનું કૉલર ક્યાંય દેખાતું નહોતું! હતી માત્ર પાણીમાં તરતી ભૂરી ડોકવાળી ગભરાયેલી બતકડી! "હં, કમાલ છે!" વૃદ્ધ માણસે નિસાસો મૂક્યો, આશ્ચર્યથી એના બે હાથ પહોળા થઈ ગયા: "શિયાળવી બતકડીમાં ફેરવાઈ જાય એવું તો આ મેં પહેલી વખત જોયું! બદમાશ ક્યાંના!"

"શિયાળવી ભાગી ગઈ, દાદા." બતકડીએ કહ્યું.

"ભાગી ગઈ? લે, ત્યારે તો મારી ઘરડી ડોશીએ રૂંછાંળો કૉલર પણ ગુમાવ્યો! હવે હું શું કરીશ? ભારે થઈ!.. પણ તું અહીં શું તર્યા કરે છે, ગાંડી?"

"હું બીજાં બતકાં સાથે ઊડી ન શકી, મારી એક પાંખને ઈજા છે..."

"ગાંડી રે ગાંડી! અહીં ક્યાં તો તું હિમમાં ઠરી જઈશ કે પેલી શિયાળવી તને ભરખી જશે... હે!"

વૃદ્ધ શિકારીએ ક્યાંય સુધી વિચાર્યું પછી માથું હલાવ્યું ને નક્કી કર્યું:

"તો આપણે આમ કરશું. હું તને મારી પૌત્રીઓ પાસે લઈ જાઉં છું. એમનેય આનંદ આવશે. વસંત ઋતુમાં તું ઈંડા મૂકજે, મારી ડોશી રાજી થશે ને પછી બીજાં બતકાં તું ઉછેરજે! બરાબર? તો એમ કરશું આપણે..." વૃદ્ધ શિકારીએ પાણીમાંથી ભૂરી ડોકવાળી બતકડીને બહાર કાઢીને પોતાના જાકીટમાં ભરાવી.

"હું મારી ઘરડી ઘરવાળીને કંઈ નહીં કહું," ઘેર પાછાં વળતાં વૃદ્ધ શિકારીએ વિચાર્યું: "ભલે એનો રૂંછાંળો કોટ અને કૉલર જંગલમાં થોડો વધારે રખડતો રહે. સૌથી મોટી વાત તો એ છે કે મારી પૌત્રીઓ બહુ રાજી થશે..."

નદીને કાંઠે બેઠેલાં સસલાંઓએ આ બધું નિહાળ્યું અને ખુશીથી મલકી ઊઠયાં: રૂંછાંળા કોટ વિનાય, સગડીને લીધે ડોશીને એટલી બધી કંઈ ઠંડી નહીં લાગે, પછી શું વાંધો, કેમ વળી!



નિકોલાઈ ગારિન

વાઘના શિકારીઓ

લગભગ વીસેક વર્ષ થયાં આ વાતને. કોરિયાની ઉત્તરે હન-ઝોંદો પ્રાંતના કિલ્ચુ નગરમાં વાઘના શિકારીઓની એક મંડળી હતી. આ મંડળીના બધા સભ્યો ખૂબ પૈસાદાર હતા. એના સભ્ય બનવા એક ગરીબ યુવાને નિષ્ફળ પ્રયત્નો કરી જોયા.

"ગાંડો તો નથી થયો ને," મંડળીના પ્રમુખે એને કહ્યું: "ગરીબ માણસ તે કંઈ માણસમાં ગણાય? જા, વહેતો થા."

ને તોય આ ગરીબ યુવાને તો પેટે પાટા



નિકોલાઈ ગારિન

વાઘના શિકારીઓ

લગભગ વીસેક વર્ષ થયાં આ વાતને. કોરિયાની ઉત્તરે હન-ઝોંદો પ્રાંતના કિલ્ચુ નગરમાં વાઘના શિકારીઓની એક મંડળી હતી. આ મંડળીના બધા સભ્યો ખૂબ પૈસાદાર હતા. એના સભ્ય બનવા એક ગરીબ યુવાને નિષ્ફળ પ્રયત્નો કરી જોયા.

"ગાંડો તો નથી થયો ને," મંડળીના પ્રમુખે એને કહ્યું: "ગરીબ માણસ તે કંઈ માણસમાં ગણાય? જા, વહેતો થા."

ને તોય આ ગરીબ યુવાને તો પેટે પાટા

બાંધીને એક સ્ટીલનો ભાલો બનાવ્યો. આ ભાલો બીજા શિકારીઓ પાસે ભાલા હતા એવો જ કે કદાચ એથી વધારે સારો હતો.

અને પેલા શિકારીઓ ક્યારે વાઘનો શિકાર કરવા પર્વતોમાં ગયા ત્યારે એ પણ એમની પાછળ પાછળ ગયો.

એક નાનકડા ઝરણાં પાસે શિકારીઓ થોભ્યા ત્યારે યુવાને પોતાનો સ્વીકાર કરવા ફરીથી વીનવી જોયા.

પણ એ લોકો પોતાનામાં જ ગુલતાન હતા, આ ગરીબ માણસ તરફ એમણે નજર સરખી ન કરી; તેમણે એને ફરીથી તુચ્છકારીને કાઢી મૂક્યો!

"ઠીક, સારું," યુવાને કહ્યું: "તમે મોજમજા કરો અને હું એકલો જાઉં છું."

"જા, જા! પાગલ!" તેઓએ યુવાનને કહ્યું: "વાઘના નહોરથી પીંખાવું હોય તો જા તું તારે!"

"તમારા આવા અપમાન સાંખવા કરતાં તો વાઘને હાથે મરવું સારું!" અને એ તો ઊપડયો જંગલમાં. ગાઢ વૃક્ષોની વચ્ચે એણે મોટો ચટ્ટાપટ્ટાવાળો વાઘ જોયો. વાઘ તો બિલાડીની જેમ એની સાથે રમવા માંડયો. ક્યારેક એની સામે કૂદે ને પછી પાછો પડે, ક્યારેક જમીન પર સૂઈ જાય અને એની મોટી પૂછડીં હલાવતો ક્યારેક એની સામે તાકી રહે. ક્યાંય સુધી આવું ચાલ્યા કર્યું. છેલ્લે ત્યાંના રિવાજ પ્રમાણે, આ યુવાન શિકારીએ વાઘને બૂમ પાડીને પડકાર દીધો:

"લે, આ મારો ભાલો!"

ને એ સાથે જ વાઘ તો યુવાન શિકારી પર કૂદ્યો અને પોતાના દાંતમાં ભાલાનું પાનું પકડી લીધું. યુવાન શિકારીએ તરત જ અતિમાનવીય શક્તિથી ભાલો વાઘના ગળામાં ખોસી દીધો. અચેતન વાઘ જમીન પર જઈ પડયો.

પણ એ તો હતી વાઘણ. એનો સાથી ખૂંખાર વાઘ એની મદદે ક્યારનોય ધસી રહ્યો હતો.

હવે ભાલાનો સ્વીકાર કરવા અને પડકાર ફેંકવા જેવુંય નહોતું રહ્યું, કારણ કે આ વાઘ તો શિકારીને જોતાંવેંત જ આગલા પગ પસારીને એના ઉપર કૂદ્યો.

આંખના પલકારામાં તો યુવાને ભાલાથી એની સામે નિશાન તાક્યું અને વાઘના જડબામાં ભાલો ખોસી દીધો.

આ બેય મરેલા વાઘને પછી એણે ખેંચીને વૃક્ષોની વચ્ચે સંતાડયા, અને એવી રીતે રાખ્યા કે એની પૂછડીઓ રસ્તા પર દેખાય.

પછી એ પેલા શિકારીઓ પાસે ગયો. એ બધા તો હજીયે મોજમસ્તીમાં પડયા હતા.

"કેમ, કેટલાક વાઘ મારી આવ્યો?"

"મને મળ્યા તો બે વાઘ, પણ મારાથી એમને પહોંચાયું નહીં, એથી તમારી મદદ માગવા આવ્યો છું."

"એમ છે ત્યારે! ચાલ બતાવ, ક્યાં છે વાઘ?" ખાણીપાણી રોકી દઈને તેઓ યુવાન શિકારીની પાછળ ઊપડયા. રસ્તે ચાલતાંય તેઓ એની મજાક કરતા રહ્યા:

"હં... તો તને મરવું ગમ્યું નહીં, કેમ? આવવું પડયું ને અમારી મદદ લેવા!"

"એ... ચૂપ રહો," ગરીબ શિકારીએ કહ્યું: "વાઘ આટલામાં જ છે."


એમને શાંત થવું પડયું. અત્યારે આ રસ્તે યુવાન શિકારી એમના કરતાં વધારે જાણકાર હતો ને!

"જુઓ એ રહ્યા પેલા વાઘ," યુવાને બે પૂછડીઓ બતાવતાં કહ્યું.

શિકારીઓની મંડળીના સભ્યો એક હારમાં ઊભા રહ્યા અને તેમણે મોટેથી પડકાર ફેંક્યો.

"લે, આ અમારા ભાલા!" પણ પેલા મરેલા વાઘ અચેતન પડી રહ્યા. ત્યારે આપણા ગરીબ શિકારીએ કહ્યું: "એમણે એક ભાલાનો તો ક્યારનોય સ્વીકાર કરી લીધો છે. હવે તો એમને ફક્ત નગર સુધી ઢસડી જ જવાના છે. એ કામ તમારું છે, તમે કરો..."





અલેક્સાન્દર કુપ્રીન

કિસ્મત

બહુ જૂના વખતની આ વાત છે. એક નાનકડા પણ સમૃદ્ધ નગરમાં એક વેપારી રહેતો હતો. ગાલીચા, હાથીદાંત, મરીમસાલા અને ગુલાબના અત્તરનો એ ધંધો કરે. તીક્ષ્ણ બુદ્ધિ, સૌજન્ય, ધર્મનિષ્ઠા ને પ્રમાણિકતાથી, અને જે ઉદાહરણરૂપ રીતે એ વેપાર કરતો એથી, ચારેબાજુ ખૂબ માનપાન અને વિશ્વાસ એણે સંપાદન કર્યાં હતાં.

એક દિવસ એને એવી તક મળી કે સસ્તે ભાવે સુવર્ણચૂર્ણનો મોટો જથ્થો ખરીદી શકાય

અને એને મોંઘે ભાવે વેચી શકાય; જેથી એની મિલ્કતમાં એકસામટો ત્રણ ગણો વધારો થઈ જાય. પણ એમાં એને શરૂઆતમાં મોટી રકમ રોકવી પડે તેમ હતી; ને એ માટે બધી રોકડ રકમ તેમ જ કોઈને ઊછીની આપેલી રકમ ભેગી કરવી પડે, અને હાલનો બધો માલ એણે વેચવો પડે. ચારેય બાજુનો પૂરતો વિચાર કર્યા પછી એને લાગ્યું કે સુવર્ણચૂર્ણનો એ ધંધો હતો તો નફાકારક; ને નસીબ પાધરું ન હોય તો જ એમાં નુકસાન થાય. પરિણામે આ ધંધામાં એણે એની સઘળી મૂડી રોકવા નિશ્ચય કરી લીધો.

એક અઠવાડિયામાં તો એણે બધી જરૂરી સવલતો અને તૈયારીઓ કરી, અને ચતુર માણસને છાજે એ રીતે એણે એના કુટુંબના કોઈ સભ્યને એની ગંધ સરખી આવવા ન દીધી. ગુરુવાર રાતના શુભ મુહૂર્તમાં એણે એના મોટા પુત્રને કહ્યું: "તારે માટે એક ઘોડી તૈયાર કર, અને મારે માટે બાચકા સાથે ખચ્ચર તૈયાર કર!"

પિતાજીને સામું કંઈ પૂછ્યા વિના એમના હુકમને તાબે થવાની પુત્રને આદત હતી. પિતાજીએ આપેલી બે નાની ચામડાની થેલીઓ એણે જીનની બેય બાજુએ બાંધી દીધી. બેઉએ સારા શુકન માટે ખુદાની બંદગી કરી અને ઘેરથી નીકળી પડયા. પિતાજી આગળ હતા, અને પુત્ર સહેજ પાછળ રહીને અનુસરતો હતો.

એમને રસ્તેય નસીબની તરફદારી કરતો સિતારો આકાશમાં ચળકતો હતો. બધી લેવડદેવડ એટલી ઝડપથી ને નફાકારક રીતે પતતી હતી કે નસીબની આવી યારીથી વેપારી મુંઝાવા માંડયો. અજાણ્યા અનિષ્ટમાંથી ઊગરવા એના મોંમાંથી શબ્દો સરી પડતાં કે "જેવી તારી મરજી, અલ્લાહ! ખુદાતાલાને ગમ્યું એ ખરું!"

રસ્તે જતાં વેપારીને જાણવા મળ્યું કે ફ્રાંસના રાજકુમારના સ્પેન દેશની રાજકુમારી સાથેની શાદીને લીધે મોજશોખની બધી વસ્તુઓના ભાવ વધી ગયા છે. પરિણામે એનો માલ બધો ખૂબ નફાથી ચપોચપ ઊપડી ગયો. એના અંદાજથીય વધુ એને આવક થઈ. એના બધા દેણદારો પૈસાદાર અને સારા માણસો હતા. તેમણે બધી ઉધારીય તરત જ ભરપાઈ કરી આપી. રસ્તે જતાં કોઈ મુશ્કેલી કે આડખીલી એમને નડી નહીં.

ટૂંકમાં લેવડદેવડનું કામ પત્યું, એટલે પેલી સુવર્ણચૂર્ણ ખરીદવા બન્ને ઊપડયા સમુદ્ર કિનારાના પેલા સમૃદ્ધ નગરે. વેપારી આમ તો ખૂબ આનંદમાં હતો,

ને તોય એની દાઢીની વચ્ચેથી ક્યારેક આવા શબ્દો સરી પડતા : " ઈન્શા અલ્લાહ! જેવી અલ્લાહની મરજી!"

સુવર્ણચૂર્ણના નગરે પહોંચવામાં હવે એક દિવસની દડમજલ બાકી હતી. રસ્તામાં તેઓ એક સરાઈમાં જમવા અને રાત કાઢવા રોકાયા. પિતા એમની ટેવ મુજબ ચામડાની થેલીઓ લઈને સીધા કોફીખાનામાં ગયા, અને પુત્ર ઘોડી અને ખચ્ચરનાં જીન ઉતારી, એમને ચારો નીરવા ઘોડાર તરફ વળ્યો. પછી બન્ને હાથ મોં ધોઈ, નમાજ પઢી, જમવા બેઠા.

વાળુ હજી ચાલતું હતું ત્યાં તો ગંદા ચીંથરેહાલ લોકોનું ટોળું હોકારો કરતું સરાઈમાં ધસી આવ્યું. એમણે દારૂની બાટલીઓ મંગાવી. દારૂ ગટગટાવતાં એમણે ગીતોના રાગડા તાણ્યા અને ફરીથી ખૂબ દારૂ ઢીંચ્યો. આંખના પલકારામાં એમની વચ્ચે કંઈક બોલાચાલી શરૂ થઈ, અને પછી તો ધમાલ મચી પડી. ગાળાગાળી, બૂમરાણ, અને મારામારી સુધી વાત પહોંચી, છરી-ચાકાં ચમકી ઊઠયાં.

"હવે કંઈક અણછાજતું બનશે, ચાલ અહીંથી ભાગી છૂટીએ," ટેબલેથી ઊઠતાં વેપારીએ પુત્રને કહ્યું: "હું તને પલાણવામાં મદદ કરું છું."

રાતના ઘોર અંધકારમાં તેમણે ચૂપચાપ જલ્દી-જલ્દી ઘોડી અને ખચ્ચર પલાણ્યાં, રસ્તે પડયા અને પેલી સરાઈનો હોકારો બંધ થયો ત્યાં સુધી ઉતાવળે ઉતાવળે ભાગતા રહ્યા. પણ બધું શાંત થઈ ગયું, ત્યારે પિતાએ ઓચિંતું ખચ્ચર થોચાવીને જીનની ચારેબાજુ હાથ ફેરવી પુત્રને કહ્યું:

"અરે, ચાલ, આપણે પાછા જવું પડશે," આટલું કહેતાં એણે તરત જ ખચ્ચરને પાછું વાળ્યું; અને લાકડીથી ડચકારતાં વેપારી આગળ વધ્યો. પુત્ર એને અનુસર્યો.

સરાઈમાં આવીને એમણે કોફીખાનામાં ડોકિયું કરી, કાન માંડયા: જાણે કબર જેવી ચુપકીદી ફેલાઈ હતી. બત્તીઓ બળતી હતી, પણ કોઈ નજરે ચડતું નહોતું. સહેજ ઝીણી આંખે નજર માંડી તો મડદાં અને લોહીનાં ખાબોચિયાં દેખાયાં. સરાઈવાળા અને નોકરોનાં નામની બૂમનો કોઈ જવાબ ન મળ્યો. ટંટાફિસાદથી ગભરાઈને તેઓ સરાઈમાં કે બાજુના જંગલમાં સંતાઈ ગયા હોવા જોઈએ.

વેપારી ખચ્ચરની લગામ પુત્રને આપતોક અંદર ગયો, કોફીખાનામાં વાળુ કર્યું હતું એ ટેબલે પહોંચ્યો અને એકબાજુ નમીને જોયું. પિતાજી બેય ચામડાની

થેલીઓ ઉપાડતા અને ખભે નાંખીને પાછા વળતા પુત્રની નજરે પડયા. હવે આ યુવાન પુત્રને ભાન થયું કે ઉતાવળમાં પેલી થેલીઓ તો સરાઈમાં જ રહી ગઈ હતી!

વેપારી બહાર નીકળ્યો ત્યારે એણે એક હરફ઼ેય ન ઉચ્ચાર્યો. બન્ને થેલીઓ એણે જીન સાથે ફરીથી બાંધી, કૂદીને ખચ્ચર પર ચડયો, એને પેટે લાકડી મારી આગળ ચલાવ્યું.

સરાઈમાં સિપાઈ આવશે, પછી એમનું પગેરું કાઢતાં સિપાઈઓ આવીને એમની ધરપકડ કરશે; અને કાજી પાસે ખડા કરશે એની બીકે, તેઓ ક્યાંય સુધી ઉતાવળે ભાગતા રહ્યા. આ વિસ્તારના કાજીની તેને ખબર હતી: પકડાયેલો માણસ ગુન્હેગાર ભલે ન હોય, પણ એણે તો હોય એટલું બધું કાજીને ચરણે ધરવું પડતું.

સવારે તેઓ વૃક્ષોના ઝુંડની વચ્ચે એક નાનકડા ઝરણા પાસે થોભ્યા; વેપારીએ પુત્રને ઘોડીથી નીચે ઊતરી, પ્રાણીઓને એક ઝાડ સાથે બાંધવા જણાવ્યું.

સ્નાનાદિ પતાવીને તેણે પુત્રને કહ્યું: "પેલી થેલીઓ લઈને મારી પાછળ આવ."

ચાલતાં ચાલતાં તેઓ વૃક્ષોની વચ્ચેના એક ખુલ્લા ભાગમાં પહોંચ્યા. અહીં એમને કોઈ જોઈ શકે તેમ નહોતું. ચારેબાજુ જોઈ વેપારીએ પુત્રને કહ્યું:

"અહીં બેસીએ."

બન્ને ઘાસ પર બેઠા. પિતાએ બન્ને થેલીઓ ખાલી કરી, અને એમાંનાં હીરા, મોતી અને રત્નોના બે સરખા ભાગ કરવા માંડયા. દરેકના કદ અને કિંમત પ્રમાણે એના બબ્બે ઢગલા કર્યા. સોનાની લગડીઓ અને ધનિક મૂર વેપારીઓના લેણા રકમના રૂકકાઓનાય એમણે સરખા હિસ્સા કર્યા.

પછી વેપારીએ કહ્યું:

"તો આ બે સરખા ભાગ છે. એમાંથી એક તારો. જોઈએ તે લઈ લે એને થેલીમાં મૂકીને તારી ઘોડીના જીને બાંધી દે. અને પછી તુરત જ એના પર બેસી, આપણે આવ્યા એ રસ્તે પાછો જા. થોડી વારમાં ત્રિભેટો આવે ત્યારે ડાબી બાજુ વળજે—આપણા નગરમાં પહોંચવાનો એ સૌથી ટૂંકો રસ્તો છે. જા—તું હવેથી આપણા કુટુંબનો વડો છે. તને ઠીક લાગે એમ જીવજે, વહેવાર ચલાવજે. હું તને કોઈ સલાહ કે આશીર્વાદ હવે આપી શકું તેમ નથી. જા, અને પાછું વળીને જોતો નહીં. હું બસ હવે આમતેમ રખડીશ, કદાચ ક્યારેય પાછો નહીં આવું. જા, ઊપડ."

પુત્ર ચૂપચાપ સાંભળી રહ્યો. એણે સાષ્ટાંગ પ્રણામ કર્યા, જમીન ચુમીને પાછો વળ્યો. પછી ઘોડી પલાણીને જંગલના વૃક્ષોની પાર નીકળી ગયો.

વેપારી અને એના પુત્ર વિશે અત્યારે તો અમારે તમને આટલું જ કહેવાનું છે.

એક મોટી રાજસત્તાનું પાટનગર ખૂબ જાણીતું અને સોહામણું શહેર હતું. એમાં કોઈ મોટો ઉત્સવ ઉજવાઈ રહ્યો હતો. સવારથી જ બધા અપવાસ રાખતા — પછી ભલે એ દયાળુ ને શક્તિશાળી રાજા હોય કે ગરીબમાં ગરીબ મજૂર હોય. રાત્રે ઘોર અંધારું થાય, એટલે કે સુતરનો દોરો કાળો છે કે લાલ, એ જ્યારે દેખાતું બંધ થાય, ત્યારે એ અપવાસ છૂટે. તરસ લાગે, ત્યારે ચોખ્ખા પાણીની છાલક માત્ર મોં ઉપર મારવાની છૂટ હતી. પણ અપવાસ છૂટે ત્યારે બધાંને માંસની સ્વાદિષ્ટ વાનગીઓ, મિઠાઈઓ, ફળો અને જાતજાતની બીજી અનેક મનભાવતી ચીજો મિજબાનીમાં આરોગવા મળતી.

આ પ્રદેશમાં યુગોપુરાણો એક બહુ સરસ રિવાજ હતો. ગરીબો, અનાથો, એકલદોકલ વૃદ્ધો કે રાતવાસાનુંય ઠેકાણું ન હોય એવા રસ્તે રઝળતાં લોકોને દરેક કુટુંબની મિજબાનીમાં નિમંત્રણ અપાતું. ધનિકોના ભવ્ય પ્રાસાદો અને ગરીબોનાં ભાગ્યાંતૂટયાં ઝૂંપડાઓમાં પણ આ રિવાજ પાળવામાં આવતો.

સાંજની નમાજ મસ્જિદમાં પૂરી કરી અમે હજી બહાર નીકળતાં હતાં, ત્યાં આ નગરના એક ખૂબ સંમાનનીય અને આગેવાન નાગરિકને પોતાની આજુબાજુના મિત્રોને આમ કહેતા અમે સાંભળ્યા:

"દોસ્તો, મારી આટલી અરજ સાંભળો: રસ્તે રઝળતાં કે કોફીખાનામાં બેઠેલાં બધાં ગરીબગૂરબાંઓને મારે મહેલે લઈ આવો. એ બધાં જેટલાં નિર્બળ, ત્યજાયેલાં અને બેજાર હશે, એટલી મને વધુ ખુશાલી થશે."

આ વ્યક્તિની ધનદોલતનો કોઈ પાર નહોતો. એનાં મોટાં મોટાં કારવાં આખી પૃથ્વી ખૂંદી રહ્યાં હતાં, છેક મહાનદીના ઉપરવાસ સુધી. એનાં અનેક વહાણો દુનિયાના બધા સમંદરો ખેડતાં; આરસપહાણના એના મહેલો, ભવ્ય બગીચાઓ અને શીતળ ફુવારાઓ આંખો આંજી દેતા. અઢળક ધન સંપત્તિને લીધે એને ચારેકોર ખૂબ માનમરતબો મળતો; એનો દયાળુ, સત્યપ્રિય આત્મા અને ડહાપણ ચોમેર સ્નેહભાજનનું કારણ બન્યાં હતાં. એના તરફથી ગરીબોને દાનનો પ્રવાહ ચાલુ જ રહેતો. કોઈ કમનસીબ મિત્રની જરૂરતના વખતમાં એ બરાબર પડખે ઊભો રહેતો. જીવનની જટિલ બાબતો વિશેની એની સલાહ

એવી કિંમતી અને દીર્ઘદૃષ્ટિવાળી હોય કે "ફિરસ્તાનો ઓછાયો" કહેવાતો રાજા ખુદ એને સાંભળવા કાન માંડી રહેતો.

આ વ્યક્તિની વિનંતી સાંભળીને એના મિત્રોએ માથું નમાવીને એનું પાલન કરવા વચન આપ્યું.

એમાંથી એક મિત્રે કહ્યું:

"દયાળુ દોસ્ત, ગરીબોના રક્ષણહાર, હીરા-પારખુ! મારા નોકરોએ આજના પવિત્ર તહેવારે સ્નાનાગારેથી પાછા આવીને મને આ વાત કરી છે: સ્નાનાગારમાં એક અતિ વૃદ્ધ, ત્યજાયેલા, બેજાર વ્યક્તિ છે. આપણા આવા સમૃદ્ધ નગરમાંય ભિખારીઓનો તોટો નથી, ને તોય એવો ગરીબ માણસ કોઈએ હજુ સુધી જોયો નથી. એની પાસે હતાં ફક્ત ફાટેલાં જૂના જૂતાં, ચામડાની એક થેલી અને ચીંથરાનું પોટલું. આ વૃદ્ધ જ્યારે સ્નાન કરીને બહાર નીકળ્યો ત્યારે એની પેલી જીર્ણશીર્ણ થેલી અને જૂતાં કોઈ ઉઠાવી ગયું હતું. મને લાગે છે કે કોઈએ એમાંથી પાઈપૈસાના લોભથી નહીં, પણ મજાકમાં જ એની ચોરી કરી હોવી જોઈએ. વૃદ્ધના શરીરે હવે રહ્યાં છે ફક્ત ચીંથરા જેવા કપડાં! આ જોઈને ત્યાં હાજર હતા એ બધાં બહુ ગુસ્સે થયા, અને એમને બિચારા વૃદ્ધની દયા આવી ગઈ. પણ પેલા વૃદ્ધને નારાજી અને ક્રોધને બદલે આનંદ અને મસ્તીમાં આવી ગયેલ જોઈને, બધાંની નવાઈનો પાર ન રહ્યો. એણે બે હાથ ઊંચા કરી એટલી નિષ્ઠા અને આવેશમાં ખુદાતાલા અને નસીબનો આભાર માન્યો કે પ્રેક્ષકો આશ્ચર્યમાં ગરકાવ બની ગયા અને પાછા વળી ગયા. શાંતિના દૂત, આ વૃદ્ધની મારે ખાસ આપને વાત કરવી હતી. પણ એટલું ઉમેરું કે આ અજાણ્યો અતિથિ મને તો થોડો પાગલ પણ લાગે છે."

પણ પેલા નામાંકિત ધનવાને માથું હલાવતાં કહ્યું: "એ પાગલ છે કે સંત, એ તો આપણે જાણતા નથી. પણ દોસ્ત, બને એટલી ઝડપથી એને મારે ત્યાં લઈ આવો. આજની મિજબાનીમાં એ મારો સંમાનનીય અતિથિ હશે."

અને ક્યારની રાહ જોવાતી હતી એ સાંજ ઢળતાં, પાટનગરના એકેએક ઘરમાં બત્તીઓ ઝળહળી ઊઠી અને એના રસોઈ-ખાનાઓમાં સુગંધીદાર પુલાવ, સેકેલા માંસ, અને મરીમસાલાની ખુશબૂ જ્યારે હવામાં પ્રસરવા માંડી, ત્યારે પેલા વૃદ્ધ ભિખારીને આ ધનિક વ્યક્તિના મહેલમાં લાવવામાં આવ્યો. યજમાને સામેથી જઈને એને પ્રાંગણમાં જ આવકાર આપ્યો, ખૂબ માનથી એને ટેકો દીધો. અને મિજબાની માટે ભોજનખંડમાં લઈ આવ્યા. પછી આ વૃદ્ધને

ભોજનટેબલે સૌથી મહત્ત્વને સ્થાને બેસાડી, દરેક વાનીઓના સારામાં સારા ભાગ નોકરો પાસેથી લઈને એને પીરસ્યા.

વૃદ્ધના મોં ઉપર ફેલાતા સ્નેહ અને દયાના ભાવો જોઈને પ્રેક્ષકો આનંદથી ઝૂમી ઊઠયા. વૃદ્ધના શ્વેત કેશ અને ઉલ્લાસથી આનંદિત થઈ યજમાને પૂછ્યું:

"હે પિતાતુલ્ય, આપની કંઈપણ નાની કે મોટી ઇચ્છા હોય તો આદેશ આપો."

વૃદ્ધે સ્મિત વેરતાં કહ્યું:

"તારાં બધાં બાળકો અને એનાંય બાળકોને મારે આશિષ આપવા છે."

આ પ્રસિદ્ધ વેપારીના ચાર મોટા પુત્રો અને એના ત્રણ યુવાન પૌત્રોએ એક પછી એક આવીને માથું નમાવું, અને વૃદ્ધો દરેકને માથે હાથ ફેરવીને આશિષ આપી.

આ પુરાણો રિવાજ પતતાં યજમાનેય વૃદ્ધના આશિષ માગ્યા. એને અંતરની દુઆ દઈ, વૃદ્ધ એને છાતી સરસો લઈને ભેટયા, ગાલે અને માથે ચૂમીઓ લીધી.

લાગણીવશ થઈને ધનિક વેપારી ઊભો થયો, કહ્યું:

"પિતાતુલ્ય, હું એક સવાલ પૂછું તો માફ કરજો—પણ આમાં અમસ્તી જિજ્ઞાસા જ ફક્ત નથી. તમે આ ઘરમાં પગ મૂક્યો ત્યારથી હું તમને નીરખી રહ્યો છું, તમારા મોં પરથી મારી આંખો ઉઠાવી શક્યો નથી પણ ક્ષણેક્ષણે એ મને ખૂબ પરિચિત લાગ્યો છે. આપ ક્યારેય મને મળ્યા હોય એવું આપણે લાગે છે ખરું?"

"બેટા," વૃદ્ધે સ્નેહાળ સ્મિત વેરતાં કહ્યું: "હું તને માફ તો કરું જ છું, અને તને સામો સવાલ કરું છું: નાનકડા ઝરણાને કાંઠે વૃક્ષોની છાયા વચ્ચેનો ખુલ્લો ભાગ, એક ખચ્ચર અને એક ઘોડી, બે વ્યક્તિ—એક પિતા અને એક પુત્ર—જીને બાંધેલી બન્ને કોથળીઓમાં કિંમતી હીરા, મોતી અને સોનું, અને તેમણે પાડેલા બે સરખા હિસ્સા તને યાદ આવે છે?" તુરત જ વેપારીએ તો પેલા વૃદ્ધને સાષ્ટાંગ પ્રણામ કર્યાં, સામેની જમીન ચૂમી, અને ઊઠીને કહ્યું:

"મારા વ્હાલા પિતાજી, મહાન શક્તિશાળી અલ્લાહનો આભાર માનો કે એણે તમને અહીં મોકલ્યા. જુઓ, આ તમારું ઘર, આ હું ને મારાં બાળકો—બધાં તમારા ચરણની રજ સમાન છે."

ક્યાંય સુધી એ બન્ને એક બીજાને છાતી સરસા ભેટતા રહ્યા ને આનંદનાં આંસુ વહેવડાવતા રહ્યા. આ દૃશ્યથી પ્રેક્ષકોની આંખોય ભીની થઈ. પછી મીઠી શાંતિ પ્રસરી ત્યારે આ પ્રસિદ્ધ વેપારીએ એના પિતાને પૂછ્યું:

"પિતાજી, હવે તો મને કહો કે એટલાં વરસો પહેલાં એ સવારે આપણી સંપત્તિના ભાગ પાડી, ભલે કાયમને માટે નહીં, પણ આટલા વખત સુધી જુદા પડવાની તમને કેમ ઇચ્છા થઈ હતી?"

વૃદ્ધ વડીલે કહ્યું:

"તને યાદ હોય તો આપણે એ દડમજલ શરૂ કરી ત્યારથી બધે અપૂર્વ સારા નસીબનો જ અનુભવ થયા કરતો હતો. પણ ઈર્ષાળુ નસીબની બીકે મારા મોંમાંથી 'ઈન્શાલ્લાહ' વારે વારે નીકળી જતું હતું. અને પેલી સરાઈમાંય, આપણી દોલત ભરેલી થેલીઓ, જે બધાંએ જોઈ હતી, અને પણ જ્યારે કોઈએ હાથ સુદ્ધાં ન અડાડયો, ત્યારે મને લાગ્યું કે નસીબે હજી સુધી તો કોઈ કાળા માથાના માનવીની આટલી અભૂતપૂર્વ યારી કરી નથી. અને હવે અનેક કમનસીબી અને વેદના મારે સહેવી પડવાની છે. તને — મારા પહેલા ખોળાના પુત્રને — અને મારા પરિવારને આ ભાવિ દુ:ખમાંથી ઉગારી લેવા, મેં તારો ત્યાગ કરવાનું અને અવશ્યંભાવિ નસીબને મેં એકલાએ જ ભાગવી લેવાનું નક્કી કર્યું. પેલું કહ્યું નથી કે વાવાઝોડામાં ઝાડની નીચે આશરો તો કોઈ મુરખ માણસ જ લે, કારણ કે ઝાડતો વીજળીને આકર્ષે છે. આપણે છૂટા પડયા એ પછી મેં જે દુ:ખ અને તકલીફો વેઠી છે એ તું જો, ને પછી મને કહે કે મારું એ પગલું વાજબી હતું કે નહીં!"

બધા પ્રેક્ષકોએ વૃદ્ધના ડહાપણથી અને પરિવાર — પ્રેમથી પ્રભાવિત થઈ એને માથાં નમાવ્યાં.

પછી એક વૃદ્ધે અને સંમાનનીય મહેમાને પૂછ્યું:

"પણ તો પછી, કાકા, આજે તમારી માલિકીની રહીસહી ચામડાની ફાટેલી થેલી જ્યારે ચોરાઈ ગઈ ત્યારે તમને દુ:ખને બદલે આનંદ કેમ થયો હતો? આવા ગાંડાઘેલા સવાલથી ગુસ્સે ન થશો. પણ મારે એટલું તો જરૂર તમારી પાસેથી જાણવું છે."

વૃદ્ધે સ્નેહ ભર્યું સ્મિત વેરતાં કહ્યું: "બેટા, મને એ વખતે આનંદ એટલા માટે થયો કે હવે નસીબ મને પજવી પજવીને થાકી ગયું છે. ભિખારીની એટલી કમનસીબી અને બેજારીની કલ્પનાય તને આવે છે કે જેની ભીખ માગવાની ફાટેલી થેલીય કોઈ ચોરી જાય? ટૂંકમાં એથી વધુ બદનસીબી મારી હોઈ જ ન

શકે… અને જુઓ, હું સાચો હતો ને? એ જ દિવસે, મને મારો પુત્ર, પુત્રો અને એનાય પુત્રો મળ્યા કે નહીં, બોલો? અને હવે મારા છેલ્લા દિવસ સ્નેહ, આનંદ અને શાંતિથી હું પૂરા કરી શકીશ ને? હવે તો કોઈ બદનસીબીનો ઓછાયો મારે માથે પડશે એની બીક મારે નહીં રાખવાની ને?"

અને બધાં લોકોએ ફરી એકવાર એની સામે માથું ઝુકાવ્યું ને કહ્યું: "કિસ્મત!"



ઓગણીસમી સદીના સુવિખ્યાત રૂસી લેખકોની વાર્તાઓ અહીં સંગૃહીત છે. આ લેખકો છે: મહાન કવિ અલેક્સાન્દર પૂશ્કિન; ભાષાશાસ્ત્રી, દરિયાખેડું, લશ્કરી તબીબ, સમગ્ર રશિયાને ખૂંદનાર પ્રવાસી વ્લાદીમિર દાલ; તત્ત્વચિંતક અને સંગીતકાર વ્લાદીમિર ઓદોયેવ્સ્કી; પ્રખ્યાત શિક્ષણ-શાસ્ત્રી કોન્સ્તાન્તીન ઉશીન્સ્કી, વગેરે. અન્ય પ્રજાઓના કથાસાહિત્યમાં પણ રૂસી સર્જકોનો રસ ઓછો ઊતરે એવો નહોતો. મિખાઈલ લેર્મોન્તોવે કોકસૉઝ યુગમાંથી બાળકો માટે કથા ધરી છે; લેખક-પ્રવાસી ઈજનેર નિકોલાઈ ગારિને કોરિયાની લોકકથા પ્રયોજી છે; લેવ તોલ્સ્તોય અને અલેકસાન્દર કુપ્રીને પૌરસ્ત્ય ડહાપણ પેશ કરતી વાર્તાઓ રચી છે. અલબત્ત, એમની એ વિવિધ કથાઓમાં સત્ય અને કલ્યાણ, શ્રમનું ગૌરવ તથા વતનપ્રેમ નિરૂપાયાં છે.

વાચકોને

આ પ્રકાશન વિશે આપને જરૂરી લાગે તે ટીકાટીપ્પણો તથા સલાહસૂચનો આપ મોકલશો તો અમે આભારી થઈશું.

અમને આશા છે કે આપની માતૃભાષામાં રૂસી તથા સોવિયેત સાહિત્યનું વાંચન આપને અમારી જનતાની સંસ્કૃતિ અને જીવનરીતિનો વધારે ઊંડો પરિચય મેળવવામાં સહાયભૂત થશે.

'રાદુગા' પ્રકાશન
ઝૂબોવ્સ્કી બૂલવર, ૧૭
મોસ્કો, સોવિયેત સંઘ



RADUGA PUBLISHERS
MOSCOW